અવસાફક્યા બયાન હોં બારહ ઇમામ કે
શહકારે રબ હૈં, મોજિઝે ખૈરુલ અનામ કે
✵ હઝરત મુહિબ્બે મિલ્લત

## વ્હાલા વાંચક ભાઈઓ તથા બહેનો...

લોકોની વિચારધારા અને જીવન શૈલી સમય અને સંજોગો પ્રમાણે બદલાતી રહે છે. આધુનિક ટેકનોલોજીને કારણે પ્રિન્ટ મિડિયાનું સ્થાન સોશિયલ મિડિયાએ લીધું છે. કિતાબો ઓછી છપાય છે અને છપાયેલ કિતાબો ઓછી વેચાય છે અને વેચાયેલ કિતાબો ઓછી વંચાય છે. પરિણામે કિતાબોના વળતર સ્વરૂપે જે લાભ મળવો જોઇએ તે મળતો નથી. તેમ છતાં આલે નબી, ઔલાદે અલી, હઝરત મુહિબ્બે મિલ્લતના સાનિધ્યમાં કામ કરતી લોકપ્રિય સંસ્થા સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી, અવાર નવાર નાના-મોટા પુસ્તક પ્રગટ કરી, મફ્ત વહેંચણી કરે છે. તે ખૂબ જ દાદને પાત્ર તથા અભિનંદનની હકદાર છે. પ્રતિકુળ સંજોગોમાં પણ અનુકૂળ ખિદમત કરનાર આ સંસ્થાને તન-મન-ધન-ફન થી મદદ કરવી એક મહાન નેકી છે. સવાબે જારિયા કમાવાની અતિ સુંદર તક છે. માટે શક્યતાનુસાર વધુમાં વધુ ઇમદાદ, લિલ્લાહ, ઈસાલે સવાબની રકમ વગેરે મોકલી સહકાર આપશો. જો આપ દર વર્ષે ઝકાત કાઢો છો તો હકદારોને આપી, વધારાની રકમ અહીં-તહીં કે ભિખારીઓને આપવાના બદલે આ સંસ્થાને મોકલી પ્રોત્સાહિત કરવા અનુરોધ છે. ઓન-લાઇન પણ રકમ મોકલી શકો છો. અન્ય મદદગારોને પણ જાણ કરશો. રકમ વગેરે નીચે જણાવેલ રૂપાલના એડ્રેસ પર મોકલવી.


પ્રકાશક

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી
મુ. રૂપાલ, તા. બાવલા-૩૮૮૨૨૦
M. 98 244 50 194, 98 240 31 831


Copy Right Reserved

મદની પ્રિન્ટર્સ (અહમદાબાદ-૧) M. 93 28 786 92 0




અહલે બૈતના, અહલે સુન્નતના અને હિદાયતના

# બાર (૧૨) ઇમામ

(સંક્ષિપ્ત પરિચય)


સંપાદક

પીરે તરીકત સૈયદ દાદામિયાં
શમ્સુદ્દીન કાદરી
મુહિબ હૂદી હુસૈની (રૂપાલ)



પ્રકાશક

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી
મુ. રૂપાલ, તા. બાવલા-૩૮૨૨૨૦
જિ. અહમદાબાદ

૭૮૬/૯૨

યૌ-મ નદઊ કુલ-લ ઉનાસિમ બિ-ઇમામિહિમ
(સૂરે બની ઇસરાઈલ, આયત : ૭૧)
અર્થ : જે દિવસે બોલાવીશું અમે દરેક જમાઅતને પોતાના ઇમામની સાથે

**અહલે બૈતના, અહલે સુન્નતના અને હિદાયતના**

# બાર (૧૨) ઇમામ


♦ સંપાદક ♦
પીરે તરીકત સૈયદ હાજી દાદામિયાં શમ્સુદ્દીન કાદરી "મુહિબ"
ઠે. જીવાપુરા, મુ. રૂપાલ, તા. બાવલા-૩૮૨૨૨૦ જિ. અહમદાબાદ.

-: પ્રકાશક :-
**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**
મુ. રૂપાલ, તા. બાવલા-૩૮૨૨૨૦ જિ. અહમદાબાદ.



- **કિતાબનું નામ :** બાર (૧૨) ઇમામ
- **સંપાદક :** યાદગારે સલ્ફ, પેશ્વાએ ખલ્ફ, હકદારે સૌગાતે દુરૂદ, શહઝા-દએ સુલતાન હાજી હૂદ પીરે તરીક્ત, હઝરત મુહિબ્બે મિલ્લત,
  **સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી "મુહિબ"**
  મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ-૩૮૨૨૨૦.
- **પ્રકાશન વર્ષ :** માહે શાબાન, હિ.સ. ૧૪૪૬,
  ફેબ્રુઆરી ઈ.સ. ૨૦૨૫
- **ખિદમત સીરીઝ નં. :** ૩૮
- **હઝરત મુહિબ્બે મિલ્લત દ્વારા સંપાદિત કિતાબ નં. :** ૫૫
- **આવૃત્તિ :** પ્રથમ
- **પ્રત :** ૧૦૦૦
- **હદિયો :** એક વખત ધ્યાનથી જરૂર વાંચી જશોજી.
- **પ્રિન્ટેડ એન્ડ ડિઝાઇન બાય : મદની પ્રિન્ટર્સ**
  મિરઝાપૂર, અહમદાબાદ-૩૮૦૦૦૧.
  **(M. 93 28 786 92 0)**
- **પ્રકાશક : સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**
  મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ-૩૮૨૨૨૦.
  આ કિતાબ પ્રાપ્ત કરવા, પ્રકાશક (રૂપાલ)ના સરનામે સંપર્ક કરવો.

## ★ ૧૭ નુફૂસે કુદસિયહ ★





**ખુલ્ફા-એ રાશિદીન,**
**સૈયદુલ ઉમ્મતી**
**જન્નતી જન્નતી**
**જન્નતી જન્નતી**



**૭૮૬/૯૨/૧૧૦**

## ★ સંપાદક મહોદયના બે બોલ ★

**નહમદોહુ વ નુસલ્લી અલા રસૂલેહિલ કરીમ**

તમામ તારીફ, સઘળા વખાણ, યશોગાન, હમ્દો સના, પ્રશંસા અને બંદગી ફક્ત અને ફક્ત અલ્લાહ તઆલા માટે છે. જે તમામ સૃષ્ટિઓનો સર્જનહાર અને પાલનહાર છે.

અસંખ્ય દુરૂદો સલામ તે નબી, રસૂલ અને પયગમ્બર, હુઝૂર તાજદારે અંબિયા, સરવરે કાઇનાત, ફખ્રે મૌજૂદાત હુઝૂર અહ્મદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર અને આપની આલ-ઔલાદ પર, આપના અસ્હાબ પર, કે જેમના કારણે રબ તબારક વ તઆલાએ સમગ્ર સૃષ્ટિઓનું સર્જન કર્યું.

આ પુસ્તિકા “બાર (૧૨) ઇમામ” આપ સમક્ષ મૂકતાં ઘણીજ ખુશી અનુભવી રહ્યો છું. હિદાયતના આ રૂહાની રાહબરો, આપણા મુસ્લિમ સમાજ માટે સામાજિક અને રાજકિય માર્ગદર્શકો, કુર્આન અને સુન્નતના આદેશોનું પાલન કરનારા અને કરાવનારા, ઉમ્મતે મોહમ્મદિયા માટે મોહસિન બનીને આવનાર મહા પરોપકારી બુઝુર્ગોને કેમ ભૂલી જવાય.

વર્તમાનકાળ નિત નવા ફિત્નાથી ભરપૂર છે. નવા નવા ફિર્કાઓ જન્મ લઇ રહ્યા છે તો આવા કપરા કાળમાં ઈમાન અને અમલ બરબાદ ના થાય, ગુમરાહીથી બચવા માટેનો માર્ગ આપણા આકા હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ બતાવી ગયા છે કે કુર્આન અને એહલેબૈતનો દામન થામી લેવામાં આવે. તેમની તાલીમ પર અમલ કરવામાં આવે. તેમાંજ આપણી દુનિયા અને આખેરતની ભલાઈ છે.

હિદાયતના બાર (૧૨) ઇમામ એહલેબૈતમાંથી છે. તેમની મહોબ્બત વાજિબ છે. તેમની આછી ઓળખ આપવાનો આ એક નાનો પ્રયાસ છે. વાંચકોને, આશિકોને, ગમશે, પૂરી ઉમ્મીદ છે.

| | |
|---|---|
| **મુ. રૂપાલ,** | **ખાદિમે કોમ** |
| **તા. બાવલા,** | **સૈયદ દાદામિયાં એસ. કાદરી** |
| **જિ. અહમદાબાદ.** | **તા. ૧૩/૦૨/૨૦૨૫** |

## ★ સમયનો પોકાર છે આ કિતાબ... ★

રૂપાલના હર દિલ અઝીઝ અને સમગ્ર ગુજરાતના પ્રસિધ્ધ અને લોકપ્રિય લેખક, પીરે તરીકત હઝરત મુહિબ્બે મિલ્લત સૈયદ દાદામિયાં બાપુ 'મુહિબ' કાદરી હૂદી હુસૈની સાહેબે આજ સુધી લગભગ ૫૫ કિતાબો અને અન્ય અસંખ્ય પ્રકાશનો તથા લેખ સંપાદિત કર્યા છે. આપની વિશેષતા છે કે સમયને અનુરૂપ સાહિત્ય પ્રગટ કરવામાં આવે.

વર્તમાન સમયમાં મોટા ભાગના સુન્નીઓ એ ભ્રમમાં છે કે બાર ઇમામ તો શીઆ-રાફઝી લોકોના જ ઇમામ છે. એ વાત અલગ છે કે શીઆ, બાર ઇમામોને ખૂબ માને છે. પણ એ દીન અને સુન્નિયતના ઇમામ છે. ઇમામોના સરદાર હઝરત મૌલા અલી છે અને બાકીના અગિયાર ઇમામો આપની ઔલાદ છે. આલે અલી અને ઔલાદે ફાતિમા ઝહરા છે. આલે રસૂલ છે, સૈયદ-સાદાત છે. અંતિમ ઇમામ, હઝરત મેહદી સિવાય બાકી બધા જ ઇમામ શહીદ કરવામાં આવેલ છે. હઝરત મેહદીનું આગમન હવે, ક્યામત પહેલાં થશે.

આપણી બદનસીબી છે કે મોટા ભાગના આલિમોએ બાર ઇમામની હકીકત વિષે સૌને માહિતગાર કર્યા નથી. એટલે સુન્નીઓ તેમની અઝમતથી વંચિત રહ્યા છે. લેખક સાહેબે આ મુદ્દે બાર ઇમામોની જરૂરી જાણકારી, ખૂબ જ સંક્ષિપ્તમાં મઝારશરીફના ફોટા સહિત, રજૂ કરેલ છે. ઉપરાંત સમયાનુસાર થતા જલ્સામાં પઢવા માટે, બાર ઇમામોની મન્કબતના અશઆર પણ સંપાદિત કર્યા છે. આ નેક કામ સુન્નીઓ માટે ઉપકાર અને સદુપયોગી સાબિત થશે. સાથે સાથે, સહાબાએ કિરામની મહાનતા વર્ણવી સંપાદક મહોદયે, આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીનો અકીદો ઉજાગર કર્યો છે કે...

**એહલે સુન્નતકા હૈ બેડા પાર, "અસ્હાબે હુઝૂર...**
**...નજમ હૈં" ઔર નાવ હૈ ઇતરત રસૂલલ્લાહ કી**

**રજૂકર્તા : નિઝામ કુરૈશી 'અશરફ' અહમદાબાદી**
**M. 93 28 786 92 0**



## ★ બાર (૧૨) ઇમામની શાન ★

(૧) **ઇમામુલ મુર્સલીન હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ**
નબીયોંકે ખાસ ઇમામ તો ખૈરુલ અનામ હૈં
ઉમ્મતકે વાસ્તે મિલે બારહ ઇમામ હૈં

(૨) **ખાતૂને જન્નત બીબી ફાતિમા સલામુલ્લાહે અલૈહા**
અવ્વલ મકામે ગૌસિ-યતે કુબરા ઔર દિગર
આ'લા-તરીન મર્તબે ઝહરા કે નામ હૈં

(૩) **પહેલે ઇમામ મૌલા અલી કર્રમલ્લાહુ વજ-હહુલ કરીમ**
આગાઝે સિલસિલાએ ઇમામત અલીસે હૈ
જિનકે લિયે રસૂલે ખુદાકે સલામ હૈં

(૪) **દૂસરે ઇમામ હસન મુજતબા રદિયલ્લાહો અન્હો**
રુખ પર જમાલો નૂર ખુદાકા દિખાઈ દે
ક્યોં કે હસન શબીહે રસૂલે અનામ હૈં

(૫) **તીસરે ઇમામ હઝરત હુસૈન રદિયલ્લાહો અન્હો**
રબને દિયા મકામે શહાદત નબીકો યૂં
ઉનકા બદલ હુસૈન અલૈહિસ્સલામ હૈં

(૬) **ચોથે ઇમામ ઝૈનુલ આબેદીન રદિયલ્લાહો અન્હો**
યૂં ઝૈનુલ આબિદીનને ડાંટા યઝીદકો
અબ તક ભી થરથરાતે યઝીદી તમામ હૈં

(૭) **પાંચવેં ઇમામ મુહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હો**
હસની-હુસૈની, જિનકા લકબ બાકિરુલ ઉલૂમ
ઝીશાન બૂ-હનીફા ભી ઉનકે ગુલામ હૈં

(૮) **છઠ્ઠે ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હો**
હૈ જઅફર ઉર્ફે સાદિક ઇમામુલ મુહક-કિકીન
સાઇન્સદાંમેં ઐસો ઇમામોંકે નામ હૈં

(૯) **સાતવેં ઇમામ મૂસા કાઝિમ રદિયલ્લાહો અન્હો**
હમ-શકલ હૈં કલીમકે મૂસા એ કાઝમૈન
કુર્બે ખુદામેં આપ અઝીમુલ મકામ હૈં

**(૧૦) આઠવેં ઇમામ અલી રિઝા રદિયલ્લાહો અન્હો**
બેતાબ હોંગી જન્નતેં ઉનકે હી વાસ્તે
સૈયદ અલી રિઝાકે જો સચ્ચે ગુલામ હૈં

**(૧૧) નવમેં ઇમામ મુહમ્મદ તકી રદિયલ્લાહો અન્હો**
જો તીન દિનમેં તીસ હઝારોંકો દેં જવાબ
વો આઠ સાલકે તકી જવ્વાદ ઇમામ હૈં

**(૧૨) દસવેં ઇમામ અલી નકી રદિયલ્લાહો અન્હો**
જિનકા લુઆબ દે ગયા બહત્તર ઝબાંકા ઇલ્મ
કમસિન અલી નકી તો ઇમામે હુમામ હૈં

**(૧૩) ગ્યારહવેં ઇમામ હસન અસ્કરી રદિયલ્લાહો અન્હો**
હૈ લશ્કરે મલાઇકા, શાહ અસ્કરીકે સાથ
હાથોમેં ઉન્કે દીનકે સારે નિઝામ હૈં

**(૧૪) તાજદારે અવલિયા ગૌસે સમ્દાની રદિયલ્લાહો અન્હો**
શાહ અસ્કરીસે મહદી તલક ગૌસ હૈં અમીન
અલ્લાહકી તરફસે બખે ઈન્તિઝામ હૈં

**(૧૫) બારહવેં ઇમામ મુહમ્મદ મહદી રદિયલ્લાહો અન્હો**
સબસે અનોખી શાન હૈ ખત્મુલ ઇમામકી
ઈસા મસીહ હૈં મુક્તદી, મહદી ઇમામ હૈં

**✧ અઝ : નિઝામ કુરૈશી "અશરફ" અહમદાબાદી**

ચેહરે બતા રહે હૈં યે બારહ ઇમામ કે
સબ અક્સ બેમિસાલ હૈં ખૈરુલ અનામ કે
**✧ હઝરત શૈખુલ ઇસ્લામ**

ઔસાફ ક્યા બયાન હોં બારહ ઇમામ કે
શહકારે રબ હૈં, મોજિઝે ખૈરુલ અનામ કે
**✧ હઝરત મુહિબ્બે મિલ્લત**

એહસાન યે હુઆ હૈ રસૂલે અનામ કા
સીનેમેં ઇશ્ક હૈ મેરે બારહ ઇમામ કા
**✧ હઝરત એહસાને મિલ્લત**



## ★ અહલે સુન્નતકે બારહ ઇમામ ★

ઇસ ઉમ્મતે આસીકે મદદગાર રહેંગે
સરદારકી ઔલાદ હૈં, સરદાર રહેંગે

જબ તક કે **અલી** આપ ખરીદાર રહેંગે
હમ લોગ ગુલામે સરે બાઝાર રહેંગે

જન્નતકે જવાનોંકે ભી સરદાર **હસન** હૈં
સાલાર થે સાલાર હૈં સાલાર રહેંગે

કુર્બાન કિયે હૈં જો **હુસૈન** આપને સાથી
હર દૌરમેં હાદી, વહી કિરદાર રહેંગે

જો **આબિદે બીમાર**કો સમઝેં ન મસીહા
તા-ઝિંદગી વો ખારજી બીમાર રહેંગે

**બાકિર**કે ઘરાનેકે સિવા રોઝે ક્યામત
હર આસીકે ફિર કૌન તરફદાર રહેંગે

જો **જઅફરે** સાદિકકી સદા ખીર પકાએં
ખુશહાલ રહેંગે, ગુલે ગુલઝાર રહેંગે

જો લોગ બને **મૂસા-એ કાઝિમ**કે ગુલામાન
વો લોગ શફાઅતકે ભી હકદાર રહેંગે

ઇન્આમે ખલીફાકો જો ખાતિરમેં ન લાએ
હઝરત **રિઝા** ખુદ્દાર થે, ખુદ્દાર રહેંગે

કિસકો યે પતા થા કે ઇમામે **તકી જવ્વાદ**
બચપનસે હી ઇક સાહિબે દસ્તાર રહેંગે

હઝરત **નકી** ! ખુદ આપ વ શહઝાદે તુમ્હારે
તા-હશ્ર, દુરૂદોંકે ભી હકદાર રહેંગે

અગલોંને કહા થા કે હસન **અસ્કરી** હર પલ
મૌલા અલીકી, બનકે યે તલવાર, રહેંગે

**મહદી** જિસે ચાહેં ઉસે ફિરદૌસ દિલાએં
જન્નતમેં જદ ઇનકે હી તો સરદાર રહેંગે

તૂ સૈયદોંકે વાસ્તે હર ચીઝ ફિદા કર
આબાદ તેરા દીન વ ઘરબાર રહેંગે

ઉમ્મતકે લિયે પાઈ ઇમામોંને શહાદત
સાદાત હી ગમખ્વાર થે, ગમખ્વાર રહેંગે

હર દૌરમેં આએંગે બડે ઝલઝલે લેકિન
મઝહબકી યે થામે હુએ દીવાર રહેંગે

હર આશિકે હસનૈનકા, યે ફૈસ્લા સુન લો !
હર બાતમેં સાદાત હી મુખ્તાર રહેંગે

જો ફાતિમાકી આલકે કુછ કામ કરેગા
ઉસકે શફી તો સૈયદે અબરાર રહેંગે

ગુસ્તાખે અઈમ્મા હોં કે ગુસ્તાખે નબી હોં
સબ લોગ યે જન્નતસે તડીપાર રહેંગે

અલ્લાહકી રહમત હૈ ઉન્હીંકે લિયે "અશરફ"
જો બારહ ઇમામોંકે વફાદાર રહેંગે

**✧ નિઝામ કુરૈશી "અશરફ" અહમદાબાદી**

---

**એક મિસરેમેં ચાર ઇમામોંકા ઝિક્ર**

ડૂબેકા કાહે ડર એ "સૈયદ" ઇમામહુસૈન હૈં ઊ કે ખિવૈયા
ઇમામ હૈં આપ, ઇમામકે બાપ, ઇમામકે પૂત, ઇમામકે ભૈયા



## ★ અલ્લાહ તઆલાની ઈચ્છા ★

અલ્લાહ તઆલા કુર્આને પાકમાં પોતાની ઈચ્છા (આરઝૂ) પોતાના પ્યારા પયગમ્બર હુઝૂર તાજદારે અંબિયા હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સમક્ષ આ આયત દ્વારા રજૂ કરે છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે **"કુલ લા અસ અલુકુમ અલયહિ અજરન ઇલ્લલ મવદ્-ત ફિલ કુરબા"**

(સૂરે શૂરા, આયત : ૨૩)

અર્થ અલ્લાહ તઆલા તેના વ્હાલા નબી, અમારા આકા અને મૌલા, હુઝૂર પુરનૂર મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને સંબોધીને ફરમાવે છે કે હે ! મારા મહેબૂબ ! આપ કહી દો, ફરમાવી દો કે હું કંઇજ વળતર, અજર, બદલો માંગતો નથી પણ મારા કરાબતદારો, ઘરવાળા, મારી આલ-ઔલાદથી મવદ્-ત કરો.

આ આયતના તરજુમા-ભાષાંતરને ધ્યાનથી સમજવાની જરૂર છે. પહેલા તો ક્યા કામનું અજર (વળતર) બદલો તે સમજીએ. આ કામ, ખિદમત, સેવા, જવાબદારી એ છે કે અમારા આકા સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે નબી તરીકેની નબુવ્વતની જે ખિદમત અંજામ આપી, અને તે કામ પરિપૂર્ણ કરવામાં જે તકલીફો અને મુસીબતોનો સામનો કરવો પડ્યો તે બાબત એક અલગ વિષય છે તેના પર એક કિતાબ લખી શકાય તેમ છે. ટૂંકમાં દુનિયાવાળાને ઇસ્લામ અને ઈમાનની અનમોલ દૌલત અતા કરી તેનો અજર-બદલો મહેનતાણું નથી જોઇતું પણ તમે મારા ઘરવાળા એટલે મારા અહલેબૈત, આલે રસૂલથી મવદ્-ત કરો (ખૂબ મહોબ્બત, સાચી મહોબ્બત કરો) અલ્લાહ તઆલાની આ ઇચ્છા

છે. તે તેના મહાન રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર ફરમાન મોકલીને જાહેર કરી.

કુર્આનશરીફમાં અલ્લાહ તઆલાનું આ ફરમાન નાઝિલ થતા સાબિત એ થઈ ગયું કે અલ્લાહના આખરી નબી હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઉમ્મત પર નબીના ઘરવાળા, અહલે બૈત, આલે રસૂલની મહોબ્બત લાઝમી થઈ ગઈ. સુન્ની હનફી મુસલમાનો ઉપર, ઇમામે આઝમ હઝરત અબૂહનીફા રદિયલ્લાહો અન્હો એ હુઝૂરના ઘરવાળાની મહોબ્બતને વાજિબ કરાર આપી છે, જ્યારે હઝરત ઇમામ શાફઈ રદિયલ્લાહો અન્હો એ ફર્ઝ કરાર આપી છે. સારાંશ કે અમને અલ્લાહના હબીબ તરફથી જે નેઅમતો મળી તેનો તો કોઈ બદલો માંગ્યો નથી પણ અલ્લાહ તઆલા ચાહે છે, ઇચ્છે છે, નબીની આલ-ઔલાદથી મહોબ્બત કરવામાં આવે. એટલે સાદાતે કેરામની મહોબ્બત ઉમ્મત પર વાજિબ છે. આ અલ્લાહ તઆલાનું ફરમાન છે.

જે અમલ, કામ સુન્ની હનફી મુસ્લિમો માટે વાજિબ બની ગયું હોય તેની ફઝીલત કેવી હશે, તે વિચારવા જેવી બાબત છે. બન્ને ઈદની નમાઝ વાજીબ છે તે અદા કરવા માટે આપણે જે તત્પરતા દર્શાવીએ છીએ એ જોવા જેવી હોય છે. ઇશામાં વિત્તર વાજિબ છે તે કદી છોડતા નથી તો પ્યારા સુન્ની ભાઈઓ અહલેબૈતથી મહોબ્બત પણ વાજિબ છે. આ વાજિબની આપણે કેટલી ચિંતા કરીએ છીએ ?

આમ લોકોને ઈલ્મ ના હોય અને ખબર ના પડતી હોય પણ કેટલાક મુકર્રિરી, ઉલ્મા, ઇમામો તેમના બયાનમાં આ વિષયને કેમ ભૂલી જાય છે. તે બાબત ચિંતાજનક છે. અલ્લાહ તઆલાના આખરી નબી, અમારા આકા અને મૌલા હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે "ખુત્બએ હુજ્જતુલ વિદાઅ"ના



મૌકા પર સહાબાઓની સમક્ષ જે ઐતિહાસિક ખુત્બો આપ્યો, જેનું મહત્વ ઉલ્મા સારી રીતે જાણે છે. છતાં આજે સૂરજ જેવી સ્પષ્ટ હકીક્ત પર ઢાંકપિછોડો કરવાની નિષ્ફળ કોશિશ કરવામાં આવે છે.

આખરી હજના મૌકા પર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે પોતાની નૂરાની જબાન મુબારકથી સાફ શબ્દોમાં કહ્યું હતું કે હું મારી પાછળ બે વજનદાર વસ્તુ મૂકતો જાઉં છું. જ્યાં સુધી તે બન્નેનો દામન પકડી રાખશો ત્યાં સુધી તમને કોઈ ગુમરાહ નહીં કરી શકે, તેમાં એક છે, અલ્લાહની કિતાબ કુર્આન અને બીજી મારી ઇતરત એટલે મારી ઔલાદ, મારા ઘરવાળા. આ ફરમાન જારી કરવા પાછળનો આશય એજ હતો કે ઉમ્મતે મોહમ્મદિયા સિરાતે મુસ્તકીમથી ભટકીને ગુમરાહ ન થઈ જાય.

ઉમ્મતની ભલાઇ માટે હંમેશા ચિંતામાં રહેતાં, આખી આખી રાત દુઆમાં રડતાં, અમારી ભલાઈ માટે, અમારી નજાત માટે રાત દિન ફિકરમાં રહેનાર અમારા મોહસિને, ગુમરાહીથી બચવાનો રસ્તો બતાવી દીધો કારણ એ પણ હતું કે આપ આખરી નબી છે. નબુવ્વત આપ પર ખત્મ છે હવે ક્યામત સુધી કોઈ નબી આવશે નહીં એટલે મારી ઉમ્મત ગુમરાહ ના થાય માટે તેમને તેનાથી બચવાનો ઉપાય બતાવી દીધો.

ગુમરાહી (પથભ્રષ્ટ થઈ જવું) થી બચવા માટે કુર્આનેપાક અને અહલેબૈત નો દામન પકડવાનું કહ્યું. માણસ એનું દામન પકડે છે જેને તેનાથી મહોબ્બત હોય છે. જ્યાં સુધી મહોબ્બત ના કરે ત્યાં સુધી દામન પકડવાનો વિચાર જ નકામો છે. એહલેબૈતથી મહોબ્બત કરવા માટે તો ફરમાને ઈલાહી આપણી આગળ જોઈ ગયા. મહોબ્બત કરશે તેજ દામન પકડશે. એટલે કે તેમની ઇતાઅત

કરશે, ફરમાબરદારી કરશે. અહલેબૈત અને કુર્આનની ફરમાબરદારી નજાતનું, બક્ષિસનું કારણ છે. માણસ જેનાથી મહોબ્બત કરે છે તેના નકશે કદમ પર ચાલે છે.

દાખલો જોવો હોય તો, નમૂનો જોવો હોય તો, મિસાલ જોવી હોય તો ચાલો સુન્નીઓના ઇમામ, આલા હઝરત મૌલાના અહ્મદ રઝાખાન ફાઝિલ બરેલ્વી રહ્મતુલ્લાહ અલયહની પાસે જઇએ અને અહલેબૈતની મહોબ્બત શું છે, તેમનો અદબ શું છે, તેમની તાઝીમ શું છે, તે કહીને નહીં પોતે અમલ કરીને બતાવે છે.

આ હકીકત જગજાહેર છે કે ઇમામે અહલે સુન્નત આલા હઝરત મૌલાના અહ્મદ રઝાખાન રહ્મતુલ્લાહ અલયહે એક ગરીબ, મજદૂર, અનપઢ આલે રસૂલ (સૈયદ)ની પાલકી ભર બજારમાં પોતે ઉપાડી હતી અને દુનિયાવાળાઓને બતાવી દીધું કે આલે રસૂલ (સાદાત)નો મકામ કેટલો બુલંદ છે કે પોતાના સમયના મુજદ્દિદ પણ તેમની તાઝીમનો હક અદા કરવામાં કોઈ શરમ જરા પણ મહેસૂસ નથી કરતા ! સુબ્હાનલ્લાહ!

**અઝમત તો આપ દેખો મુહમ્મદકી આલકી**
**અહમદ રઝા ઉઠાતે હૈં સૈયદકી પાલકી**
**❖ ઇમામુદ્દીન 'અખ્ઝર' કુરૈશી**

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી રહ્મતુલ્લાહ અલયહે જેની પાલકી ઉપાડી હતી તે સૈયદઝાદા કોઈ મોટા આલિમ ન હતા. કોઈ મુત્તકી પરહેઝગાર ન હતા. ફક્ત તે સૈયદ એટલે આલે રસૂલ હતા. નિસ્બતે રસૂલના કારણે આપે તેમનો અદબ કર્યો હતો. શાયરે સરસ કહ્યું છે કે,

**આયતે તતહીરસે કૌલે ખુદાસે પૂછીએ**
**શાને અહલેબૈતે અત્હર કરબલા સે પૂછીએ**



**એક અનપઢ, બેઅમલ, મજદૂર સૈયદકા મકામ**
**દીનો મિલ્લત કે મુજદ્દિદ પેશવાસે પૂછીએ**
**ગૌસે આઝમકા ઘરાના, મખ્ઝને ઇલ્મો અમલ**
**ઉન્કી અઝમત ક્યા કહૂં, અહમદ રઝા સે પૂછીએ**

આજકાલ આપણે "મસ્લકે આલા હઝરત ઝિંદાબાદ"ના નારા તો ખૂબ લગાવીએ છીએ પણ કદી વિચાર કર્યો કે "મસ્લકે આલા હઝરત" શું છે ? આ'લા હઝરતનો માર્ગ, આપનો તરીકો, આપની રીતભાત એજ આપનો મસ્લક છે, જે ઇમામે આઝમ અબૂહનીફા રદિયલ્લાહો અન્હોનો છે. આ'લા હઝરત, આપ હંમેશા પોતાને "સુન્ની હન્ફી કાદરી" લખતા હતા. આપ હંમેશા હન્ફી મસ્લક મુજબ ફત્વા આપતા હતા અને અમલ પણ કરતા હતા, એજ હન્ફીઓના ઇમામ હઝરત અબૂહનીફા રદિયલ્લાહો અન્હોએ આલે રસૂલથી મહોબ્બતને વાજિબ કરાર આપી છે. આ વાજિબ અદા કરવામાં આપણે કેટલા પાબંદ થયા છીએ ? આજે તો આપણને સૈયદના હાથ ચૂમવામાં પણ શરમ આવે છે. આપણા દિલ પર હાથ રાખીને પૂછો કે શુ અમો સુન્ની હનફી છીએ ખરા ?

શાને અહલેબૈત, શાને પંજતન, શાને શોહદાએ કરબલા અને શાને હિદાયતના ૧૨ (બાર) ઇમામ ને જાહેર કરવામાં, આપનો પરિચય આપવામાં, આપની ફઝીલત અને મર્તબો બતાવવામાં કેમ પાછી પાની કરવામાં આવે છે ? આ બાબતને ધ્યાને લઇ આજે હિદાયતના, અહલેબૈતના, અહલે સુન્નતના જે ૧૨ (બાર) ઇમામ છે. તેમનો ટૂંકો પરિચય આપવાની કોશિશ કરી છે જેથી કરીને આપણી નવી પેઢીને પણ બાર ઇમામ કોણ હતા તેની જાણકારી મળી રહે. એજ આશયથી આ નાનકડી પુસ્તિકા સંપાદિત કરી છે. આશા છે કે આશિકે આલે રસૂલને જરૂર પસંદ પડશે. ઇન્શાઅલ્લાહ!

હિદાયતના આ ૧૨ (બાર) ઇમામ આલે રસૂલ છે. અહલે બૈત છે. અહલે બૈત સિવાય કોઈ આ ૧૨ ઇમામમાં દાખલ નથી. આ ઇમામો આલે નબી છે. ઔલાદે અલી છે. ઇમામત, વિલાયત, રૂહાનિયતના સાચા સ્રોત ગણાય છે. આ બાર (૧૨) ઇમામોમાં, અગિયાર (૧૧) થઇ ગયા અને ૧૨ માં ઇમામ આવવાની ઘણીવાર છે. જેમને હઝરત ઇમામ મેહદી તરીકે ઓળખવામાં આવે છે. તે કેયામત પહેલા તશરીફ લાવશે.

આ બાર (૧૨) ઇમામનો ફૈઝાને રૂહાની આજ સુધી જારી છે અને કેયામત સુધી અને રબ ચાહે ત્યાં સુધી જારી રહેશે.

ઇમામે અહલે સુન્નત, આલા હઝરત મૌલાના અહમદ રઝાખાન રહમતુલ્લાહ અલયહ કાદરી સિલસિલામાં મુરીદ બન્યા હતા. આપના પીરે જે શજરએ તરીક્ત અતા કર્યો છે તે શજરાએ આલિયા કાદરિયહમાં આ ૧૨ (બાર) ઇમામ માંથી ૭ (સાત) ઇમામના નામ મુબારક પીરાને તરીક્ત તરીકે છે. આજે સિલસિલાના તમામ મુરીદો એ મુબારક નામના વસીલાથી દુઆ માંગે છે. તે સાત નામ ક્યા છે તે પણ જોઈ લો (૧) હઝરત મૌલા અલી રદિયલ્લાહો અન્હો (૨) હઝરત ઇમામહુસૈન રદિયલ્લાહો અન્હો (૩) હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો (૪) હઝરત ઇમામ મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હો (૫) હઝરત ઇમામ જાફર સાદિક રદિયલ્લાહો અન્હો (૬) હઝરત ઇમામ મૂસા કાઝિમ રદિયલ્લાહો અન્હો (૭) હઝરત ઇમામ અલી રઝા રદિયલ્લાહો અન્હો. હિદાયતના બાર (૧૨) ઇમામો પૈકી આ સાત ઇમામ ના મુબારક નામ કાદરી સિલસિલાના શજરએ તરીક્તમાં મૌજૂદ છે. જેઓ ઇમામે અહલે સુન્નત આલા હઝરત મૌલાના અહેમદ રઝાખાન રહમતુલ્લાહ અલયહના પીરો મુરશદના પણ જદ્દે અમજદ (બાપ-દાદા) થાય છે. જેમના ફૈઝાનથી ખુદ આ'લા હઝરત ફૈઝયાબ થયા છે.



અફસોસ સદ્ અફસોસ ! આજકાલ (વર્તમાન) માં જો કોઈ આલિમે દીન, પીરે તરીક્ત, સાદાત અગર અહલેબૈત, આલે રસૂલ, પંજતને પાક, બાર ઇમામની શાન બયાન કરે, મૌલાએ કાઈનાત હઝરત અલી શેરેખુદા રદિયલ્લાહો અન્હોની ફઝીલત કે ઝિક્ર બયાન કરે તો સાચા અને પાકા સુન્નીઓ ઉપર આજના કહેવાતા ફક્ત નામના મૌલ્વીઓ શીઆ હોવાના ફત્વા લગાવે છે ! કેટલી દુ:ખની વાત છે. આ તેઓ પોતાના ઇલ્મની નહીં પણ જહાલતનું પ્રદર્શન કરે છે. જેમની ફઝીલત, જેમની પાકી, જેમની સખાવતની તારીફ અલ્લાહના ક્લામ કુર્આનેપાક્માં થતી હોય તેવા નબીના ઘરવાળાઓની શાન શું છે. આયતે તતહીરમાં જુઓ, આયતે મુબાહેલામાં જુઓ, આયતે અજરમાં જુઓ, જેમની તારીફ કુર્આનમાં અલ્લાહ તઆલા કરે છે એટલે કે અહલેબૈતની તારીફ કરવી સુન્નતે ઇલાહી સાબિત થાય છે. મહાન સુન્ની આલિમ અને આશિકે અહલે બૈત એ બહુ સરસ પોતાના કસીદામાં કહ્યું છે કે,

**ઉનકી પાકીકા ખુદાએ પાક કરતા હૈ બયાં**
**આયતે તતહીર સે ઝાહિર હૈ શાને અહલેબૈત**
**ઉનકે ઘરમેં બે-ઇજાઝત જિબ્રાઈલ આતે નહીં**
**કદ્રવાલે જાનતે હૈં કદરો શાને અહલેબૈત**

નિર્દોષ સુન્નીઓ પર 'શીઆ'નો ફતવો લગાડનારા જરા પોતાની જાત તપાસ કરી લે. પોતે કોણ છે. કઈ જમાતના ઇશારા પર કુદી રહ્યા છે. હદીસે પાક્માં છે કે "જે પોતાને નથી ઓળખતો તે ખુદાને પણ નથી ઓળખી શક્તો."

અહલે બૈતે અત્હારના દુશ્મનો એટલે ખારજીઓએ ફરીથી માથુ ઉચક્યું છે. સુન્નીઓમાં સુન્નીનો વેશ ધારણ કરીને સુન્નતોના પ્રચારના ઓથા પાછળ પોતાનો મન્સૂબો પાર પાડવા કેટલાક જાહિલ કેટલાક ભોળા અને મહદઅંશે અમારા નવજુવાનોને ભરમાવી રહ્યા

છે. ગુમરાહી ફેલાવી રહ્યા છે. અહ્‌લેબૈતની શાન વિરૂદ્ધ બક્વાસ કરવામાં પાછા નથી પડતા. ભોળા ભલા દીનથી બેખબર સુન્નીઓને પોતાની તરફ આકર્ષવા, જલ્સએ ગૌસે આઝમ કે જશ્ને ગરીબનવાઝના નામના પરચા છપાવી માણસો ભેગા કરીને પોતાનો મકસદ રજૂ કરે છે તે પ્રોગ્રામમાં ગૌસેપાક વિશે કે ગરીબનવાઝ વિશે કશું જ બોલતા નથી. આવા છુપા ખારજીઓથી ચેતતા રહેવું જરૂરી છે. ઈમાન બચાવવું જરૂરી છે.

ઈમાનની હિફાઝત માટે ગુમરાહીથી બચવું જરૂરી છે. અને તેનો ઉપાય અમારા આકા મોહસિને કાઈનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બતાવી ગયા છે. તે ઉપાય એ છે કે અલ્લાહની કિતાબ કુર્આનેપાક અને હુઝૂરના અહ્‌લેબૈતનો દામન મજબૂતીથી પકડવામાં આવે તો અમને કોઈપણ ચાલબાજ ગુમરાહ કરી શક્તો નથી. માટે પ્યારા સુન્ની ભાઈઓ, આવો હુઝૂર તાજદારે અંબિયા હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના આદેશ પર અમલ કરીને આપણી દુનિયા અને આખેરત બન્ને સુધારીએ આવો એહલેબૈતના, અહ્‌લે સુન્નતના, હિદાયતના ૧૨ (બાર) મહાન ઇમામો વિશે જાણકારી મેળવીએ. તેમનાથી મહોબ્બત અને સાચી અકીદત પૈદા કરીએ. તેમના બતાવેલા માર્ગ પર ચાલીએ. જેમા અલ્લાહ તઆલાની અને રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની રઝામંદી છે.

**સર દર પર સૈયદ કે ઝુકાના સબકે બસકી બાત નહીં**
**આલે નબીકે નાઝ ઉઠાના સબકે બસકી બાત નહીં**
**ખૂને શહે કૌનેનકી નિસ્બત, ફઝલે ખુદાસે મિલતી હે**
**ઐસા મિલે પાકીઝા ઘરાના, સબકે બસકી બાત નહીં**



*સિમ્તે કિબ્લા અલી અલી બોલે, હર મુસલ્લા અલી અલી બોલે*
*જબ અલી કા'બે મેં હુએ પૈદા, તબસે કા'બા અલી અલી બોલે*




| | | |
|---|---|---|
| નામ | : | અલી |
| લકબ | : | મુર્તુઝા, અ-સ-દુલ્લાહ, હૈદરે કર્રાર, સૈ-યદુલ અરબ, શેરે ખુદા, મુશ્કિલ કુશા, મૌલા અલી, ફા-તહે ખૈબર, ખૈબર-શિકન, બાબુલ મદી-નતુલ ઇલ્મ, અમીરુલ મો'મિનીન, ખલી-ફતુલ મુસ્લિમીન |
| કુન્નિયત (અટક) | : | અબૂલ હસન, અબૂ તુરાબ |
| પૈદાઈશ | : | બરોઝ જુમ્આ, ૧૩ રજબ (૧૭ માર્ચ ઈ.સ.૫૯૯) સનઃ આમ્મુલ ફીલકે ૩૦ સાલ બાદ (હિ.સ. કે ૨૩ સાલ પહેલે) |
| પૈદાઈશગાહ | : | કા'બાશરીફ કે અંદર, મક્કાશરીફ |
| વાલિદ | : | ઇમરાન ઉર્ફે અબૂ તાલિબ |
| વાલિદા | : | ફાતિમા બિન્તે અસદ |
| ઉમ્ર | : | ૬૩ સાલ |
| ઔલાદ | : | ૨૭ |
| વિસાલ | : | ૨૧ રમઝાન હિ. ૪૦ (૨૭ જાન્યુઆરી) |
| મઝારશરીફ | : | નજફ અશરફ, ઈરાક |

## ★ શાને મૌલા અલી ★

### કર્રમલ્લાહો વજહહુલ કરીમ

(૧) શાહે મરદાં, શેરે યઝદાં, કુવ્વતે પરવરદિગાર
લા ફતાહ ઇલ્લા અલી, લાસૈફ ઇલ્લા ઝુલફિકાર

(૨) ખામોશ હૈ તો દીનકી પહચાન અલી હૈ
ગર બોલે તો લગતા હૈ કુર્આન અલી હૈ
કુર્આન તો દેતા હૈ હમેં દાવતે ઈમાં
ઈમાન યે કહતા હૈ મેરી જાન અલી હૈ

(૩) મુશ્કિલકો મેરી ટાલિએ મુશ્કિલ-કુશા અલી
ચશ્મે કરમસે દેખિએ મુશ્કિલ-કુશા અલી
ચિશ્તી હો, કાદરી હો, કોઈ ઔર સિલસિલા
સબકે ઇમામ હો ગએ મુશ્કિલ-કુશા અલી

(૪) અતા અલીકો લકબ બૂ-તુરાબ હોતા હૈ
અલી કે ચેહરે કો તકના સવાબ હોતા હૈ

(૫) મકસૂદ મંઝિલોં પે નિશાના અલીકા હૈ
સફફાફ આઈના-સા ઘરાના અલીકા હૈ
પૈદા હુવે હૈ ખા-નએ કા'બામેં મુર્તુઝા
અલ્લાહસે તો રિશ્તા પુરાના અલીકા હૈ

(૬) બગૈર હુબ્બે અલી મુદુઆ નહીં મિલતા
ઇબાદતોં કા ભી હરગિઝ સિલા નહીં મિલતા
ખુદા કે બંદો ! સુનો ગૌર સે, ખુદાકી કસમ !
જિસે અલી નહીં મિલતે, ઉસે ખુદા નહીં મિલતા

(૭) દિલમેં અલી અલી હૈ, ઝુબાં પર અલી અલી
આંખોમેં ઉન્કા જલ્વા હૈ, સર પર અલી અલી
બખ્શિશ ઉસીકી હૈ જિસે કલ્મા નસીબ હો
મૈં જાઊંગા બહિશ્તમેં પઢકર અલી અલી



## ★ સિક્કા રવાં અલીકા ★

ગાલિબ હૈ સરકશોં પર દસ્તે તવાં અલીકા
માને હુવે હૈ લૌહા ખુદ આસમાં અલીકા

કૌનેનમેં ચલન હૈ હર સૂ અયાં અલી કા
દૌનોં જહાંન મેં હૈ સિક્કા રવાં અલીકા

ઊંચા હૈ આસ્માં કી છતસે મકાં અલીકા
હૈ કાઇલે મરાતિબ, હર અહલે શાં, અલીકા

યેહ ભી જહાં અલીકા, વોહ ભી જહાં અલીકા
હર શય યહાં અલીકી, સબ કુછ વહાં અલીકા

રસ્મે મોહમ્મદી હૈ ખુલ્કે મોહમ્મદી હૈ
તર્ઝે અમલ અલીકી, હુસ્ને ગુમાં અલીકા

તૌહીદકી ઝલક હૈ હુસ્ને દુરે નજફ મેં
ગંજી-નએ હકીકત, હૈ આસ્તાં અલીકા

હમ રાઝે મુસ્તફા હૈં, દમ સાઝે મુસ્તફા હૈં
સાની હૈ દો જહાં મેં કોઈ કહાં અલી કા

આતી હૈ યાદ પૈહમ દિલમેં મેરે અલી કી
રહતા હૈ નામ, હરદમ, વિર્દે ઝુબાં, અલીકા

જા-એ તવાફે આશિક, દેહલીઝ હૈ અલીકે
સદ કા'બએ તમન્ના, હૈ આસ્તાં અલીકા

કશ્કોલે ફુક્ર લેકર અહલે તરીક આએં
ગન્જી-નએ હકીકત હૈ આસ્તાં અલીકા

તકસીમ જબ ખુદાને સુલ્હાકો નેમતેં કીં
દીવાને આમ ઠેહરા, બાગે જહાં અલીકા

વાકિફ હૈં 'ફખ્ર' સે હમ, સુન્ની હૈ, કાદરી હૈ
શીઆ નહીં હૈ લેકિન હૈ મદહ-ખ્વાં અલીકા

✧ હઝરત ફખ્રે ગુજરાત સૈયદ ફખરુદ્દીન 'ફખ્ર' કાદરી અહમદાબાદી

# મૌલા અલી રદિયલ્લાહો અન્હોની ફઝીલત હદીસની રૌશનીમાં

(૧) મોહમ્મદ બિન મન્સૂરનું બયાન છે કે મેં હઝરત અહમદ બિન હંબલ રદિયલ્લાહો અન્હોને એવું કહેતા સાંભળ્યા છે કે રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સહાબાઓમાં કોઈની પણ એટલી ફઝીલત હદીસોમાં જોવા મળી નથી જેટલી મૌલા અલી રદિયલ્લાહો અન્હોની ફઝીલત હદીસોમાં જોવા મળે છે.

**✧ અલ મુસ્તદરક, તારીખે મદીના વ દમિશ્ક, ઇબ્ને અસાકિર**

(૨) હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ રદિયલ્લાહો અન્હો કહે છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે હઝરત અલી રદિયલ્લાહો અન્હો જેટલી ફઝીલત કોઈ મેળવી શક્યો નથી. તેઓ સાથીઓને હિદાયત કરે છે અને તેમને હલાક્ત થવાથી બચાવે છે.

**✧ અલ મૌજમુલ અવસત, તિબરાની, તિબરી**

(૩) હઝરત અહમદ બિન હંબલ રદિયલ્લાહો અન્હો અને ઇસ્માઈલ બિન ઇસ્હાક કાઝી રદિયલ્લાહો અન્હોનું કહેવું છે કે કોઈપણ સહાબીના ફઝાઇલ એટલા ઉમદા બયાન થયા નથી જેટલી રિવાયતોથી હઝરત અલી ઇબ્ને અબી તાલીબ રદિયલ્લાહો અન્હોના ફઝાઈલ બયાન થયા છે.

**✧ સવાઈકે મોહરકા, ઇબ્ને હજર, તહઝીબુલ તહઝીબ**

(૪) હાકિમ નિશાપુરીએ મુસ્તદરક શહીહીનમાં ફરમાવ્યું છે કે આ વિષયમાં ઘણી રિવાયત મળે છે કે હઝરત ફાતિમા બિન્તે અસદે, હઝરત અલી ઇબ્ને અબીતાલીબને કાબાની અંદર જન્મ આપ્યો.

**✧ મુસ્તદરક, તઝકેરતુલ ખ્વાસ, ઇબ્ને જૌઝી**

(૫) રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે "અય અલી !, તમારી મંઝિલત કાબા જેવી છે." **✧ કંઝુલ હકાઇક**



(૬) ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હો હઝરત અબૂ મૂસા અશઅરી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હઝરત અલી રદિયલ્લાહો અન્હો એવી પહેલી વ્યક્તિ છે જે સૌથી પહેલાં ઈમાન લાવ્યા હતા અને હાકિમ નિશાપુરીએ ફરમાવ્યું કે આ હદીસ સહીહ છે.

**✧ અલ મુસ્તદરક, મુસનદ ઇમામ અહમદ બિન હંબલ, નિસાઈ, ખસાઈસે અમીરુલ મોમેનીન, તિબરી**

(૭) હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે આપ એમ કહે છે કે હું ગવાહી આપું છું કે મેં રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી સાંભળ્યું છે કે "સાત આસમાન ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે અને બીજા પલ્લામાં હઝરત અલી રદિયલ્લાહો અન્હોનું ઈમાન મૂકવામાં આવે તો મૌલા અલીના ઈમાનનું પલ્લુ ભારી હશે."

**✧ તારીખ ઇબ્ને અસાકિર, કંઝુલ ઉમ્માલ**

(૮) હઝરત ઇમામ જલાલુદ્દીન સોયુતી રહમતુલ્લાહ અલયહ કુર્આનેપાકની આયત (અલ યૌ-મ અક્મલતો લકુમ દીનો કુમ)ની તફસીરમાં લખે છે કે ઇબ્ને મરૂવિયા અને ઇબ્ને અસાકિર બન્ને એ અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી છે કે રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે, ગદીરે ખુમના મૌકા પર, મિમ્બર પર બેસીને હઝરત અલી રદિયલ્લાહો અન્હોની વિલાયતનું એલાન ફરમાવી દીધું. મારા પછી અલી જ વલી છે. એજ સમયે હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામ આ ઉપરોક્ત આયત લઈને આવ્યા હતા.

**✧ દૂર્રે મન્સૂર, તારીખે બગદાદ, તારીખ ઇબ્ને અસાકીર**

(૯) હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હઝરત મૌલા અલી રદિયલ્લાહો અન્હોની તરફ નજર કરવી એટલે આપને જોવા, ઇબાદત છે.

**✧ સવાઈકે મોહરકા, મુસ્તદરક હાકિમ, મુઅઝ્ઝે તિબરાની**

(૧૦) ઉમ્મુલ મોમેનીન હઝરત આયશા રદિયલ્લાહો અન્હા અને હઝરત અબૂબક્ર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે હઝરત અલી મુર્તુઝા રદિયલ્લાહો અન્હોનો ઝિક્ર કરવો ઇબાદત છે.

**❖ દયલમી, સવાઇકે મુહરકા, બહરૂલ મઆરુફ**

(૧૧) હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે કોઈપણ શખ્સ પુલસિરાતથી પસાર થઈ શકશે નહીં જ્યાં સુધી તેને હઝરત મૌલા અલી રદિયલ્લાહો અન્હોની પરવાનગી (રજા) નહીં મળે.

**❖ સુનન દારે કુત્ની, સવાઇકે મુહરકા, ફસલુલ ખિતાબ**

(૧૨) હઝરત ઇમામ અલી રઝા રદિયલ્લાહો અન્હોનું બયાન છે કે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે હઝરત અલી રદિયલ્લાહો અન્હો ક્યામતના દિવસે દોઝખ અને જન્નતની વહેંચણી કરનારા હશે.

**❖ દાર કુત્ની, સવાઈકે મુહરકા**

(૧૩) હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે હઝરત અલી રદિયલ્લાહો અન્હોની દોસ્તી એવી નેકી છે કે કોઈ ગુનાહ એ નેકીને નુકશાન નથી પહોંચાડી શક્તો અને હઝરત અલી રદિયલ્લાહો અન્હોની દુશ્મની એવો ગુનાહ છે કે કોઈ નેકી તેને ફાયદો આપી શક્તી નથી.

**❖ ફિરદૌસુલ અખ્બાર, મનાકિબે મુર્તુઝા**

(૧૪) હઝરત ઇમામ ફખરૂદ્દીન રાઝી રહમતુલ્લાહ અલયહ તફસીરે કબીર માં આ આયત "યા અય્યોહર રસૂલો બલ્લીગ માઉન્ઝે-લ ઇલય-ક મિર રબ્બિ-ક"ની તફસીરમાં લખે છે કે આ આયત હઝરત મૌલા અલી રદિયલ્લાહો અન્હોની ફઝીલતમાં નાઝિલ



થઈ છે. અને જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે હઝરત અલી રદિયલ્લાહો અન્હોનો હાથ પકડીને ફરમાવ્યું કે "મન કુન્તો મૌલાહુ ફ-હઝા અલીય્યુન મૌલા હુ" એટલે હું જેનો મૌલા છું અલી પણ તેમના મૌલા છે. અને દુઆ કરી કે યા અલ્લાહ ! તું એને દોસ્ત બનાવ જે અલીને દોસ્ત બનાવે અને તું એને દુશ્મન બનાવ જે અલીને દુશ્મન બનાવે. પછી હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોએ મૌલા અલી રદિયલ્લાહો અન્હોથી મુલાકાત કરી અને મુબારકબાદ પાઠવીને કહ્યું કે આપ મારા અને દરેક મોમિન મર્દ અને ઔરતના મૌલા થઇ ગયા.

**❖ તફસીરે કબીર, ઇબ્ને અસાકિર, મુસનદે અહમદ, કંઝુલ ઉમ્માલ**

(૧૫) હઝરત અહમદ બિન હંબલએ પોતાની સનદથી શહર બિન હોસબથી તેમણે ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હાથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે હઝરત ફાતિમા રદિયલ્લાહો અન્હાને ફરમાવ્યું કે તમે તમારા પતિ અને પુત્રોને લઈને મારી પાસે આવો. પછી જ્યારે હઝરત ફાતિમા રદિયલ્લાહો અન્હા પોતાના પતિ એટલે હઝરત અલી રદિયલ્લાહો અન્હો અને બન્ને પુત્ર એટલે ઇમામ હસન અને ઇમામ હુસૈન ને સાથે લઈને આવ્યા તો રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પોતાની ફદકી ચાદર તેમના ઉપર નાખી દીધી અને તેમના પર હાથ મુકીને ફરમાવ્યું યા અલ્લાહ ! આ આલે મોહમ્મદ છે તું મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર અને આલે મોહમ્મદ પર તારી રહમત નાઝિલ ફરમાવ, બરકતો નાઝિલ ફરમાવ ! બેશક તું તમામ વખાણને પાત્ર છે. તુંજ મહાન છે. તુંજ ઉચ્ચ છે.

**❖ મુસનદે અહમદ, અલ મોઅજમુલ કબીર, મજમુએ ઝરાઇદ**

## ★ મૌલા અલીની કરામત ★

આપણે આગળ જોઈ ગયા કે મૌલાએ કાઈનાત શેરે ખુદા, ફાતેહે ખૈબર, દુલદુલ સવાર, સાહિબે ઝુલ્ફિકાર હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના દામાદ વ બિરાદર, ખાતૂને જન્નતના શોહર, હસનૈન કરીમૈનના વાલિદ, વિશ્વમાં સૌ પ્રથમ ઈમાન લાવનારા, પ્રથમ સહાબી, પ્રથમ ઇમામ, પ્રથમ વલી, બેશુમાર ફઝીલતોના માલિક અલ્લાહના ઘર કાબા શરીફમાં જેનો જન્મ થયો હોય તેની પાકીનું તો પૂછવું જ શું ? એવા હઝરત અલી રદિયલ્લાહો અન્હોની શાન હદીસશરીફની રોશનીમાં જોઈ. હવે થોડીક કરામતો પણ જોઈને આપણું ઈમાન મજબૂત કરીએ.

(૧) **દિવાલ ના પડી :-** હઝરત ઇમામ જાફર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે એક વખત હઝરત અલી શેરેખુદા રદિયલ્લાહો અન્હો એ દિવાલના છાયડાંમા બેસીને એક ફરિયાદનો ફેંસલો આપી રહ્યા હતા. એવામાં કેટલાક લોકોએ બુમો પાડી. હે અમીરુલ મોમેનીન, અહીંથી ઊભા થઈ જાવ, આ દિવાલ પડી રહી છે.

હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુએ જવાબ આપ્યો કે અલ્લાહ તઆલા બહેતરીન હિફાઝત (સુરક્ષા) કરનાર છે. તે પછી આપે શાંતિથી એ ફેંસલો આપ્યો અને પછી આપ ત્યાંથી ઊભા થઈ ગયા. ત્યાર બાદ એ દિવાલ પડી ગઈ.

(૨) **ઈલ્મે ગૈબ :-** હઝરત અસ્બગ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે એક વખત અમો હઝરત અલી રદિયલ્લાહો અન્હોની સાથે સફરમાં હતા. અમો મૈદાને કરબલા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તો એ વખતે મૌલા અલી એ ફરમાવ્યું કે આ જગ્યાએ ભવિષ્યમાં નબીના ઘરવાળાનો કાફલો રોકાશે અને આ જગ્યા એજ અહલેબૈતના નવજવાનો શહીદ થશે અને તેમના મઝાર પણ અહીંજ બનશે. એ વખતે ધરતી અને આકાશ રડી ઉઠશે. તેથી સાબિત થયું કે અલી પાસે તો ઇલ્મે ગૈબ પણ હતો.



(૩) **જિબ્રઈલ ક્યાં છે ? :-** રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે "અના મદી-નતુલ ઇલ્મ વ અલીય્યુન બાબુ-હ" એટલે હુઝૂરે ફરમાવ્યું કે હું ઇલ્મનો શહર છું અને અલી તેનો દરવાજો છે. હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી અલી મુર્તુઝા રદિયલ્લાહો અન્હો એ ઘણો ફૈઝ હાંસિલ કર્યો છે. મૌલાએ કાઈનાત હઝરત અલી ફરમાવે છે કે "મારાથી પૂછો, હું જમીન અને આસમાનની દરેક વસ્તુને જાણું છું."

એક દિવસ હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામ માણસના રૂપમાં હઝરત અલી કર્રમલ્લાહો વજહહુની પાસે આવ્યા અને ક્હેવા લાગ્યા કે જો જમીન અને આકાશમાં શું છે તેનું ઇલ્મ તમારી પાસે છે તો હવે મને બતાવો કે અત્યારે હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામ ક્યાં છે ? તો એજ વખતે આવનાર માણસની સામે જ આકાશ પર જોયું, જમીન પર નઝર નાખી, પછી જમણી તરફ, પછી ડાબી તરફ, પછી ઉપર, પછી નીચે. ચારે દિશામાં નજર ફેરવી પણ ત્યાં જિબ્રઈલ હતા નહીં. આપ મુસ્કુરાયા (હસ્યા) અને કહ્યું ભાઈ તમે જ જિબ્રઈલ છો.

(૪) **એક સવાલના દસ (૧૦) જુદા જુદા જવાબ :-** હઝરત શૈખ મોહમ્મદ બિન અબુબક્ર અસફુરી રહમતુલ્લાહ અલયહે પોતાની કિતાબ અલમવાઅઝતુલ અસફુરિયાની અંદર અને અલ્લામા સૈયદ મોહમ્મદ સાલેહ અશફી હનફી રહમતુલ્લાહ અલયહે પોતાની કિતાબ ક્વક્બે દરી ફી ફઝાઈલે અલી માં લખે છે, હદીસે પાક અના મદી-નતુલ ઇલ્મ વ અલીય્યુન બાબુ-હ, હું ઇલ્મનો શહેર છું અને અલી તેનો દરવાજો છે. જ્યારે અહલે બૈતના દુશ્મન ખારજીઓએ આ ફરમાને રસૂલ સાંભળ્યું તો ઈર્ષાની આગમાં ભડ ભડ બળવા લાગ્યા અને મૌલા અલી રદિયલ્લાહ અન્હોનો મહાન દરજ્જો જોઈ ના શક્યા. ચિંતામાં પડી ગયા. શું કરવું વિચારવા લાગ્યા. છેવટે ખારજીઓના ૧૦ (દસ) આલિમ ભેગા થયા. અને તેમણે એવું નક્કી કર્યું કે જો અગર અલી એક જ સવાલના દસ અલગ-અલગ જવાબ આપે તો અમે માની લેશું કે ખરેખર અલી ઇલ્મના શહેરના દરવાજા છે. પછી તે દસ મૌલ્વીઓ એક જગ્યાએ

બેસી ગયા અને તેમનામાંથી એક આલિમ હઝરત મૌલા અલી રદિયલ્લાહો અન્હોની બારગાહમાં હાજર થયો અને આપથી સવાલ કર્યો. "ઇલ્મ અફઝલ છે કે માલ (દૌલત)" તો મૌલા અલી એ જવાબ આપ્યો કે "ઈલ્મ અફઝલ છે." તો પેલા ખારજી આલિમે કહ્યું તેની દલીલ શું છે. તો મૌલાએ કાઈનાત અલી કર્રમલ્લાહુ વજહહુએ જવાબ આપ્યો. દલીલ રજૂ કરી કે ઈલ્મ નબીઓની મીરાસ છે જ્યારે માલ કારૂન, શદ્દાદ અને ફિરઔનની મીરાસ છે. એ આલિમ ચાલ્યો ગયો. પછી બીજો આલિમ આવ્યો તેણે પણ એજ સવાલ કર્યો કે ઇલ્મ અફઝલ છે કે માલ. તો જવાબમાં આપે ફરમાવ્યું કે ઇલ્મ અફઝલ છે. તો આલિમે દલીલ માંગી. જવાબમાં દલીલ આપતા આપે ફરમાવ્યું કે ઇલ્મ તારી હિફાઝત (રક્ષા) કરે છે, જ્યારે માલની હિફાઝત તારે કરવી પડે છે. આ આલિમ પણ ચાલ્યો જાય છે. પછી ત્રીજો આવે છે તે પણ એજ સવાલ પૂછે છે કે ઇલ્મ અફઝલ છે કે માલ. તો જવાબમાં આપ ફરમાવે છે કે ઈલ્મ અફઝલ છે. ખારજી આલિમ દલીલ માંગે છે. તો આપ દલીલ રજૂ કરે છે "માલવાળાના (માલદારોના) દુશ્મન ઘણા હોય છે જ્યારે ઈલ્મવાળાના (આલિમો)ના દોસ્ત ઘણા હોય છે." તે ખારજી પણ જતો રહ્યો. પછી ચોથો આવ્યો તેણે પણ એજ સવાલ કર્યો કે ઇલ્મ અફઝલ છે કે માલ. તો જવાબમાં મૌલા અલીએ ફરમાવ્યું કે ઇલ્મ અફઝલ છે. ખારજીએ તેની દલીલ માંગી તો જવાબમાં આપે દલીલ આપી કે, માલ વાપરવાથી, ખર્ચ કરવાથી ઘટે છે ઓછો થાય છે જ્યારે ઇલ્મ વાપરવાથી વધે છે. આ દલીલ સાંભળી એ પણ જતો રહ્યો. પાંચમો આવ્યો અને એજ સવાલ કર્યો કે ઇલ્મ અફઝલ છે કે માલ તો જવાબમાં હઝરત અલીએ કહ્યું કે ઇલ્મ જ અફઝલ છે. તો ખારજીએ દલીલ માંગી તો આપે દલીલ રજૂ કરી અને ફરમાવ્યું કે, માલદારને લોકો કંજૂસ, બખીલ, લાલચી જેવા શબ્દોથી પોકારે છે. જ્યારે ઇલ્મવાળાને માન મર્તબા અને ઇજ્જતદાર શબ્દોથી યાદ કરવામાં આવે છે. પછી છટ્ઠો પણ એજ સવાલ લઈને આવ્યો કે ઇલ્મ અફઝલ છે કે માલ. તો જવાબમાં આપે ફરમાવ્યું કે ઇલ્મ અફઝલ છે. તેની દલીલમાં ફરમાવ્યું કે, માલની ચોરથી બચાવવા



માટે રક્ષણ કરવું પડે છે જ્યારે ઇલ્મને કોઈ ચોરી શક્તું નથી. તેના પછી સાતમો ખારજી આલિમ આવ્યો અને એજ સવાલ કર્યો કે માલ અફઝલ છે કે ઇલ્મ અફઝલ છે. તો મૌલાએ કાઈનાતે ફરમાવ્યું ઇલ્મ અફઝલ છે અને તેની દલીલ આપતાં આપ ફરમાવે છે કે, માલદાર વ્યક્તિ એટલે માલવાળો ક્યામતના દિવસે પોતાના માલનો હિસાબ આપશે જ્યારે આલિમે દીન, ઈલ્મવાળા ક્યામતના દિવસે પોતાના આમાલનો હિસાબ આપશે અને ગુનેહગારોની શફાઅત ફરમાવશે. પછી આઠમો આવ્યો તેણે પણ એજ સવાલ કર્યો કે માલ અફઝલ છે કે ઇલ્મ. તો આપે જવાબમાં કહ્યું ઇલ્મ જ અફઝલ છે. અને તેના માટે દલીલ રજૂ કરી કે, "માલ અગર લાંબો સમય પડ્યો રહે તો આગળના સમયમાં કામ નથી આવતો જ્યારે ઇલ્મ ક્યારે જૂનો થતો નથી દરેક દૌરમાં ઇલ્મ નવો જ લાગે છે." તે પછી નવમો મૌલ્વી આવ્યો એજ સવાલ કર્યો અને તેના માટે દલીલ આપી કે માલ માણસના દિલ ને સખ્ત (કઠણ) કરે છે જ્યારે ઇલ્મ માણસના દિલને મુનવ્વર (પ્રકાશિત) કરે છે. છેલ્લે દશમો આવ્યો તેણે પણ એજ સવાલ કર્યો કે માલ અફઝલ છે કે ઇલ્મ તો શેરે ખુદા અલીએ જવાબમાં ફરમાવ્યું કે ઇલ્મ જ અફઝલ છે. અને તેની દલીલ પણ રજૂ કરી આપે કહ્યું માલ-માલ કરતા કરતા માણસ ખુદાઈનો દાવો કરીને જહન્નમી બની જાય છે જ્યારે ઇલ્મ, ઇલ્મના નારા લગાવનારો આલિમ બનીને જન્નતી બની જાય છે.

બાબુલ મદીનતુલ ઇલ્મ મૌલા અલીએ એક્જ સવાલ ના દસ અલગ અલગ જવાબ આપી દીધા અને આપે કહ્યું કે અગર મને એક્જ સવાલ વારંવાર કરવામાં આવે તો હું જ્યાં સુધી ઝિંદા (જીવિત) રહું ત્યાં સુધી અલગ અલગ જવાબ આપતો જ રહું. પછી બધાજ ખારજીઓએ તૌબા કરી મૌલા અલી શેરે ખુદાની શાન સામે શિશ ઝુકાવી દીધા અને કલ્મો પઢીને મુસલમાન બની ગયા. આ પણ હઝરત મૌલા અલીની કરામત છે.

## મૌલાએ કાઈનાત હઝરત અલી રદિયલ્લાહો અન્હોની વિશેષતાઓ

- ◊ આપનો જન્મ કાબાશરીફમાં થયો.
- ◊ આપ રસૂલે આઝમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સગા કાકાના દિકરા એટલે પિતરાઈ ભાઈ છે.
- ◊ આપે સૌથી પહેલા કલ્મો પઢ્યો છે એટલે આપ સૌથી પહેલા મુસલમાન છે.
- ◊ આપ સૌથી પહેલા સહાબીએ રસૂલ છે.
- ◊ આપ ઇલ્મના શહેરના દરવાજા છે.
- ◊ આપ સૌથી પહેલા વલી છે.
- ◊ આપ હિદાયતના ઇમામોમાં પહેલા ઇમામ છે.
- ◊ આપથી તરીક્તના સિલસિલાઓ શરૂ થયા છે.
- ◊ આપ ખુલ્ફાએ રાશેદીનમાં શામિલ છે.
- ◊ આપ પંજતને પાક્માં પણ શામિલ છે.
- ◊ આપ અશરએ મુબશ્શેરામાં પણ શામિલ છે.
- ◊ આપનો શુમાર મુહાજીર અને અન્સારમાં પણ છે.
- ◊ આપ કાતિબે વહી પણ છે.
- ◊ આપની શુજાઅત ખૂબ ખ્યાતી ધરાવે છે.
- ◊ આપ સાહિબે ઝુલ્ફિકાર છે.
- ◊ આપ ખૈબર વિજેતા છે.
- ◊ આપની સખાવત પણ અજોડ છે.
- ◊ આપની ઇબાદત-રિયાઝત પણ અજોડ છે.
- ◊ આપ ખાતૂને જન્નત હઝરત બીબી ફાતેમા ઝહરા રદિયલ્લાહો અન્હાના શોહર (પતિ) છે.
- ◊ આપ હઝરત ઇમામ હસન અને ઇમામ હુસૈન રદિયલ્લાહો અન્હોમાના વાલિદ (પિતા) છે.
- ◊ આપને પણ શહાદતનો દરજ્જો મળેલ છે.
- ◊ આપના ચેહરાને જોવો ઇબાદત છે.
- ◊ આપનો ઝિક્ર કરવો ઇબાદત છે.

મૌલાએ કાઈનાત, શેરેખુદા, મુશ્કિલ કુશા હઝરત અલી ઇબ્ને અબી તાલિબ રદિયલ્લાહો અન્હોની વિશેષતાઓ તો ઘણી છે. અહિંયા થોડી રજૂ કરી છે. સમજદાર માટે તો ઇશારો કાફી હોય છે.



*તુ ક્યા સમઝ રહા હે કે સજદા બચાએગા*
*નાના બચાએંગે યા નવાસા બચાએગા*




| | | |
|---|---|---|
| નામ | : | હસન |
| લકબ | : | સૈયદ, શબ્બર, ઝકી, તકી, વલી, તૈયિબ, કરીમ, હલીમ, ઝાહિદ, સાબિર, સાહિબે શહાદતે ખફી, હમશબીહે રસૂલે અકબર, હમશકલે મુસ્તફા |
| કુન્નિયત (અટક) | : | અબૂ મુહમ્મદ |
| પૈદાઈશ | : | બરોઝ જુમ્આ, ૧૫ રમઝાનશરીફ (૧ માર્ચ ૬૨૪) હિજરી સન 3 |
| પૈદાઈશગાહ | : | મદીનાશરીફ |
| વાલિદ | : | હઝરત અલી બિન અબૂ તાલિબ |
| વાલિદા | : | સૈયદા ફાતિમા ઝહરા |
| ઉમ્ર | : | ૪૮ સાલ |
| ઔલાદ | : | ૧૫ |
| વિસાલ | : | બરોઝ જુમેરાત, ૭ યા ૨૮ સફર યા ૫ રબીઉલ અવ્વલ હિ.સ. ૫૦ (ઈ.સ. ૬૬૯) |
| મઝારશરીફ | : | જન્નતુલ બકીઅ, મદીનાશરીફ |

## ★ શાને ઇમામ હસન મુજતબા ★

### રદિયલ્લાહો અન્હો

બઝમે સફાકી રૌનકો ઝીનત હસનસે હૈ
ઝિંદા નિઝામે અદલો શુજાઅત હસનસે હૈ
વલ્લાહ ! ઇસસે બઢ્હકે બુલંદી નહીં કોઈ
મહબૂબે કાઇનાતકો ઉલ્ફત હસનસે હૈ

ચશ્મે ઝેહરા કે તારે ઇમામે હસન
હૈદરી માહ-પારે ઇમામે હસન
રાકિબે દોશે ખૈરુલ બશર આપ હૈં
યે હૈં ઇઝઝો વકારે ઇમામે હસન

માહે ચર્ખે વિલાયત હસન મુજ-તબા
હો નિગાહે ઇનાયત હસન મુજ-તબા
નવજવાનાને જન્નતકે સરદાર હો
સાહિબે કદ્રો અઝમત હસન મુજ-તબા

બઝમે વફામેં ચર્ચા ઇમામે હસનકા હૈ
બેશક બુલંદ રુત્બા ઇમામે હસનકા હૈ
પલતે હૈં જિસપે હમ સબ ગુલામાને શાહે દીં
વોહ બિલયકીન ટુકળા ઇમામે હસનકા હૈ

મુસ્તફાકે હૈં પ્યારે ઇમામે હસન
ગમઝદોંકે સહારે ઇમામે હસન
ઔર અલીકે ભી લખ્તે જિગર આપ હૈં
ફાતિમાકે દુલારે ઇમામે હસન
હશ્રમેં ઉનકી ચાહત હી કામ આએગી
ક્યોં "મુહિબ" ના પુકારે : ઇમામે હસન



## ★ તસ્વીર હસન હૈ ★

ક્યા બાત હૈ ! ક્યા સાહિબે તૌકીર હસન હૈં
અલ્લાહકે મહબૂબકી તસ્વીર હસન હૈં

કુર્આનને તાબીર કિયા નૂરસે જિસકો
ઉસ મઅદને અનવારકી તનવીર હસન હૈં

ઇલ્લાહો ઉખુવ્વતપે બિના જિસકી રખી હૈ
અખ્લાકે નબુવ્વતકી વોહ તામીર હસન હૈ

તમસીલ નહીં ઇનકી મુશાહીરકી સફમેં
હક યે હૈ કે સરખીલે મુશાહીર હસન હૈં

ઇસ્લામકો ક્યું નાઝ ન હો ઇનપે ભલા ફિર
જબ ઉસકે લિયે બાઇસે તશહીર હસન હૈં

જો જીત લિયા કરતે હૈં અખ્લાકસે જંગેં
ઐ શેરે ખુદા ! આપકે વોહ વીર હસન હૈં

ખલ્લાકે દો આલમકી ઇનાયાતો કરમસે
ઇક તા-કતે ના-કાબિલે તસખીર હસન હૈં

રહ રહકે સદા ગૈબસે આતી હૈ યે "અશરફ"
હર પીરકા જો પીર હૈ વોહ પીર હસન હૈં

**✧ મીર સૈયદ વસીમ અશરફ "અશરફ" બદાયુની**

---

નૂર, મોતી, ગુલેતર, સિતારા દિખે
યા હસન મુજતબા, આપ ક્યા ક્યા દિખે
નૂર હી નૂર, નૂરાની જલ્વા દિખે
હમ-શબીહે રસૂલે ઝમાના દિખે

**✧ અશરફ અહમદાબાદી**

## ★ હઝરત ઇમામ હસન મુજતબા ★
### રદિયલ્લાહો અન્હોના
## ફઝાઈલ હદીસશરીફની રૌશનીમાં

★ હુઝૂર તાજદારે અંબિયા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું ફરમાન છે કે, "હસન અને હુસૈન રદિયલ્લાહો અન્હોમા દુનિયામાં મારા ફૂલ છે."

★ હુઝૂર સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે દુઆ ફરમાવી કે, "યા અલ્લાહ હું હસન અને હુસૈનથી મહોબ્બત કરૂં છું તું પણ તેમનાથી મહોબ્બત કર અને જે હસન અને હુસૈનથી મહોબ્બત કરતા હોય તેમનાથી પણ તુ મહોબ્બત ફરમાવ."

★ હુઝૂર સરવરે કાઇનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે હસન અને હુસૈન (રિદવાનુલ્લાહે તઆલા અજમઈન) જન્નતી જવાનોના સરદાર છે.

★ હુઝૂર તાજદારે મદીના સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે જે ઇમામે હસન અને ઇમામે હુસૈન સાથે મહોબ્બત કરશે તે જન્નતમાં મારી સાથે હશે.

★ હુઝૂર તાજદારે કૌનો મકાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ભવિષ્યવાણી કરી ફરમાવ્યું કે, "મારો આ દિકરો એટલે ઇમામે હસન મુજતબા રદિયલ્લાહો અન્હો મારી ઉમ્મતના બે ગિરોહ વચ્ચે સુલેહ કરાવી એક કરી દેશે અને તે ભવિષ્યવાણી સાવ સાચી સાબિત થઈ."

★ હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું ફરમાને આલીશાન છે કે જેણે ઇમામે હસન થી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી અને જેણે મારાથી મહોબ્બત કરી તેણે અલ્લાહ તઆલાથી મહોબ્બત કરી. સુબ્હાનલ્લાહ !



## ★ હઝરત સૈયદના ઇમામ હસન મુજતબા ★
### રદિયલ્લાહો અન્હો જોવામાં અને અમલમાં
## હુઝૂરના જેવા જ હતા

હઝરત સૈયદના સિદ્દીકે અકબર રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે હઝરત ઇમામે હસન રદિયલ્લાહો અન્હો દરેક રીતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને મળતા હતા. આપ માથા થી લઇને સીના સુધી રસૂલેપાકના જેવા જ હતા. એટલે તેમને "હમ શબીહે મુસ્તફા" ક્હેવામાં આવે છે. એટલે શાયર ક્હે છે કે,

**સલામ ઉસ પર જો નાનાજાન કા ઇતના મુશાબહ થા**
**પુકાર ઉઠતે સહાબા દેખતે હી યા રસૂલલ્લાહ**

## ★ હઝરત ઇમામ હસન રદિયલ્લાહો અન્હોની કરામતો ★

◈ **મૌસમ વિનાના ફળ :-**

એક વખત હઝરત ઇમામ હસન મુજતબા રદિયલ્લાહો અન્હો સફરમાં હતા. એ વખત આપ ખજૂરોની એવી વાડી પાસેથી પસાર થયા, જ્યાં ખજૂરના દરેક ઝાડ સુકાઈ ગયા હતા. આ સફરમાં આપની સાથે હઝરત ઝુબૈર બિન અવ્વામ રદિયલ્લાહો અન્હોના દિકરા પણ હતા. હઝરતે આ ખજૂરના સૂકા બાગમાં પડાવ નાખ્યો અને એક સૂકી ખજૂરીના નીચે આરામ કરવા લાગ્યા. ત્યારે હઝરત ઝુબૈરના દિકરાએ કહ્યું કે હે શાહઝાદા અગર આ ખજૂરના ઝાડ તાજા હોત અને ખજૂરો લાગેલી હોત તો અમે પણ એ ખજૂર ખાતા. બસ એ ભાઈની રજૂઆત સાંભળીને આપે દુઆ ફરમાવી અને પોતાની રેહમતભરી નજર સૂકા ઝાડ પર નાખી કે તરત જ તમામ ઝાડ લીલાછમ થઈ ગયા ખજૂરો પણ લાગી ગઈ અને પોતે તેમજ સાથીઓ પણ ખૂબ ખાધી અને ખુશ થઈ ગયા જો કે એ સમય ખજૂર આવવાની મૌસમ ન હતી. પણ નવાસાએ રસૂલ હઝરત ઇમામ હસન રદિયલ્લાહો અન્હોની આ ખુલ્લી કરામત હતી.

### ◊ દિકરાના જન્મ ની ખુશખબર :-

હઝરત સૈયદના ઇમામ હસન મુજતબા રદિયલ્લાહો અન્હો એક વખત પગપાળા હજ યાત્રા એ જઈ રહ્યા હતા. માર્ગમાં એક જગ્યાએ આપ રોકાયા. ત્યાં આપનો એક ચાહક અને શ્રધ્ધાળુ આપની ખિદમતમાં હાજર થયો. અને અરજ કરવા લાગ્યો કે હઝરત હું તો આપનો ગુલામ છું મારી ઔરત (પત્નિ) અત્યારે બાળક જન્મની પીડાથી પીડાઈ રહી છે. આપ દુઆ ફરમાવો કે તંદુરસ્ત દિકરાનો જન્મ થાય. અરજદારની અરજ સાંભળી હઝરત ઇમામે હસન ફરમાવા લાગ્યા કે જા તુ તારા ઘરે જા. તારી ઔરતના પેટ થી એક સરસ દિકરો, જેવો તુ ઇચ્છે છે તેવો જન્મ્યો છે. હઝરતની વાત સાંભળી એ અરજદાર ઘરે ગયો તો ઘરમાં ખુશીઓ અને આનંદનો માહોલ છવાઈ ગયો હતો તે પણ ખૂબ ખુશ થયો. અલ્લાહનો શુક્ર અદા કર્યો અને ઇમામ હસનનો આભારી થયો. આપની આ કરામત આપનો ઇલ્મે ગૈબ સાબિત કરે છે.

### ◊ હઝરત ઇમામ હસન મુજતબા રદિયલ્લાહો અન્હોની શહાદત :-

માહે સફર હી.સ. ૫૦ (ઇ.સ. ૬૬૯) ના ૨૮ સફર કે ૫ રબીઉલ અવ્વલના દિવસે આપને ઝેર આપીને શહીદ કરી દેવામાં આવ્યા. આપનો રોઝો મદીના શરીફના જન્નતુલ બકીઅમાં સરસ ઘુમ્મટવાળો રોઝો હતો પણ નજદી હુકૂમતે તે રોઝાને પણ તોડી નાખ્યો. હવે આપનો ફકત મઝાર (કબર) શરીફ છે.



*શાહ અસ્ત હુસૈન, બાદશાહ અસ્ત હુસૈન, દીન અસ્ત હુસૈન, દીં પનાહ અસ્ત હુસૈન*
*સર દાદ, ન દાદ દસ્ત, દર દસ્તે યઝીદ, હક્કા કે બિનાએ લા-ઇલાહ અસ્ત હુસૈન*




| | |
|---|---|
| નામ | : હુસૈન |
| લકબ | : શહીદે કરબલા, સૈયદુશ્શો-હદા, શબ્બીર, સિબ્તે રસૂલ, રૈહાનતુર્રસૂલ, સફીનતુન્નિજાત મિસ્બાઉલ હુદા, ઇમામ આલી મકામ, સાહિબે શહાદતે જલી |
| કુન્નિયત (અટક) | : અબૂ અબ્દુલ્લાહ |
| પૈદાઈશ | : બરોઝ જુમેરાત, ૩ શાબાન સન હિજરી સન ૪ (૮ જાન્યુઆરી ૬૨૬) |
| પૈદાઈશગાહ | : મદીનાશરીફ |
| વાલિદ | : હઝરત અલી બિન અબૂ તાલિબ |
| વાલિદા | : સૈયદા ફાતિમા ઝહરા |
| ઉમ્ર | : ૫૭ સાલ |
| ઔલાદ | : ૬ |
| વિસાલ | : બરોઝ પીર, જુમ્આ, ૧૦ મુહર્રમ હિ.સ. ૬૧, (૧૦ ઓક્ટોબર ૬૮૦) |
| મઝારશરીફ | : કરબલા મુકદ્દસા, ઈરાક |

## ★ શાને ઇમામ હુસૈન શહીદે કરબલા ★

### રદિયલ્લાહો અન્હો

કલ્મએ તૌહીદ હૈ તેરી શહાદત અય હુસૈન
તુ ન હોતા તો ન રહ જાતી સદાકત અય હુસૈન
તેરી કુરબાનીને ઝિંદા કર દિયા ઇસ્લામકો
વો રહેગા તા અબદ, તેરી બ-દૌલત અય હુસૈન

મુંહ ચૂમતે થે મેરે પયમ્બર હુસૈનકા
મુમકિન નહીં જહાંમેં હો હમસર હુસૈનકા
રિશ્તા હૈ વો હુસૈનકા પ્યારે રસૂલસે
રુત્બા હૈ કાયનાતમેં બેહતર હુસૈનકા

અહલે ખિરદ સમઝ ન શકે કયા હુસૈન હૈ
નાના કે જિસ્મે પાક કા સાયા હુસૈન હૈ
હોકર શહીદ ઝિંદગી-એ-જાવેદાં મિલી
ઝિંદા થા ઔર આજ ભી ઝિંદા હુસૈન હૈ

શેરકે માનીંદ જો મક્તલમેં આયા વોહ હુસૈન
જો બહત્તર ઝખ્મ ખાકર મુસ્કુરાયા વોહ હુસૈન
રાહે હક્મેં જિસને અપના સર કટાયા વોહ હુસૈન
કરબલામેં જિસને અપના ઘર લુટાયા વોહ હુસૈન
ઝેરે ખંજર જિસકા સજદા અઝમતે ઇસ્લામ હૈ
જિસકા હર તેવર રસૂલે પાક કા પૈગામ હૈ

કુછ કમ નહીં થી શાને ઇમામત હુસૈન કી
તુર્રા બની હૈ ઉસપે શહાદત હુસૈન કી
રાઇજ હૈ મુલ્કે દીનમેં સિક્કા હુસૈન કા
કરતી હૈ રાજ દિલપે હકૂમત હુસૈન કી
નાના કે ખુશ્ક ખેતકો સીંચા હૈ ખૂન સે
હુસ્ને બહારે દીં હૈ શહાદત હુસૈન કી



કયા જાને કોઈ અઝમતો રિફઅત હુસૈન કી
અલ્લાહ જાનતા હૈ હકીકત હુસૈન કી
અફસાના એ વજૂદ કી સુર્ખી કે વાસ્તે
મંઝૂર થી ખુદા કો શહાદત હુસૈન કી

મઝહબ હુસૈનકા હૈ, તરીકત હુસૈનકી
રૌશન હૈ દો-જહાંમેં હકીકત હુસૈનકી
આલે નબીસે પ્યાર, રઝાએ રસૂલ હૈ
આએગી કામ હશ્રમેં ઉલ્ફત હુસૈનકી
નાના નબી હૈં, બાપ અલી, માં હૈં ફાતિમા
સબસે "મુહિબ" નિરાલી હૈ નિસ્બત હુસૈનકી

જન્નત મેં લે ચલેગી મુહબ્બત હુસૈન કી
દોઝખ મેં ડાલ દેગી અદાવત હુસૈન કી
ઇઝઝત કી મૌત અચ્છી હૈ ઝિલ્લત કી જિસ્ત સે
યે દર્સ દે રહી હૈ શહાદત હુસૈન કી

દરકાર હૈ ઝમાને કો હિમ્મત હુસૈન કી
મહસૂસ હો રહી હૈ, ઝરૂરત હુસૈન કી
દેખા હૈ ઉન્કો દૌશે પયંબર પે બારહા
પૂછે કોઈ બિલાલસે, રફઅત હુસૈન કી

ઇસ્લામકો ઝિંદા કિયા તૂને
હક વ બાતિલ દિખા દિયા તૂને
જીકે મરના તો સબકો આતા હૈ
મર કે જીના શિખા દિયા તૂને

કતલે હુસૈન અસ્લ મેં મર્ગે યઝીદ હૈ
ઇસ્લામ ઝિંદા હોતા હૈ હર કરબલા કે બાદ

## ★ જામે શહાદત ★

ખાકે ઝખ્મે ખંજરે અહલે જફા શબ્બીરને
શૌકસે જામે શહાદત પી લિયા શબ્બીરને

સર કટા કર બર-સરે દસ્તે વફા શબ્બીરને
સર કિયા મૈદાને તસ્લીમો રઝા શબ્બીરને

દે કે અપને બૂતુરાબી ખૂનસે રંગો ચમક
ગૌહરે ઈમાંકો બખ્શી હૈ જિલા શબ્બીરને

ઉસકો કહતે હૈં ઇબાદત, ઉસકો કહતે હૈં જિહાદ
ઝેરે ખંજર ભી કિયા સજદા અદા શબ્બીરને

સર કટાયા, ઘર લુટાયા કર દિયા કુંબા નિસાર
જાને દેખા ખંજરે કાતિલમેં કયા શબ્બીરને

અલ્લાહ ! અલ્લાહ યે કનાઅત યે શરાફત, યે કરમ
કી ન કાતિલ કે લિયે ભી બદદુઆ શબ્બીરને

'ફખ્ર' તૂ ઇક બં-દએ અહકર થા, આસી થા, મગર
અપના શાયર જાનકર અપના લિયા શબ્બીરને

**❖ હઝરત ફખ્રે ગુજરાત સૂફી સૈયદ 'ફખ્ર' કાદરી**

---

લે કે ટક્કર આંધિયોંસે શામ કી
શમ્અ બુઝને દી ન દીંકે નામકી
આફરીન ઐ નૂરે ચશ્મે મુર્તુઝા
લાજ રખ લી આપને ઇસ્લામકી

---

દીનકા એક હસીં નામ લિયે બૈઠી હૈ
રબકી તૌહીદકા પૈગામ લિયે બૈઠી હૈ
શકલે શબ્બીરમેં "તસ્નીમ" ખુદા શાહિદ
ફાતિમા ગોદમેં ઇસ્લામ લિયે બૈઠી હૈ



## ★ હઝરત ઇમામહુસૈન શહીદે કરબલા ★

### રદિયલ્લાહો અન્હોની કરામતો

### ◈ કુવામાં પાણી નું વધી જવું :-

હઝરત ઇમામહુસૈન રદિયલ્લાહો અન્હો સફરમાં હતા માર્ગમાં ઇબ્ને મુતઈ પાસેથી પસાર થયા તો તેમણે અરજ કરી કે હે રસૂલેપાક્ના નવાસા અમારા કુવામાં પાણી ઘણુંજ ઓછું છે. ડોલ પણ ભરાતી નથી. આપ દુઆ કરો કે કુવામાં પાણીમાં બરકત થાય. હઝરત ઇમામહુસૈન રદિયલ્લાહો અન્હો એ કુવાનું પાણી મંગાવ્યું. તે પાણીમાં આપે કુલ્લી (કોગળો) કરી અને તે પાણી કુવામાં પાછુ નાખી દેવામાં આવ્યું. જ્યારે તે પાણી કુવામાં જેવું નાખ્યું કે તરત જ જમીનમાંથી કુવામાં પાણી ફુટવા લાગ્યું જોત જોતામાં કુવો પાણીથી ભરાઈ ગયો. સુબ્હાનલ્લાહ ! આ હતી આપની કુલ્લીવાળા પાણીની બરકત.

### ◈ દોઝખી કહેનારનું પરિણામ :-

હઝરત ઇમામહુસૈન રદિયલ્લાહો અન્હો એ મૈદાને કરબલામાં તંબુમાં ઔરતો અને બાળકો પણ હતા. તેમની સુરક્ષા માટે પાછળથી દુશ્મનો તંબુ ઉપર હુમલો ન કરે તે માટે ખંદક ખોદી અને તેમાં લાકડા ભરી આગ લગાવી દીધી, જેથી આગળ જંગ ચાલુ હોય તો દુશ્મનો ખંદક પાર કરીને પાછળ થી હુમલો ના કરે. જ્યારે આગ લાગી ગઈ તેની જ્વાળાઓ ઉંચાઈએ પહોંચી ગઈ ત્યારે માલિક બિન ઉરવા ઘોડા પર સવાર થઈને ઇમામે આલી મકામની પાસે આવીને ગુસ્તાખી ભર્યા શબ્દોમાં કહેવા લાગ્યા કે, અય હુસૈન ! દોઝખની આગથી પહેલા જ તમારા માટે આગ જલાવી દીધી ! તો જવાબમાં હઝરત ઇમામહુસૈન એ ફરમાવ્યું કે, "અય અલ્લાહના દુશ્મન, તુ જૂઠ બોલી રહ્યો છે." આ સાંભળી હઝરત મુસ્લિમ બિન ઔશજા રદિયલ્લાહો અન્હો એ ઇમામે આલી મકામ પાસેથી રજા માંગી કે મને રજા આપો હું મારા તીર થી એના ગળાને ચીરી નાખું પણ ઇમામે આલી મકામે ફરમાવ્યું કે હું મારા તરફથી જંગની શરૂઆત કરવા માંગતો નથી. પણ તમે જુઓ, અલ્લાહ

તઆલા તેને કેવી સજા આપે છે. આપે કિબ્લા તરફ મોં કરીને દુઆ માંગી કે, "યા અલ્લાહ તુ એને તેના બદઅમલને કારણે આગમાં નાખ" મઝલુમની દુઆ હતી, ઇમામની દુઆ હતી, નબીના નવાસાની દુઆ હતી. તરત જ કબૂલ થઈ અને તે ગુસ્તાખ યઝીદી માલિક બિન ઉરવા નો ઘોડો ભડક્યો. કુદવા લાગ્યો. તેનો એક પગ ખંદકમાં ફસાયો પછી ઘોડો કુદીને ખંદકમાં પડી ગયો. માલિક બિન ઉરવાના હાથમાંથી લગામ છુટી ગઈ. ઘોડો ભાગીને ચાલ્યો ગયો. માલિક સળગતી ખંદકમાં સળગીને મરી ગયો. જહન્નમની આગમાં બળે તે પહેલા દુનિયાની આગે તેને બાળી મુક્યો. ઇમામે આલી મુકામે અલ્લાહ તઆલાના શુક્રિયા અદા કરવા સજદો કરી દીધો.

**◈ નસબ (વંશ) પર ટીકા કરનાર ને સજા :-**

કરબલાના મૈદાનમાં જંગથી પહેલા ઇબ્ને અસઅસ નામના ગુસ્તાખે ઇમામે હુસૈન ને કહ્યું કે તમારી અને પયગમ્બર સાથે શું રિશ્તેદારી છે કે આટલા બધો ગર્વ કરો છો. આ નાલાયક દુશ્મનની બક્વાસ થી આપને ઘણું દુ:ખ થયું અને આપે બારગાહે ઇલાહીમાં, તેને તેની બક્વાસની સજા માટે અર્જ કરી કે તરત જ અલ્લાહ તઆલાએ આપની દુઆના શબ્દો પૂરા થાય તે પહેલા પેલા ગુસ્તાખે આલે રસૂલને શરમજનક સજા ફટકારી. બન્યું એવું કે તેને પેશાબની હાજત થઈ તે પેશાબ કરવા ગયો ત્યાં એક કાળો વિંછી નિકળ્યો અને તેને પેશાબની જગ્યાએજ ડંખ માર્યો. તે બદબખ્ત ચીસો પાડતો. અર્ધનગ્ન હાલતમાં આમ તેમ દોડવા લાગ્યો. અને સખ્ત પીડા અને નાપાકીની હાલતમાં મરી ગયો. જહન્નમી થઈ ગયો.

આપની આ કરામત હતી. અમને પણ એ વાતનો સબક મળે છે કે આલે રસૂલ, સૈયદ-સાદાતના ખાનદાન કે હસબ-નસબ વિશે ટીકા ટીપ્પણ ન કરવી જોઈએ. પોતાની માન્યતા (અકીદો) સુધારવી જોઈએ.



**◈ દુશ્મને હુસૈન, તરસ, તરસ કરતાં તરસ્યો જ મરી ગયો :-**

જંગથી પહેલા કરબલામાં નવાસાએ રસૂલ ઇમામે આલી મકામની એક વધુ કરામત જાહેર થઈ કે, જાઅદહ કરની ઇમામની સામે આવીને કહેવા લાગ્યો કે અય હુસૈન, તમે જે ફુરાતનું પાણી જોઈ રહ્યા છો પણ તમને એક ટીપું પણ આપવામાં આવશે નહીં. તમે તરસ્યાજ મરી જશો. આ શબ્દો આપે સાંભળ્યા કે આપે દુઆ ફરમાવી કે, "અય અલ્લાહ ! તુ એનો તરસ્યો જ માર." બસ આ દુઆ પૂરી થાય તે પહેલાં તેનો ઘોડો એકદમ દોડ્યો તે નીચે પડી ગયો. ઘોડાને પકડવા પાછળ પાછળ દોડવા લાગ્યો. એટલો દોડ્યો કે ઘણી તરસ લાગી. કેટલાક તેને પાણી પીવડાવા માટે ગયા પણ પાણીનું એક ટીપું તેના ગળાથી નીચે ઉતર્યુંજ નહીં અને તરસ, તરસ કરતાં કરતાં તરસ્યો જ મરી ગયો.

ઇમામે આલી મકામ હુસૈન ઇબ્ને અલી રદિયલ્લાહો અન્હોએ કરબલાના મૈદાનમાં પણ પોતાની શાન અને અઝમત કરામત થકી બતાવી પણ યઝીદીઓની કિસ્મતમાં જહન્નમ નક્કી થઈ ગઈ હતી એટલે ઇમામે હુસૈનના દરજ્જાને સમજી જ ના શક્યા અને આપના પર ઝુલ્મો સિતમ કરવામાં કાંઈ બાકી જ ના રાખ્યું જે દુનિયા સારી રીતે જાણે છે. આપની મુબારક ઝિંદગીમાં બેશુમાર કરામતો છે કે જે જોઈને યહૂદી અને નશારા ઇસ્લામ કબૂલ કરી મુસલમાન બની જતા હતાં. તે તમામનું વર્ણન કરવા માટે એક અલગ કિતાબ લખવી પડે. અહિંયા ફક્ત ઇશારા રૂપે બે-ચાર કરામત બતાવી દીધી છે.

આપ મહાન આલિમ આલિમ અને આબિદ પણ હતા આપે ૨૫ હજ પગપાળા ચાલીને કરી છે. દરરોજ એક હજાર રકાત નફલ નમાઝ અદા કરતા હતા. મહાન સખી હતા મહેમાન નવાઝ હતા. ઇસ્લામની હિફાઝત માટે ૧૦મી મોહર્રમ હિ.સ.૬૧ જુમ્આના દિવસે મૈદાને કરબલામાં જામે શહાદત પી લીધો, હંમેશા માટેની હયાત હાસિલ કરી લીધી, આપની દરગાહ (રોઝો) કરબલા (ઈરાક)માં ઝિયારત ગાહે આમ છે.

*તૂ સોચતા હૈ ક્યા કે યે બીમાર હૈં આબિદ*
*ઇસ્લામકી થામે હુએ દીવાર, હૈં આબિદ*




| | | |
|---|---|---|
| નામ | : | અલી |
| લકબ | : | ઝૈનુલ આબિદીન, સજ્જાદ, આબિદે બીમાર, સૈયદુલ આબિદીન, ઝકી, અમીન, મુજાહિદે અકબર, સૈયદુસ્સાજિદીન |
| કુન્નિયત (અટક) | : | અબૂલ હસન, અબૂ મુહમ્મદ, અબૂલ કાસિમ |
| પૈદાઇશ | : | બરોઝ ઇતવાર, ૫ શાબાન/૨૫ જમાદીઉલ અવ્વલ સનઃ હિ.સ. ૩૭/૩૮ (૪ જાન્યુઆરી ૬૫૯) |
| પૈદાઇશગાહ | : | મદીનાશરીફ |
| વાલિદ | : | હઝરત ઇમામ હુસૈન બિન અલી |
| વાલિદા | : | શાહે ઝમન શહરબાનૂ બિન્તે યઝદજર્દ |
| ઉમ્ર | : | ૫૮ સાલ |
| ઔલાદ | : | ૧૫ |
| વિસાલ | : | બરોઝ સનીચર, ૧૮ યા ૨૫ મુહર્રમ, ૧૪ રબીઉલ અવ્વલ |
| વજહ | : | હિશામ બિન અબ્દુલ્લાહ યા ખલીફા વલીદ બિન અબ્દુલ મલિકને ઝેહર દેકર શહીદ કિયા |
| મઝારશરીફ | : | જન્નતુલ બકીઅ, મદીનાશરીફ |



## ★ મન્કબત ★

### દર શાને ઇમામ ઝૈનુલઆબેદીન (રદિયલ્લાહો અન્હો)

ફૈઝે મુસ્તફાઇસે ફૈઝયાબ હૈં આબિદ
વરઓ ઝુબ્દો તક્વાકી ઇક કિતાબ હૈં આબિદ
શાને ઇત્તિકા ઇનકે દમ-કદમસે કાઇમ હૈ
સારે મુત્તકીઓંકા ઇક જવાબ હૈં આબિદ
જિસકો પીકે દીવાને બન ગએ હૈં ફરઝાને
હૈદરી સુરાહીકી વોહ શરાબ હૈં આબિદ
શાદમાનો ખુર્રમ હૈં તોરે ઝિક્રસે સુન્ની
હાં ! મગર ખવારિજકે દિલ કબાબ હૈં આબિદ
ઔર ઇસસે બઢકર અબ શાને લુત્ફ ક્યા હોગી
જુર્મ હૈ મેરા લેકિન આબ આબ હૈં આબિદ
ચારસૂ મહકતી હૈં જિસકી ખુશ્બૂએં જગમેં
ગુલસિતાને ઝહરાકા વો ગુલાબ હૈં આબિદ
ઉનકે બાદ ઉન જૈસા કોઈ માં ન જન પાઈ
અવલિયાએ આલમમેં લાજવાબ હૈં આબિદ
ગૌસો કુતુબ ભી જિસકે નૂરસે મુનવ્વર હૈં
મા'રિફતકા ઇક ઐસા આફતાબ હૈં આબિદ
આપકે તવસ્સુલસે બખ્શી જાએંગી ફિર ભી
ગો હમારી તકસીરેં બેહિસાબ હૈં આબિદ
જિસકા પહલૂ પહલૂ હૈ મર્કઝે હુદા "અશરફ"
ઉસ-વએ નબુવ્વતકા ઐસા બાબ હૈં આબિદ

**✧ મીર સૈયદ વસીમ અશરફ "અશરફ" બદાયુની**

---

વોહ ઇબાદતકા હૈ ઝૈન, ઉનકા લકબ ઝિંદા હૈ
જિનકી મુસ્કાનકે સદકેમેં તરબ ઝિંદા હૈ
આપકો ખાલિકે અકબરને યે મન્સબ બખ્શા
આપકી ઝાતસે સરવરકા નસબ ઝિંદા હૈ

---

ગર જિદપે આ ગયા તો યે ટાલા ન જાએગા
બીમાર ફિર કિસીસે સંભાલા ન જાએગા

## રૂહાની ફૈઝના મહાસાગર, એટલે ચોથા ઇમામ નાયબે હુસૈન બીમારે કરબલા હઝરત ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો

◈ હઝરત સૈયદના ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હોની શાન અને અઝમતનું બયાન હઝરત દાતા ગંજબખ્શ લાહોરી રહેમતુલ્લાહ અલયહ પોતાની પ્રખ્યાત કિતાબ 'કશફુલ મહઝૂબ'માં લખે છે કે હઝરત સૈયદના ઇમામ ઝૈનુલઆબેદીન મહાન આબિદ બલ્કે આબિદોના સરદાર મહાન મરતબાના માલિક હતા.

◈ હઝરત દાતા ગંજબક્ષ રહમતુલ્લાહ અલયહ લખે છે કે હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો "વારિસે ઉલૂમે નુબુવ્વત" છે. હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પછી નબુવ્વતનો દરવાજો તો બંધ થઈ ગયો પણ ઉલૂમે નુબુવ્વત (નબવી ફૈઝાનનો ઈલ્મ) ખત્મ થયો નથી. એજ ઉલૂમે નબવી નો ફૈઝાને રૂહાની ઔલિયા અલ્લાહ, સૂફિયાએ કિરામથી પ્રગટ થયો છે. ઇલ્મે ઝાહિરી અને ઇલ્મે બાતિની, નબવી ખાનદાન એટલે અહલેબૈત-આલે રસૂલ થી આજ સુધી સિલસિલાવાર ચાલી રહ્યો છે અને આ બધો રૂહાની ફૈઝ સૌ ઇમામોથી ચાલતો આવ્યો છે, જે બધા જ આલે રસૂલ છે.

◈ મૌલાએ કાઇનાત, પહેલા ઇમામ, હઝરત અલી શેરેખુદા રદિયલ્લાહો અન્હોથી આ રૂહાની-નૂરાની ફૈઝાને વિલાયત શરૂ થયો જે ઇમામે હસન પછી ઇમામે હુસૈન પછી ઇમામ ઝૈનુલ આબેદીન સુધી ઇમામત અને વિલાયતનો ફૈઝાન પહોંચ્યો. જે પછી ગૌસ, કુતુબ, અબ્દાલ અને દરેક ઔલિયા અલ્લાહ સુધી પહોંચી ગયો.

◈ તરીકતના ત્રણ સિલસિલા કાદરી, ચિશ્તી અને સોહરવર્દી, હિદાયતના આ એહલેબૈતના ઇમામો ને જઈને મળે છે. જો કે નકશબંદી સિલસિલામાં પણ હઝરત ઇમામ જઅફર સાદિકનો ફૈઝાન શામિલ છે.



## હઝરત સૈયદના ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હોની કરામતો

### ◈ મૈદાને મેહશરની ગરમી (આગ)નો ખૌફ (ડર) :-

તમામ આબિદોની શોભા હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો પોતાના મકાનમાં નમાઝ પઢી રહ્યા હતા. તે વખતે આપના એજ મકાનમાં આગ લાગી. આગે એવું ભયંકર રૂપ ધારણ કર્યું કે પૂરા મહોલ્લામાં હાહાકાર મચી ગયો. તે વખતે હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન સજદામાં હતા. મહોલ્લાવાળાઓએ ખૂબ બૂમો પાડી કે અય રસૂલે પાકના શાહઝાદા ! આપ બહાર આવો આપના ઘરમાં આગ લાગી છે. પણ આપ ઇબાદતે ઇલાહીમાં એવા બેખુદ હતા કે આપને આગની ના કોઈ અસર થઈ કે ના કોઈ ખબર થઈ. મહોલ્લાવાળાઓએ ભેગા થઈ આગ ઓલવી. પછી આપ નમાઝ થી ફારિગ થયા અને બહાર આવ્યા તો લોકોએ પૂછ્યું અય સૈયદઝાદા, બતાવો કઈ બાબતે આપને આગની ખબર ના પડવા દીધી. તો જવાબમાં બીમારે કરબલાએ જવાબ આપ્યો કે મને મેહશરની આગ (ગરમી)ની બીકે આ દુનિયાની આગની ખબર જ ના પડવા દીધી. સુબ્હાનલ્લાહ !

### ◈ પક્ષીઓની બોલી (ભાષા)ના જાણકાર :-

એક રાવી બયાન કરે છે કે હું હઝરત અલી બિન હુસૈન (ઝૈનુલઆબેદીન) ના ઘરે બેઠો હતો. ત્યારે ચકલીઓ આવી અને પોતાની બોલી (ભાષા) બોલવા લાગી ત્યારે મને પૂછ્યું કે આ ચકલીઓ શું બોલી રહી છે. મૈં કહ્યું હઝરત મને એ ઈલ્મ નથી. તો આપે ફરમાવ્યું કે આ ચકલીઓ રોઝી નથી માંગતી પણ અલ્લાહ તઆલાની હમ્દ (તારીફ) કરી રહી છે. આ વાતથી એ સાબિત થઈ ગયું કે પક્ષીઓની ભાષા પણ હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન જાણતા હતા. જેમ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પણ જાણતા હતા.

◊ **દુનિયા અને આખેરતનો ઝાહિદ :-**

એક સમયની વાત છે કે એક રાત્રે એક સાઇલ એમ કેહતો હતો કે એ દુનિયા અને આખેરતનો ઝાહિદ ક્યાં છે જે આખેરતની ઘણીજ ચિંતામાં રહે છે. એવામાં જન્નતુલ બકીઅ (કબ્રસ્તાન) તરફથી એક અવાજ સંભળાયો કે એ ઝાહિદ તો અલી બિન હુસૈન (ઇમામ ઝૈનુલઆબેદીન) છે. આથી સાબિત થાય છે આપ આખેરતની ફિકર વધુ રાખતા હતા. ત્યા સુધી કે ફરી જવાબ આવ્યો જે દુનિયાથી ચાલ્યા ગયા છે, કબ્રસ્તાનમાં આરામ કરે છે, તે લોકોને પણ ખબર છે કે હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો પોતાના સમયના મહાન આબિદ અને મુજાહિદ છે. આ આપની એક મહાન કરામત હતી.

◊ **મોટા ઇબાદત ગુઝાર અલી બિન હુસૈન :-**

રિવાયતમાં આવે છે કે હઝરત અલી એટલે ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો રાત-દિવસમાં આપ એક હજાર રકાત નફલ નમાઝ પઢતા હતા. આવા મહાન ઇબાદતગુઝાર, આબિદ અને ઝાહિદ બીજો કોણ હોઈ શકે ? આપને કદી હંસતા તો જોયા જ નથી. આપ ખૂબ રડતા હતા. આપને બીમારે કરબલા એટલા માટે કહેવામાં આવે છે કે આપ કરબલાના મૈદાનમાં હતા પણ એટલા બીમાર હતા કે પથારીથી ઊભા થઈ શક્તા ન હતાં. એ દર્દનાક જંગ આપે પોતાની આંખે જોઈ છે. પોતાના વાલિદ હઝરત શહીદે આઝમ ઇમામે હુસૈન રદિયલ્લાહો અન્હોનું સર આપ પોતાના હાથોમાં ઉપાડીને લાવ્યા હતા. પછી આપ કદી હસ્યા જ નથી. અલ્લાહ તઆલાએ આપને સબ્રો રઝાના ઇન્આમ અર્પણ કર્યા અને પોતાના પ્યારા પયગમ્બરની ઔલાદનો સિલસિલો આપથી ચાલુ રાખ્યો. દુનિયામાં જેટલા હુસૈની સૈયદ છે તે તમામના દાદા હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો છે.



## ★ મૌલા અલીની વિરાસત પૌત્ર અલીને મળી ★

◊ હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હોનું નામ પણ અલી હતું, જે હઝરત ઇમામ હુસૈન શહીદે કરબલા રદિયલ્લાહો અન્હોના દિકરા અને મૌલાએ કાઇનાત હઝરત અલી શેરેખુદા રદિયલ્લાહો અન્હોના પૌત્ર છે. મૌલા અલીના ગુણો આપને વારસામાં મળેલ છે.

- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો વારિસે ઉલૂમે નબુવ્વત છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો ગુલે ગુલિસ્તાને રિસાલત છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો વિલાયતના સરચશ્મા છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો વિલાયતના રહસ્યોના જાણકાર છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો ઇલ્મે મારેફતના આલિમ છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો વિલાયત અને ઇમામતની શોભા છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો જન્નતની વહેંચણી કરનારા છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો સાદાતોના સરદાર છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો સીરતે મુસ્તફાના પૈકર છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો અખ્લાકે મુસ્તફાના નમૂના છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો મૌલા અલીની તસ્વીર છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો સાનીએ શબ્બીર છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો ઇબાદતની જાન છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો સખાવતના દરિયા છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો ગુલશને એહલેબૈતની બહાર છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો ઝાહિદોના સાલાર છે.
- ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હો સબ્રની મેઅરાજ છે.

આપની ઝાતેપાક્માં અલ્લાહ તઆલાએ એક નહીં અનેક અવસાફ (ગુણો) નાં ખજાનો મુક્યો હતો. ૫૮ વર્ષની ઉંમરે આપને ૧૮ અથવા ૨૫ મોહર્રમ કે ૧૪ રબીઉલ અવ્વલના દિવસે હિસામ બીન અબ્દુલ્લાહના ખલીફા વલીદ બિન અબ્દુલમલિકે ઝેર આપીને શહીદ કરી દીધાં. આપનો મઝારશરીફ જન્નતુલ બકીઅમાં મદીનાશરીફમાં આવેલ છે.

મહક ફૈલી હૈ "બાકિર" આપકે ઇલ્મી ખઝાનેકી
ગઈ હૈ અર્શ તક ખુશ્બૂ તુમ્હારે આસ્તાનેકી




| | |
|---|---|
| નામ | : મુહમ્મદ |
| લકબ | : બાકિર, બાકિરુલ ઉલૂમ, સામી, શાકિર, હાદી, ઇલ્મકી પૂરી કાએનાત, હ-સની હુસૈની સાદાત, નજીબુત્તરફૈન, નવાસાએ હસન, પોતાએ હુસૈન |
| કુન્નિયત (અટક) | : અબૂ જઅફર |
| પૈદાઈશ | : બરોઝ પીર / જુમ્આ, ૧ રજબ / 3 સફર, સનઃ હિ.સ ૫૭ (૮ મે ૬૭૭) |
| પૈદાઈશગાહ | : મદીનાશરીફ |
| વાલિદ | : ઇમામ ઝૈનુલ આબિદીન બિન (દાદા) ઇમામ હુસૈન |
| વાલિદા | : ફાતિમા ઉર્ફે ઉમ્મે અબ્દુલ્લાહ બિન્તે (નાના) ઇમામ હસન |
| ઉમ્ર | : ૫૭ સાલ |
| ઔલાદ | : ૭ |
| વિસાલ | : બરોઝ પીર, ૭ ઝિલ્હજ્જ હિ.સ. ૧૧૩/૧૧૪ (૨૬ જાન્યુઆરી ૭૩૩) |
| વજહ | : હિશામ બિન અબ્દુલ્લાહને ઝેહ્ર દેકર શહીદ કિયા |
| મઝારશરીફ | : જન્નતુલ બકીઅ, મદીનાશરીફ |



## ★ મન્કબત ★

### દર શાને પાંચમા ઇમામ હઝરત મોહમ્મદ બાકિર (રદિયલ્લાહો અન્હો)

મન્કબતકા મેરી ઉન્વાન મુહમ્મદ બાકિર
આજ હૈ બોલતા કુર્આન મુહમ્મદ બાકિર

કેહ રહા હૈ યહી યઝદાન મુહમ્મદ બાકિર
આપ હૈં કલકે નિગહબાન મુહમ્મદ બાકિર

મેરી જાં આપપે કુર્બાન મુહમ્મદ બાકિર
આપ હૈં દીનકી પહચાન મુહમ્મદ બાકિર

દેખકર આપકી, સબ, શાન મુહમ્મદ બાકિર
હો રહે હૈં બળે હૈરાન મુહમ્મદ બાકિર

આપકે દરકા નિગહબાન મુહમ્મદ બાકિર
બન ગયા ખુલ્દકા દરબાન મુહમ્મદ બાકિર

આપકે સારે ગુલામાન મુહમ્મદ બાકિર
રબ્બે અકબર કે હૈં મહમાન મુહમ્મદ બાકિર

નાઝિશે હઝરતે ઇમરાન મુહમ્મદ બાકિર
દીને અહમદકે હૈં સુલતાન મુહમ્મદ બાકિર

રોઝે મહશરકી મુઝે ફિક્ર નહીં હૈ કોઈ
મેરી બખ્શિશકા હૈં સામાન મુહમ્મદ બાકિર

મેરે દાદાકે અઝાદાર હૈં હકદારે જિનાં
કર રહે હૈં યહી એલાન મુહમ્મદ બાકિર

દાદ દેને કે લિએ આએં શહન્શાહે નજફ
જબ પળ્હેં મુસ્હફે રહમાન મુહમ્મદ બાકિર

આપકે નામકી તસ્બીહ પઢ્હી હૈ ઉસને
આપકા જિસકો હૈ ઇરફાન મુહમ્મદ બાકિર

આપકી મદહો સના કરતે હૈં જન્નતકે મકીં
વારિસે ફખ્રે સુલૈમાન મુહમ્મદ બાકિર

આપકો ખાલિકે અકબરને બનાકર ભેજા
કુફ્રો ઈમાનકી મીઝાન મુહમ્મદ બાકિર

આપકો છોળકે મુઅમિન નહીં હો સકતા હૈ કોઈ
આપ ઈમાનકી હૈં જાન મુહમ્મદ બાકિર

અપને અજદાદકે માનિંદ જહાંવાલોંકી
મુશ્કિલેં કરતે હૈં આસાન મુહમ્મદ બાકિર

આપકે નાના વ દાદા હૈં કલામે હકમેં
મઅ-નએ લુઅ-લુઓ મરજાન, મુહમ્મદ બાકિર

આપકે નાના વ દાદાકે મિલાબસ લાએ
ખુલ્દસે હઝરતે રિઝવાન, મુહમ્મદ બાકિર

રોઝો શબ આપકી મિદહત હો મયસ્સર મુઝકો
દિલ મેરા કેહતા હૈ હર આન મુહમ્મદ બાકિર

આપકે મરકદે અત્હરકી ઝિયારત કર લૂં
મેરે દિલમેં હૈ યે અરમાન મુહમ્મદ બાકિર

અપને દુશ્મનકી ભી કરતે હૈં ઝિયાફત ઉઠકર
હૈં "હસન" કિતને મહરબાન મુહમ્મદ બાકિર

**✧ જનાબ મુહમ્મદ હસન "હસન" સરસવી**



## મહાન મરતબાના માલિક ઇમામ મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હો

◈ હઝરત ઇમામે આઝમ અબૂહનીફા રદિયલ્લાહો અન્હો જેવા મહાન ફકીહ અને કરોળો હન્ફીઓના ઇમામે શરીઅત ફરમાવે છે કે મને જે કાંઈ મળ્યું તે ઇમામ મોહમ્મદ બાકિર અને ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હોમાથી મળ્યું છે અને ઇમામ અબૂહનીફા પોતે ઇમામ મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હોના મુરીદ હતા. આપે તેમનાથી જ રૂહાની દરજ્જો હાસિલ કર્યો છે.

◈ ઇમામ મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હોના સૌથી મોટા દિકરા જેમનું નામ જઅફર હતું. આ સંબંધના કારણે આપની કુન્નિય્યત 'અબુજઅફર' બની ગઈ. આપના ફરઝંદે અકબર ઇમામ જઅફર સાદીક રદિયલ્લાહો અન્હો પોતાના વાલિદ (પિતા)ના રૂહાની વારસદાર પણ બન્યા. ઇમામતનો સિલસિલો આપથી આગળ વધ્યો અને આપ છઠ્ઠા ઇમામ બન્યા.

◈ આશિકે રસૂલ મૌલાના અબ્દુર્રહમાન જામી રહ્મતુલ્લાહ અલયહ લખે છે કે આપનું નામ તો મોહમ્મદ છે, પણ કુન્નિયત 'બાકિર' એટલા માટે મશહૂર થઈ ગઈ કે આપ તમામ ઉલૂમના જાણકાર અને નિષ્ણાત હતા. એવા મહાન આલિમ હતા કે જે મસ્અલા ને છેડી દેતા હતા તેના બયાનમાં ઇલ્મનો ધોધ વહાવી દેતા હતા. આપને બધો ફૈઝ પોતાના વાલીદ (પિતા) હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન રદિયલ્લાહો અન્હોથી પ્રાપ્ત થયો છે. ખાસ કરીને ઘણા મહાન ઔલિયાઓ અને ઉલ્માઓ આપનાથી જ બૈઅત કરતા મુરીદ બનતા હતા.

◈ પાંચમાં ઇમામ હઝરત મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હોનો ફૈઝાન આજ પર્યંત જારી અને સારી છે. આજે જે સુન્નિયત મૌજૂદ છે તે આપનો રૂહાની ફૈઝાન છે. આપે બાતિલ અકીદાવાળાઓની રદ કરી દીધી હતી અને સુન્નિયતની બોલબાલા ફરમાવી દીધી.

# ઇમામ મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હોની કરામતો

## ◈ ગૈબની ખબર આપવી :-

એક વખત હઝરત ઇમામ બાકિર રદિયલ્લાહો અન્હો એવા સમયે હિસામ બિન અબ્દુલમલિક્ના મકાન પાસેથી પસાર થયા. જ્યારે હિસામ મકાનની બુનિયાદ (પાયો) નાખી રહ્યો હતો. તે વખતે આપે ફરમાવ્યું કે આ મકાન નેસ્તનાબુદ થઈ જશે. લોકો તેની માટી સુધી ઉપાડીને લઈ જશે. તે વાત પર તાજ્જુબ થતું હતું કે હિસામના મકાનને કોણ નાબૂદ કરી શકે ! જ્યારે હિસાબ મરી ગયો તો વલીદ બિન હિસામના કહેવાથી એ મકાન પાડી દેવામાં આવ્યું અને તેના પાયાના પત્થર સુધી ઉખાડીને ફેંકી દેવામાં આવ્યા હતા. આ બનાવથી હઝરત ઇમામ મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હોનો ઇલ્મે ગૈબ જાહેર થાય છે જે ખુલ્લી કરામત છે.

## ◈ જે કહ્યું તે થઈ ગયું :-

એક રાવિનું બયાન છે કે હું હઝરત ઇમામ બાકિરની સાથે હતો. અચાનક આપના ભાઈ હઝરત ઝૈદ બિન અલી અમારી નજીકથી પસાર થયા તો હઝરત ઇમામ બાકિર રદિયલ્લાહો અન્હો એ ફરમાવ્યું કે ખુદાની કસમ આ (ઝૈદ) કુફાની તરફ જશે. અને લોકો તેને કત્લ કરશે. તેમના માથાને ગલીઓમાં સરઘસ આકારે ફેરવશે અને અહિયાં લઇ આવશે અને તેમને નેઝા પર (ભાલા) પર રાખશે. અમે આ વાત સાંભળી તાજ્જુબમાં પડી ગયા કે મદીનામાં તો કોઈને પણ નેઝા પર ચઢાવવામાં આવ્યા નથી. પણ ઇમામ બાકિરની ગૈબની આ ખબર સાચી પડી હઝરત ઝૈદ બિન અલીને શહીદ કરી તેમની લાશને કેટલાય મહીનાઓ સુધી શૂળી પર લટકાવી રાખવામાં આવી હતી.

## ◈ એક વર્ષ અગાઉ જાણકારી આપી દીધી :-

એક દિવસ ઇમામ મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હો



મદીનાશરીફમાં કેટલાક લોકોની વચ્ચે બેઠા હતા. અચાનક આપે પોતાની ગરદન નીચે કરી અને પછી ફરમાવ્યું કે તમારી હાલત એ હશે કે એક વ્યક્તિ મદીનામાં ચાર હજાર માણસોની સાથે આવશે અને ત્રણ દિવસ સુધી કત્લેઆમ ચલાવશે. તે સમય તમારા માટે ઘણોજ મુસીબત અને આફતજનક હશે તમે લાચાર હશો અને એ સમય નક્કી છે. હઝરત ઇમામ મોહમ્મદ બાકિરની વાત સાંભળી લોકો નવાઇ પામવા લાગ્યા કેટલાક તો કહેવા લાગ્યા કે આવુ મદીનાશરીફ થઇ શકેજ નહીં. પણ અલ્લાહના મહાન વલી મહાન ઇમામ આલે રસૂલની જબાનના શબ્દો હતા તે તદ્દન સાચા સાબિત થયા એક વર્ષ પછી હઝરત ઇમામ મોહમ્મદ બાકિર રદિયલ્લાહો અન્હો પોતાના સાથીઓ સાથે મદીનાથી દૂર ચાલ્યા ગયા પછી નાફે અરઝુક મદીનામાં આવ્યો અને એણે એજ કર્યું જે એક વર્ષ પહેલા પાંચમા ઇમામે ભવિષ્યવાણી રૂપે કહ્યું હતું સાચે જ આપને અલ્લાહે ઇલ્મે ગૈબ પણ અતા કર્યો હતો.

૭મી ઝિલહજ્જ હિ.૧૧૩/૧૧૪ ના દિવસે હિસામ બિન અબ્દુલ્લાહે આપેલ ઝેર થી ૫૭ વર્ષની ઉંમરે આપ શહીદ થયા. આપનો મઝાર જન્નતુલ બકીઅ મદીનાશરીફમાં આવેલ છે.

---

આપકી ઝાત હૈ વોહ ઝાત ઇમામે બાકિર
જિસકો હાસિલ હૈં કમાલાત ઇમામે બાકિર

આપકી હી તો ગુલામીકા સિલા હૈ બેશક
સારે વલિયોંકે કમાલાત, ઇમામે બાકિર

જો કે હર હાલ સુની જાતી હૈ, મૌલાકે હુઝૂર !
આપકી બાત હૈ વોહ બાત, ઇમામે બાકિર

પૂરી હો જાએંગી સબ હાજતેં ઇન્શાઅલ્લાહ
હૈં મેરે કિબ્લએ હાજાત ઇમામે બાકિર

**◈ મીર સૈયદ વસીમ અશરફ "અશરફ" બદાયુની**

*મરીઝે ગમ, શિફા પાકર, ઉઠેગા અપને બિસ્તરસે*
*ઝરા થોળી સી, લા દો ખાક, કોઈ કબ્રે જઅફરસે*




| | | |
|---|---|---|
| નામ | : | જઅફર |
| લકબ | : | સાદિક, ફાઝિલ, તાહિર, સાઇન્સદાન, ઇમામે નાતિક |
| કુન્નિયત (અટક) | : | અબૂ અબ્દુલ્લાહ, અબૂ ઇસ્માઈલ |
| પૈદાઈશ | : | બરોઝ પીર ૧૭ રબીઉલ અવ્વલ / આખિર, ૮ રમઝાનશરીફ, સનઃ હિ.સ. ૮૦/૮૩ (૨૦ એપ્રિલ ૭૦૨) |
| પૈદાઈશગાહ | : | મદીનાશરીફ |
| વાલિદ | : | ઇમામ મુહમ્મદ બાકિર |
| વાલિદા | : | ઉમ્મે ફરવહ બિન્તે કાસિમ |
| ઉમ્ર | : | ૬૫ સાલ |
| ઔલાદ | : | ૧૦ |
| વિસાલ | : | બરોઝ પીર, ૧૫ યા ૨૫ શવ્વાલ / ૧૫ રજબ હિ.સ. ૧૪૫/૧૪૮ (૩ ડિસેમ્બર ૭૬૫) |
| મઝારશરીફ | : | જન્નતુલ બકીઅ, મદીનાશરીફ |



## ★ શાને ઇમામે જઅફર ★

અઝલસે મૈં ભી તો હૂં ઇક ગુલામ જઅફરકા
મેરે લબોંપે સદા હૈ સલામ જઅફરકા
મેરે નસીબપે “આબિદ” જહાંને નાઝ કિયા
કસીદા જબ કભી લિખ્ખા ઇમામ જઅફરકા

---

બરાયે હસ્નૈન ઔર ઝહરા, ઇમામે જઅફર ઇમામે સાદિક
નિગાહે લુત્ફો કરમ હો આકા ! ઇમામે જઅફર ઇમામે સાદિક

સદાકતોંકે મુબીન તુમ હો, વિલાયતોંકે અમીન તુમ હો
ફલકસે ઊંચા તુમ્હારા રુત્બા, ઇમામે જઅફર ઇમામે સાદિક

તમામ ઉલ્માકે તુમ હો હાદી તમામ વલિયોંમેં ઇન્ફરાદી
અલીકી સીરત તેરા સરાપા, ઇમામે જઅફર ઇમામે સાદિક

તુમ્હારે તકવે-તહારતોંકે અઝીમ ખુત્બે કલામે હકમેં
બયાન કરતા હૈ હક તઆલા, ઇમામે જઅફર ઇમામે સાદિક

તુમ્હારા સાની ન કોઈ હમસર, મિલા કભી ઔર ન મિલ સકેગા
યહીંપે “શૈદા” ! કલમ હૈ ઠહરા, ઇમામે જઅફર ઇમામે સાદિક

✧ ઉસ્માનગની “શૈદા” કુરૈશી અશરફી
M. 73 599 83 147

---

જહાં, હર કોઈ હૈ અદના ગુલામે જઅફરે સાદિક
વહાં ક્યા પૂછના હૈ ફિર મકામે જઅફરે સાદિક

સદાકતસે કોઈ થામે તો દામન અહલે નિસ્બતકા
ઝમાનેમેં હૈ અબ ભી ફૈઝે આમે જઅફરે સાદિક

હુસૈનો આબિદો બાકિરકા સદકા ચાહતે હૈં હમ
અતા કર દે હમેં મૌલા ! બનામે જઅફરે સાદિક

બળોંકે દરસે નિસ્બત ભી, બળી દૌલત હૈ કિસ્મતકી
બડા બેફિક્ર જીતા હૈ ગુલામે જઅફરે સાદિક

## હઝરત ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હોની મહાન અઝમત

◈ હિદાયતના બાર (૧૨) ઇમામો પૈકી આપ છઠ્ઠા ઇમામ છે અને વિલાયતના આકાશના ચમકતા સિતારા છે.

◈ હઝરત મૌલા અલી, હઝરત ઇમામ હસન, ઇમામે હુસૈન, ઇમામ ઝૈનુલઆબેદીન અને ઇમામ બાકિરના તમામ ગુણોનો ભંડાર ઇમામ જઅફર સાદિક્માં જોવા મળે છે.

◈ હઝરત ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હો બહુજ મોટા આલિમ હતા અને આપે ઇલ્મે દીન માટે ઘણા કામ કર્યા છે. આપને ઇલ્મે તેહકીક (સંશોધન) નો ઘણો જ શૌક હતો આપે ઘણા ઇલ્મોની શોધ કરી, આપની ગણના સાયન્ટિસ્ટોમાં થાય છે. ગણિતના પણ આપ વિદ્વાન હતા. સાથે સાથે ઇલ્મે રૂહાનિયત અને વિલાયતના પણ આપ પેશ્વા ગણાય છે.

◈ ઇમામ જઅફર સાદિક્ના વિદ્યાર્થીઓમાં હઝરત જાબિર બિન હય્યાન રહમતુલ્લાહ અલયહ અને હઝરત ઇમામે આઝમ અબૂ હનીફા રહમતુલ્લાહ અલયહ જેવી વિશ્વની મહાન હસ્તીઓ ગણાય છે.

◈ ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હો ઇલ્મે રૂહાનિયત, શરીઅત, તરીક્ત, મઆરેફત અને હકીક્તની તબ્લીગ કરી. અંદાજે દરેક ઇલ્મના જાણકારોમાં આપના જ શાગિર્દો હતા.

◈ હઝરત સૈયદના ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હો પર હઝરત સૈયદના મૌલા અલી કર્રમલ્લાહો વજહહુનો ખાસ કરમ અને ખાસ ઇનાયત હતી. અસંખ્ય એવા અઘરા મસ્અલાઓ જે કોઈથી હલ ન થતા, તેવા ઉલઝન ભર્યા મસ્અલાનો આપ




ઉકેલ લાવી આપતા હતા.

◈ હઝરત ઇમામ અબૂ હનીફા (રદિયલ્લાહો અન્હો)થી કોઈએ સવાલ કર્યો કે, હઝરત ! આપની ઉંમર કેટલી થઈ. તો જવાબમાં હનફી મસ્લક્ના ઇમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે મારી ઉંમર બે (૨) વર્ષની છે. તો સવાલ કરનાર અચંબામાં પડી ગયો કે હઝરત શું કહી રહ્યા છે, જ્યારે કે તે વખતે આપની ઉંમર લગભગ ૫૦ (પચાસ) વર્ષથી વધુ હશે તે વખતે આપે કહ્યું કે હું બે (૨) વર્ષનો છું. સાઇલે અરજ કરી હઝરત બેશક આપની વાત હિક્મતથી ભરેલી હોય છે. મને સમજાવો કે બે (૨) વર્ષ કેવી રીતે ? તો આપે ફરમાવ્યું કે હું ઉંમર કે જિંદગી તેને સમજુ છું કે મેં જે બે (૨) વર્ષ મદીનાશરીફમાં, હઝરત ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હોની ખિદમતમાં, આપની સોહબતમાં રહેવાના મલ્યા. બસ એજ મારી સાચી ઉંમર છે. અને જે કાંઈ મલ્યું તે બે (૨) વર્ષના ગાળામાં છઠ્ઠા ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હો થી મલ્યું છે. કરોળો હનફીઓના ઇમામે દુનિયાવાળાઓને સબક શીખડાવી દીધો કે જેને જે કાંઈ મલે છે તે અહલે બૈતે અત્હાર થકી જ મલે છે.

હૈ જઅફર ઉર્ફે સાદિક ઇમામુલ મુહક-કિકીન
સાઇન્સદાંમેં ઐસે ઇમામોં કે નામ હૈ

છઠ્ઠા ઇમામ હઝરત ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હોની કરામતો અનેક છે. આપની ઉંમર ૬૫ વર્ષની હતી. ૧૫ રજ્બ કે ૨૫ શવ્વાલ હિ.સ. ૧૪૫ કે ૧૪૮ (૩, ડિસેમ્બર ૭૬૫) ના રોજ અબુ જઅફર મન્સૂરે ઝેર આપીને આપને શહીદ કર્યા. આપનો મઝાર જન્નતુલ બકીઅ મદીના શરીફમાં છે.

*ઉલ્ફતે 'મૂ-સએ કાઝિમ' કા હૈ જઝબા દિલમેં*
*હઝરતે નૂહકા રખતા હૂં સફીના દિલમેં*




| | | |
|---|---|---|
| નામ | : | મૂસા |
| લકબ | : | કાઝિમ, સાબિર, સાલેહ, અમીન, હમ-શબીહે હઝરત મૂસા કલીમુલ્લાહ |
| કુન્નિયત (અટક) | : | અબૂ ઇબ્રાહીમ, સામી, અબૂલ હસન |
| પૈદાઈશ | : | બરોઝ ઇતવાર, ૭ સફર, સનઃ હિ.સ. ૧૨૭/૧૨૮ (૮ નવેમ્બર ૭૪૫) |
| પૈદાઈશગાહ | : | મક્કા-મદીનાકે બીચ મકામે અબવા |
| વાલિદ | : | હઝરત ઇમામ જઅફર સાદિક |
| વાલિદા | : | બીબી હમીદા ઉમ્મે વલદ |
| ઉમ્ર | : | ૫૭ સાલ |
| ઔલાદ | : | ૩૬ |
| વિસાલ | : | બરોઝ જુમ્આ, ૨૫ રજબ હિ.સ. ૧૮૨/૧૮૩ (૩૦ ઓગષ્ટ ૭૯૯) |
| મઝારશરીફ | : | ઇમામ મોહમ્મદ તકી કી કબ્રશરીફકે પાસ, કાઝિમિયા (કાઝમૈન) બગદાદશરીફ, ઈરાક |



## ★ મન્કબત ★

### દર શાને સાતવેં ઇમામ મૂસા કાઝિમ (રદિયલ્લાહો અન્હો)

ઇશ્ક હૈ જિનકા હમ પર લાઝિમ
મૂસા કાઝિમ મૂસા કાઝિમ
હમ હૈં જિનકે દરકે મુલાઝિમ
મૂસા કાઝિમ મૂસા કાઝિમ

જૂદો સખા હૈ શાન તુમ્હારી
અફવો કરમ હૈ કામ તુમ્હારા
હમ ભી રહેંગે સાઇલ દાઇમ
મૂસા કાસિમ મૂસા કાસિમ

સચ્ચી બાત હૈ, કર ન સકેંગે
આલે નબીકે હકકો અદા હમ
અપની કમી પર હમ હૈં નાદિમ
મૂસા કાઝિમ મૂસા કાઝિમ

ચૌદહ બરસ તક જેલમેં ઠહરે
ઝુલ્મકો સેહતે, કુછ ન કેહતે
યૂં કહતે હૈં તુમકો કાઝિમ
મૂસા કાસિમ મૂસા કાઝિમ

આલે નબીસે બુગ્ઝો અદાવત
રખનેવાલોં પર હો લા'નત
ગર્ક હુએ હૈં તેરે શાતિમ
મૂસા કાઝિમ મૂસા કાઝિમ

જિસકા કોઈ કામ રુકા હો
મુશ્કિલ કૈસી સરપે ખળી હો
આઓ ! "ઉજાગર" બનકર ખાદિમ
મૂસા કાઝિમ મૂસા કાઝિમ

✧ જનાબ નિસાર અલી "ઉજાગર" સાહબ

## શાને ઇમામ મૂસા કાઝિમ રદિયલ્લાહો અન્હો

◈ હઝરત સૈયદના મુસા કાઝિમ રદિયલ્લાહો અન્હો એહલે બૈતના બાર ઇમામો પૈકી સાતમા ઇમામ છે.

◈ આપનું નામ મૂસા અને કુન્નિયત કાઝિમ છે. આપનો જન્મ મક્કાશરીફ અને મદીનાશરીફની વચ્ચે આવેલ અબવા નામે સ્થળ પર થયો હતો. તે સફર મહીનાની ૭ તારીખ રવિવાર હતો.

◈ આપની વાલિદા (અમ્મા) માતા બીબી હમીદા હતા જે બહુજ મોટા આલિમા હતા એટલે ખૂબ ઇલ્મના માલિક હતા.

◈ આપનો સ્વભાવ ઘણો જ નરમ અને દયાળુ હતો. આપે પૂરી ઝિંદગીમાં કોઇને તકલીફ ના પહોંચાડી. દુશ્મનને પણ માફ કરી દેતા હતા. આપના અખ્લાક (સંસ્કાર) રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના જેવા હતા.

◈ એહલે ઇલ્મ લોકો કહેતા કે આપ મહાન આલિમ અને હુજ્જતુલ ઇસ્લામ હતા. કોઈ આપની બરાબરી કરી શકતું ન હતું.

◈ આપ મોટા આબિદ, ઇબાદત ગુઝાર, પાબંદે શરીઅત વ તરીકત હતા. દિવસે હંમેશા રોઝા રાખતા અને રાત્રે નમાઝ અદા કરવામાં રાત પૂરી થઇ જતી.

◈ આપ ઘણો જ સબ્ર કરનારા, શુક્ર કરનારા, વિરોધીઓને પણ દરગુજર કરી માફ કરનાર હતા. તકલીફો વેઠી લેતા પણ બીજાને તકલીફ ક્યારે પણ આપતા ન હતા એટલા માટે જ આપને “કાઝિમ” કહેવામાં આવે છે.

◈ આપ સત્યવક્તા હતા સાચુ કહેવામાં કોઈથી પણ ડરતા ન હતા.

◈ હઝરત સૈયદના ઇમામ મૂસા કાઝિમ રદિયલ્લાહો અન્હોને



પોતાના જદ્દે અમજદ તાજદારે મદીના હઝરત રસૂલેપાક મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો ખાસ ફૈઝાને અઝીમ પ્રાપ્ત હતો.

◈ આપ બહુ મોટા સખી હતા, સખાવતમાં આપ મૌલાએ કાઇનાત હૈદરે કર્રાર અને શબ્બીરો શબ્બર રિદવાનુલ્લાહે તઆલા અલયહે અજમઈનની જેમ જ હતા. પોતે ભૂખ્યા રહેતા, સાઇલને ખવડાવી દેતા, ફકીરોની મદદ કરતા અને બન્ને હાથ થી ખૈરાત આપતા. આપના દરવાજેથી કોઈ ખાલી ન જતો.


**રેહકે ફાકોં મેં ફકીરોંકો ખિલાનેવાલે**
**ઐસે હોતે હૈ મોહમ્મદ કે ઘરાનેવાલે**

◈ આપની વધતી જતી લોક્ચાહનાથી ખલીફા હારૂન રશીદને ઈર્ષા વધી ગઈ. યેનકેન પ્રકારે આપને કેદ કર્યા. આપ જેલમાં હતા. હારૂન રશીદે આપને ઝેર આપ્યું. જેના કારણે જુમ્આ એટલે શુક્રવારે ૨૫ રજ્બ હિ.સ. ૧૮૩ ના રોજ શહીદ થયા. આપનો મઝાર કાઝમૈન બગદાદશરીફ ઇરાક્માં ૯મા ઇમામ હઝરત ઇમામ તકી રદિયલ્લાહો અન્હોની પાસે એક શાનદાર રોઝામાં આવેલ છે. દરરોજ હજારો લોકો આપની દરગાહની ઝિયારત કરવા જાય છે અને આપનો રૂહાની ફૈઝ હાંસિલ કરે છે.

◈ શહાદતથી પહેલા આપે પોતાના રૂહાની વારસદાર તરીકે હઝરત ઇમામ અલી રઝા રદિયલ્લાહો અન્હોની નિમણૂંક કરી જે બાર ઇમામો પૈકી આઠમા ઇમામ બન્યા.

◈ વિલાયતના આકાશના ચમકદાર તારા, હિદાયતના ઇમામોમાં સાતમા સ્થાન પર બિરાજમાન હઝરત ઇમામ મૂસા કાઝિમ (રદિયલ્લાહો અન્હો)ની કરામતો પણ અગણિત છે. જેમાં શંકાને કોઈ સ્થાન નથી.

*યે દર તો 'રિઝા' કા દરે અહમદસે મિલા હૈ*
*જો ચાહો, યહાં માંગ લો, દરવાઝા ખુલા હૈ*




| | | |
|---|---|---|
| નામ | : | અલી |
| લકબ | : | રિઝા, સાબિર, વલી, ઝકી, ઝામિન, મુર્તુઝા, વાફી, રાઝી, હુજ્જતે ખુદા |
| કુન્નિયત (અટક) | : | અબૂલ હસન, સામી, અબૂ મહમ્મદ |
| પૈદાઈશ | : | બરોઝ જુમેરાત, ૧૧ ઝિલ્કઅદ / ૧૧ રબીઉલ આખિર હિ.સ. ૧૪૮/૧૫૩ (૧૨ એપ્રિલ ૭૭૦) |
| પૈદાઈશગાહ | : | મદીનાશરીફ |
| વાલિદ | : | હઝરત ઇમામ મૂસા કાઝિમ |
| વાલિદા | : | બીબી નજમા ઉમ્મુલ બનીન |
| ઉમ્ર | : | ૫૫ સાલ |
| ઔલાદ | : | ૩ |
| વિસાલ | : | બરોઝ મંગલ / જુમ્આ, ૨૧ રમઝાન / સફર હિ.સ. ૨૦૩ (૪ સપ્ટેમ્બર ૮૧૮) |
| વજહ | : | મામૂનને ઝેહ્ર દેકર શહીદ કિયા |
| મઝારશરીફ | : | તૂસ ઉર્ફ મશ્હદ (ખુરાસાનકા ગાંવ) ઈરાન |



## ★ મન્કબત ★

### દર શાને ઇમામે અલી રઝા (રદિયલ્લાહો અન્હો)

જૂદો કરમકી ઝાત ઇમામે અલી રઝા
મહબૂબે કાઇનાત ઇમામે અલી રઝા

આમિલ રહે શરીઅતે ગુર્રાકી બાત પર
હર આન, તા-હયાત ઇમામે અલી રઝા

હોતી હૈ મુસ્તજાબ જનાબે ખુદામેં જો
રખતે હૈં ઐસી બાત ઇમામે અલી રઝા

અચ્છે દિનોંમેં રખતે તુમ્હેં યાદ હમ અગર
હોતે ન સાનેહાત ઇમામે અલી રઝા

સબ્રો રઝાકી ઢાલસે અરબાબે ઝુલ્મકો
દે દી હૈ તુમને માત ઇમામે અલી રઝા

આસાર તો નહીં કે હમેં આપકે બગૈર
દે દે ખુદા નજાત ઇમામે અલી રઝા

ગર્દિશ અભી ટલેગી મગર ઇતની શર્ત હૈ
કર દેં તવજ્જુહાત ઇમામે અલી રઝા

હમકો ભી આસ હૈ કે હમારા નસીબ ભી
બદલેંગે રાતોં રાત ઇમામે અલી રઝા

કૈસા લગેગા હશ-રમેં, જબ તુઝકો ખારજી !
મારેંગે મુંહપે લાત, ઇમામે અલી રઝા

"અશરફ" તુમ્હારે દરકી ગુલામીકો છોળકર
લેગા ન કાઇનાત ઇમામે અલી રઝા

❖ મીર સૈયદ વસીમ અશરફ "અશરફ" બદાયુની

## શાને ઇમામે અલી રઝા રદિયલ્લાહો અન્હો

બતલાઊં ક્યા મકામે ઇમામે અલી રઝા
હૈં સબ વલી ગુલામે ઇમામે અલી રઝા

જારી હૈ ઔર જારી રહેગા બ-ફઝલે હક
તા હશ-ર ફૈઝે આમે ઇમામે અલી રઝા

ઉનકા હી હોકે રહ ગયા વોહ બેખુદીકે સાથ
જિસને સુના કલામે ઇમામે અલી રઝા

હઝરત સૈયદના ઇમામ અલી રઝા રદિયલ્લાહો અન્હો ઇમામતના સિલસિલામાં આઠમું સ્થાન ધરાવે છે. આપે પોતાના વાલિદની ગાદી પર બિરાજમાન થયા અને ઇમામતની તમામ જવાબદારી પૂરી કરી પોતાના વાલિદ અને દાદા અને પરદાદાથી ચાલતો વિલાયતનો સિલસિલો સંભાળી લઈને શાનદાર દીની ખિદમત અંજામ આપી છે. આપનું નામ અલી છે. કુન્નિયત અબુલ હસન છે. અને લક્બ રઝા છે. આપ લક્બ થી એટલા પ્રખ્યાત થયા કે લોકો આપનું નામ જ રઝા સમજવા લાગ્યા. અને આજ સુધી ઇમામ અલી રઝા જ મશહૂર છે.

◊ **ઇમામ મૂસા કાઝિમનો ખ્વાબ (સ્વપ્ન) :-**

હઝરત ઇમામ મૂસા કાઝિમ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે મેં ખ્વાબ (સપના)માં હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અને હઝરત શેરે ખુદા મૌલા અલી કર્રમલ્લાહો વજહુલ કરીમને જોયા ત્યારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે મને કહ્યું કે તારો દિકરો ઇમામ અલી રઝા અલ્લાહના નૂરથી છે. તારો આ ફરઝંદ અલ્લાહની હિક્મતો બયાન કરશે. અને તેનું કહેવું



સત્ય હશે કોઈપણ ભૂલ નહીં હોય. તારો આ દિકરો મહાન હશે તેના બયાન ઉલ્માઓ અને બાદશાહો સાંભળશે. સુબ્હાનલ્લાહ !

હુઝૂર સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું ફરમાન પુરૂ થયું. હઝરત ઇમામ અલી રઝા દુનિયાવાળાઓને હિદાયતનું નૂર આપવા લાગ્યા. આપ તેના માટે રબ તઆલા તરફથી પસંદ થયેલ હતા.

હઝરત ઇમામ અલી રઝા રદિયલ્લાહો અન્હો રબતઆલાના છુપા રહસ્ય જાહેર કરતા રહ્યા. આપના ઉપર હઝરત ઇમામ મૂસા કાઝિમ અને ઇમામ જઅફર સાદિક રદિયલ્લાહો અન્હોમા નો રંગ સ્પષ્ટ દેખા દેતો હતો. આપના રૂહાની ફૈઝનો અંદાઝ આ રીતે લગાવી શકાય છે કે આપના જમાનામાં અને પછી આવનારા તમામ ઔલિયાએ આપને સાલાર અને સુલતાન માની લીધા છે.

હઝરત ઇમામ અલી રઝાની સિયાદત બેમિસાલ છે.

હઝરત ઇમામ અલી રઝાની શુજાઅત બેમિસાલ છે.

હઝરત ઇમામ અલી રઝાની ફઝીલત બેમિસાલ છે.

હઝરત ઇમામ અલી રઝાની કરામત બેમિસાલ છે.

આપના મુખથી નિકળેલી વાત અટલ હતી.

◊ હઝરત સૈયદના ઇમામ અલી રઝા રદિયલ્લાહો અન્હો પોતાનો રૂહાની વારસો એટલે ઇમામતની ગાદી પોતાના ફરઝંદ હઝરત સૈયદના મોહમ્મદ તકી જવ્વાદ રદિયલ્લાહો અન્હોને સુપર્દ કરીને ૫૫ વર્ષની ઉંમરે હિ.સ. ૨૦૩ માં ૨૧ રમઝાન કે સફર માં દુનિયાથી પરદો ફરમાવ્યો. આપનો મઝાર તુસ એટલે મશહદ (ઈરાન) માં આવેલ છે.

*જો તીન દિનમેં તીસ હજારોંકો દે જવાબ*
*વો આઠ સાલકે તકી જવ્વાદ, ઇમામ હૈ*




| | |
|---|---|
| નામ | : મુહમ્મદ |
| લકબ | : તકી, જવ્વાદ, કાનેઅ (સાહિબે કનાઅત) |
| કુન્નિયત (અટક) | : અબૂ જઅફર |
| પૈદાઇશ | : બરોઝ જુમ્આ, ૧૦ રજબ / ૫ રમઝાન<br>હિ.સ. ૧૯૫ (૧૨ એપ્રિલ ૮૧૧) |
| પૈદાઇશગાહ | : મદીનાશરીફ |
| વાલિદ | : હઝરત ઇમામ અલી રિઝા |
| વાલિદા | : ખૈઝરાન ઉમ્મે વલદ યા રેહાના |
| ઉમ્ર | : ૨૫ સાલ |
| ઔલાદ | : ૪ |
| વિસાલ | : બરોઝ મંગલ, ૨૯ ઝિલ્કઅદ / ૨૬ ઝિલ્હજ્જ,<br>હિ.સ. ૨૨૦ (૨૭ નવેમ્બર ૮૩૫) |
| મઝારશરીફ | : ઇમામ મૂસા કાઝિમ કી કબ્રશરીફકે પાસ,<br>કાઝિમીયા (કાઝમૈન) બગદાદશરીફ, ઇરાક |



## ★ મન્કબત ★

### દર શાને ઇમામ મોહમ્મદ તકી જવ્વાદ (રદિયલ્લાહો અન્હો)

નબુવ્વતકે ગુલશનકા નૂરી ગુલેતર
ઇમામે ઝમાના મુહમ્મદ તકી હૈં
અલીકે કમાલાતે આ'લાકા હાસિલ
વો જવ્વાદ હૈં, વો સખી બિન સખી હૈં

ઉલૂમો મઆરિફકા બેહરે રવાં હૈં
વો અઝમો અઝીમતકે રૌશન નિશાં હૈં
સિયાદતમેં અકરમ કરામતમેં આઝમ
હિદાયતકી વો બાંટતે રૌશની હૈં

ઉન્હેં માલો દુનિયાસે રગબત નહીં હૈ
વો સબ કુછ લુટાતે હૈં રાહે ખુદામેં
તહારત ખુદાને અતા કી હૈ ઇનકો
રિઝાકે હૈં નાયબ, ઇમામો વલી હૈં

કરે ક્યા બયાં ઉનકે ઔસાફ "સાજિદ"
વો અહસન, વો અજમલ, વો મેહરે વિલાયત
વો આરિફ, વો આલિમ, વો કામિલ, મુકમ્મલ
દિખાતે સભીકો રહે બંદગી હૈં

✧ જનાબે સાજિદ

---

દિલ-દાદગાને ઇશ્કે હકીકીકા હૈ ઇમામ
વલિયોંકા પેશવા હૈ મુહમ્મદ તકી હૈ નામ
જવ્વાદ ઔર કરીમ હૈ તકવામેં ફર્દ હૈ
મિલતા જહાંકો આપકે દરસો હૈ ફૈઝે આમ
નૂરે નિગાહે મુસ્તફા મૌલા અલીકા ફૂલ
તશરીએ કૌલે મુસ્તફા હૈ આપકા કલામ
"સાજિદ" નબીકે નામકા અકસ આપકા હૈ નામ
હોકર શહીદ આપકો હાસિલ હુઆ દવામ

✧ જનાબે "સાજિદ"

## શાને ઇમામ તકી રદિયલ્લાહો અન્હો

જિસકો જહાંમેં નિસ્બતે હઝરત તકી મિલી
ઉસકો લહદમેં રૌશની હી રૌશની મિલી
સીના-બ-સીના ઇલ્મકી, દૌલત બળી મિલી
હઝરત તકીકો મા'રિફત, અલ્લાહકી મિલી
બદ-બખ્તકો, ઇમામ ! તેરી દુશ્મની મિલી
હમ ખુશ-નસીબ હૈં કે હમેં દોસ્તી મિલી
કિરદારે મુસ્તફા હૈ, મુહમ્મદ તકીકી ઝાત
મૌલા અલીકી આપકો ભી સાદગી મિલી
અબ તક દિલોંપે જિનકી હુકૂમત હૈ દાઇમી
ઉનકો ફટી ચટાઈ ફટી ઝોંપળી મિલી
જિનકી ગિઝા થી સબ્ર, ક્નાઅત લિબાસ થા
ઉનકે લહૂસે દીનકો ઇક તાઝગી મિલી
જવ્વાદકા ગુલામ વો, સુલ્તાનસે અઝીમ
જિસકો નવેં ઇમામકી કુછ ચાકરી મિલી
જાહિલકો ભી સંવારકે આલિમ બના દિયા
મુર્દા દિલોંકો આપસે ફિર ઝિંદગી મિલી
કુર્બે તકીસે આલિમે દીં મુત્તકી બને
ઉનકી નઝરકો નૂરકી જલ્વાગિરી મિલી
જવ્વાદકા ગદા બના, મહબૂબે કિર-દિગાર
સરકારકી કનીઝ સદા જન્નતી મિલી
દુશ્મનકો ભી ખુલૂસસે અપના બના લિયા
ટીલા થા રેતકા, ઉસે દરિયાદિલી મિલી
ક્યોં ન પિએં વો જામે શહાદત બરાએ દીન
જિનકો હસન-હુસૈનકી સજ્જાદગી મિલી
લિખતા હૈ અહલે બૈતકી મિદહત તૂ આજ કલ
"અશરફ" તેરે કલામકો અબ બરતરી મિલી

**❊ નિઝામ કુરૈશી "અશરફ" અહમદાબાદી**



## મોહમ્મદ જવ્વાદ તકી રદિયલ્લાહો અન્હોની કરામત

◈ જ્યારે ખલીફા મામૂન રશીદે પોતાના દિકરાની શાદી પછી તેને મદીનાશરીફ તરફ મોકલ્યો તે વખતે આપ કુફામાં રોકાયા હતા. એક દિવસ આપ મસ્જિદમાં ગયા ત્યાં એક બોરડીનું સુકાઇ ગયેલ ઝાડ હતું. આપે એટલે હઝરત ઇમામ તકીએ પાણી મંગાવ્યું અને તે સૂકા ઝાડના થડ પાસે વુઝૂ કરીને ઊભા થઈ વધેલું પાણી ઝાડના મૂળમાં નાખી દીધું. આપ નમાઝ પઢવા મસ્જિદમાં ચાલ્યા ગયા. જ્યારે નમાઝ થી પરવારી પાછા ફર્યા તો પેલું સૂકુ ઝાડ એકદમ લીલુછમ થઇ ગયું હતું અને તેના પર સરસ મઝાના ફળ પણ લાગી ગયા હતા. આપે પણ એક ફળ ખાધું. જે ખૂબજ મીઠું અને મજેદાર હતું. ત્યાંના લોકો પણ આ ફળ ખાઇને ખુશ થઈ જતા હતા. આપના વુઝૂના પાણીની આ ખુલ્લી કરામત છે.

◈ જ્યારે ખલીફા મામૂન રશીદનું અવસાન થાય છે ત્યારે હઝરત ઇમામ જવ્વાદ તકી રદિયલ્લાહો અન્હો ઇરશાદ ફરમાવે છે કે આજથી ત્રીસ (૩૦) મહીના પછી હું પણ વફાત પામીશ. અને પછી જ્યારે મામૂન રશીદના મૌતને ત્રીસ મહીના થઇ ગયા કે તરત જ આપ પણ ઇન્તકાલ કરી જાય છે. સારાંશ ઇમામ મોહમ્મદ તકીને પોતાના મૌતની ખબર હતી. આ વાત ફક્ત અલ્લાહવાળાઓજ બતાવી શકે.

◈ એક માણસ આપની સેવામાં બહારગામથી હાજર થયો અને કહેવા લાગ્યો કે ફલાં માણસે આપને સલામ કહ્યા છે અને આપથી કફન માટે કાપડ મંગાવ્યું છે. તો આપે તરત જ કહ્યું કે તે માણસ આ બાબતથી આઝાદ થઇ ગયો છે. સારાંશ કે તે માણસ ૧૩ દિવસ પહેલાં મરી ગયો હતો.

આથી સ્પષ્ટ માલૂમ થાય છે કે હઝરત ઇમામ મોહમ્મદ જવ્વાદ તકી રદિયલ્લાહો અન્હોને અલ્લાહે ઇલ્મે ગૈબ અતા કર્યો હતો જે એક કરામત ગણાય છે.

## ★ હઝરત જવ્વાદની વિશેષતાઓ ★

હઝરત ઇમામ મોહમ્મદ તકી જવ્વાદ રદિયલ્લાહો અન્હોનો પ્રખ્યાત લકબ "જવ્વાદ" છે. કુન્નિયત અબુજઅફર છે. આપ મદીના મુનવ્વરામાં હિજરી સન ૧૯૫માં રમઝાનુલ મુબારક માં આપનો જન્મ થયો.

હઝરત ઇમામ જવ્વાદને પોતાના વાલિદ (પિતા) હઝરત ઇમામ અલી રઝા રદિયલ્લાહો અન્હોનો રૂહાની વારસો મલ્યો.

એહલેબૈતના ખુસૂસી ઇલ્મે ગૈબ અને ખાસ સીના બસીના પ્રાપ્ત થતો ફૈઝ પણ આપના સીના સુધી પહોંચ્યો હતો.

બાર ઇમામ પૈકી આપનું સ્થાન નવમા ઇમામ તરીકે મશહૂર છે. રસૂલે આઝમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું છે કે મારા ૧૨ (બાર) રૂહાની ખુલ્ફા છે.

આપનું નામ મોહમ્મદ જવ્વાદ તકી છે. એટલે જ આપની ઔલાદ "તક્વી" તરીકે ઓળખાય છે.


આપ મુસ્તજાબુદ દાવાત બુઝુર્ગ છે. આપની હર દુઆ કુબૂલ થતી. આપના સમયના તમામ ઉલ્મા અને ઔલિયા આપની ખિદમતમાં હાજર રહેતા હતા અને ઇલ્મે ઝાહેરી તથા ઇલ્મે બાતેનિના જાણકાર બનતા હતા.

આપે યુવાનીમાં જ ૨૫ વર્ષની ઉંમરમાં દુનિયાથી પરદો કરી લીધો છે. હિ.સ. ૨૨૦ માં મોઅતસીમે આપને ઝેર આપી શહીદ કર્યા.

આપનો મઝાર સાતમા ઇમામ હઝરત ઇમામ મૂસા કાઝિમ રદિયલ્લાહો અન્હોના મઝારશરીફ પાસે કાઝમૈન (બગદાદ) ઇરાકમાં આવેલ છે.



*જિનકા લુઆબ દે ગયા, બહત્તર ઝબાંકા ઇલ્મ*
*કમસિન અલી નકી તો ઇમામે હુમામ હૈ*




| | | |
|---|---|---|
| નામ | : | અલી |
| લકબ | : | નકી, હાદી, અસ્કરી, નાસેહ, મુ-ત-વક્કલ, ફત્તાહ, મુર્તુઝા |
| કુન્નિયત (અટક) | : | અબૂલ હસન, ષાલિષ |
| પૈદાઈશ | : | બરોઝ જુમ્આ, ૨ યા ૧૩ રજબ / ૧૫ ઝિલ્હજ્જ હિ.સ. ૨૧૨/૨૧૪ (૮ સપ્ટેમ્બર ૮૨૯) |
| પૈદાઈશગાહ | : | મદીનાશરીફકે કરીબ મકામે સુરયા |
| વાલિદ | : | હઝરત ઇમામ મુહમ્મદ તકી |
| વાલિદા | : | ઉમ્મે વલદ બીબી સમામા મગરિબિયા |
| ઉમ્ર | : | ૪૧ / ૪૨ |
| ઔલાદ | : | ૫ |
| વિસાલ | : | બરોઝ પીર, ૩ રજબ, હિ.સ. ૨૫૩/૨૫૪ (૧ જુલાઈ ૮૬૮) |
| મઝારશરીફ | : | ઇમામ હસન અસ્કરીકી તુરબત મુબારક કે પાસ, સામરા, ઈરાક |

## ★ મન્કબત ★

### દર શાને ઇમામ હઝરત અલી નકી (રદિયલ્લાહો અન્હો)

ઇમામતોંકી રૌશની, વિલાયતોંકી ચાંદની
શહાદતોંકી તાઝગી, કરામતોંકી ઝિંદગી
અલીકા ખૂન હૈં નકી, નબીકા ખૂન હૈં નકી
ખુદાને દી હૈ બરતરી, અલી નકી, અલી નકી

યે ફાતમી ગુલાબ હૈં, યે ઇલ્મકી કિતાબ હૈં
હુદાકે આફતાબ હૈં, સખાકે માહતાબ હૈં
સવાલ પૂરા હો ગયા, નકીકે દરપે જો ગયા
અજબ હૈ દરકી હાઝરી, અલી નકી, અલી નકી

થા આલિમોંમેં મર્તબા, કિયા સદા મુનાઝરા
હઝારોંકો હરા દિયા, ફિર અપના ભી બના લિયા
ખુલૂસ આપકા અજીબ, અઝીઝ થે ઉન્હેં ગરીબ
ફિદા રહા હર આદમી, અલી નકી, અલી નકી

યે સાહિબે શઊર હૈં, કે ઇનકે જદ હુઝૂર હૈં
હુસૈનકા ઝહૂર હૈં, યે નૂર નૂર નૂર હૈં
યે અર્શકી કિતાબ હૈં, જહાંમેં લાજવાબ હૈં
ઘરાના ઇનકા હાશમી, અલી નકી અલી નકી

ખલીફાકો થી દુશ્મની, તો ઝેહ્‌ર દે દિયા કભી
શહાદત આપકો મિલી, યે ખાનદાની રસ્મ થી
હો સાબિરોંકે બાદશાહ કરમકી કર દો ઇક નિગાહ
યે ઇલ્તિજા હૈ "અશરફી", અલી નકી અલી નકી

**✧ નિઝામ કુરૈશી "અશરફ" અહમદાબાદી**

---

રહ્મતની વર્ષા સૌને અર્પણ ગગન કરે છે
વાતાવરણ મહકતું શીતળ પવન કરે છે
અલ્લાહને શહીદો સૌથી વધુ ગમે છે
જન્નતના સૌ ફરિશ્તા તેમનું જતન કરે છે

**✧ અશરફ અહમદાબાદી**



## ★ હઝરત ઇમામ નકીની વિશેષતાઓ ★

◈ હઝરત સૈયદના અલી નકી હાદી રદિયલ્લાહો અન્હો એહલેબૈતના ૧૨ ઇમામો માંથી દશમા ઇમામ છે. નૂરની મહેફિલના ચમકતા તારલા છે.

◈ હઝરત ઇમામ અલી નકી રદિયલ્લાહો અન્હોનો જન્મ ૧૩ રજબના દિવસે મદીનાશરીફમાં થયો. આ ૧૩ રજબ પહેલા ઇમામ મૌલાએ કાઇનાત હઝરત અલી શેરેખુદા કર્રમલ્લાહો વજહહુનો પણ છે.

◈ આપનું નામ અલી છે. કુન્નિયત મુબારક અબુલહસન આપનો લકબ નકી છે. આપને હાદી અને અસ્કરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

◈ પ્રથમ ઇમામનું નામ પણ અલી છે. અને દશમા ઇમામનું નામ પણ અલી છે. આપની કુન્નિયત અબુલહસન છે. મૌલા અલીની પણ અબુલહસન છે. આપ પર મૌલાએ કાઇનાત અલી શેરેખુદાની ખાસ નઝરે કરમ છે. આપને ખાસ કરીને અલી નકીના નામથી ઓળખવામાં આવે છે. આપની ઔલાદને "નક્વી" કહેવામાં આવે છે.

◈ હઝરત સૈયદના ઇમામ અલી નકી રદિયલ્લાહો અન્હોએ જ્યારથી ઇમામતની ગાદી સંભાળી ત્યારથી લોકોની હિદાયત અને રૂહાની સુધારણા કરતા રહ્યા. આપનો રૂહાની દરજ્જો એવો હતો કે માણસ જ નહીં જિન્નાત અને ફરિશ્તાઓ પણ આપની વાણી સાંભળતા અને આપની નસીહત પર અમલ કરતા હતા.

◈ દશમા ઇમામ હઝરત અલી નકી હાદી, અસ્કરી રદિયલ્લાહો અન્હોની કરામતોની યાદી ઘણી લાંબી છે. બેશક આપ મકામે ઇમામત અને વિલાયતમાં અજોડ અને અનોખો મકામ રાખે છે.

*નિશાની સાથ હૈ મહશરમેં અપને બખ્શવાનેકી*
*જબીં પર ખાક હૈ, 'શાહ અસ્કરી' કે આસ્તાનેકી*




| | | |
|---|---|---|
| નામ | : | અલી |
| લકબ | : | હસન અસ્કરી, ઝકી, ખાલિસ, સિરાજ |
| કુન્નિયત (અટક) | : | અબૂ મુહમ્મદ |
| પૈદાઇશ | : | બરોઝ પીર / જુમ્આ, ૮/૧૦ રબીઉલ આખિર / ૧૦ રબીઉલ અવ્વલ હિ.સ. ૨૩૨ (૩ ડિસેમ્બર ૮૪૬) |
| પૈદાઇશગાહ | : | મદીનાશરીફ |
| વાલિદ | : | હઝરત ઇમામ અલી નકી |
| વાલિદા | : | જદીષા ઉમ્મુલ હસન / ઉમ્મે વલદ સૌસન |
| ઉમ્ર | : | ૨૮ |
| ઔલાદ | : | ૨ |
| વિસાલ | : | બરોઝ જુમ્આ, ૮ રબીઉલ અવ્વલ / આખિર, હિ.સ. ૨૬૦, (૧ જાન્યુઆરી ૮૭૪) |
| મઝારશરીફ | : | ઇમામ અલી નકીકી તુરબત મુબારકકે પાસ, સામરા, ઈરાક |



## ★ મન્કબત ★

### દર શાને ઇમામ હસન અસ્કરી (રદિયલ્લાહો અન્હો)

જમાલે શરીઅત હસન અસ્કરી હૈં
કમાલે તરીકત હસન અસ્કરી હૈં

નબીકી વિરાસત હસન અસ્કરી હૈં
અલીકી કરામત હસન અસ્કરી હૈં

નવાઝી હૈ મિલ્લતકો, ઈમાંકી દૌલત
સરાપા હિદાયત હસન અસ્કરી હૈં

સદા ખિદમતે ખલ્ક કરતે રહે આપ
મદદગારે ખલ્કત હસન અસ્કરી હૈં

સરોં પર નહીં, જો દિલોંપે રહી હૈ
કુછ ઐસી હુકૂમત, હસન અસ્કરી હૈં

ગરીબોંકે હામી, યતીમોંકે દાતા
વકારે સિયાદત, હસન અસ્કરી હૈં

કયામતકે દિનકા નહીં ખૌફ ઉનકો
કે જિનકી હિમાયત, હસન અસ્કરી હૈં

અતા ગૌષિયત, શાહે જીલાનકો કી
કસીમે વિલાયત, હસન અસ્કરી હૈં

જિન્હેં દેખકર યાદ આએં મુહમ્મદ
નિગાહોંકી જન્નત હસન અસ્કરી હૈં

યે દુનિયા વ ઉકબાકી હૈ કામયાબી
"મુહિબ" કી મુહબ્બત હસન અસ્કરી હૈં

**✧ સૈયદ દાદામિયાં એસ. કાદરી "મુહિબ" રૂપાલ**

## ★ મન્કબત ★

રહમતે મુસ્તફા હૈં હસન અસ્કરી
ને'મતે કિબ્રિયા હૈં હસન અસ્કરી
ફાતમી ગુલ-કદા હૈં હસન અસ્કરી
તોહ-ફએ મુર્તુઝા હૈં હસન અસ્કરી
હૈં હસન મુજતબા, હમ-શબીહે રસૂલ
હૂબહૂ મુજતબા હૈં હસન અસ્કરી
હર ખલીફાકે ઝુલ્મો સિતમકો સહા
બસ હુસૈની અદા હૈં હસન અસ્કરી
કૈદિયોંકો છુળાતે રહે, કૈદમેં
સબકે મુશ્કિલ-કુશા હૈં હસન અસ્કરી
આપ ઘોળે પે સરકશ હુએ થે સવાર
જાનવર ભી ફિદા હૈં ! હસન અસ્કરી
ઉંગલિયોંસે લિખા, કોરા ખત ભી પઢા
કયા કરામતનુમા હૈં હસન અસ્કરી
ગૌષે પાક, આપકે હૈં વઝીરે અઝીમ
આજ ભી બાદશાહ હૈં હસન અસ્કરી
જબ તલક હોંગે ઝાહિર ન ખત્મુલ ઇમામ
આપ હી મુકતદા હૈં હસન અસ્કરી
કુછ ઇમામે ફિકહ, કુછ ઇમામે હદીસ
ઉનકે ભી રહનુમા હૈં હસન અસ્કરી
એક "અશરફ" હૈ ક્યા, સબકી ઝોલી ભરો
હમ તુમ્હારે ગદા હૈં, હસન અસ્કરી

**❖ નિઝામ કુરૈશી અશરફી "અશરફ" અહમદાબાદી**

---

ખુદાકા ઈન્તિખાબ હૈ અલી હસન અસ્કરી
બિનાએ ઇન્કિલાબ હૈ અલી હસન અસ્કરી
ઝમીને ઇલ્મસે ઉઠે હુએ હર ઇક સવાલકા
જવાબે લાજવાબ હૈ અલી હસન અસ્કરી



## શાને હઝરત સૈયદના ઇમામ હસન અસ્કરી રદિયલ્લાહો અન્હો

◈ એહલેબૈતના, એહલે સુન્નતના બાર (૧૨) ઇમામો પૈકી આપ અગિયારમા (૧૧) ઇમામ છે. અલ્લાહ તઆલાએ પોતાના ફઝલો કરમથી આ ઇમામોને પોતાના ખાસ કરમથી ઇનામોથી નવાઝયા છે. દરેક ઇમામને બાળપણમાં વિશેષ ઇન્આમાત અર્પણ કર્યા છે.

◈ એક સમયની વાત છે આપનું બાળપણ હતું અને આપ કેટલાક બાળકો પાસે ઊભા હતા. જે બાળકો રમતા હતા આપ ચુપચાપ અલગ ઉભા હતા, એવામાં એક મહાન વલીએ કામિલ હઝરત બેહલોલ દાના રહેમતુલ્લાહ અલયહ ત્યાંથી પસાર થયા અને તેમની નજર હઝરત ઇમામ હસન અસ્કરી રદિયલ્લાહો અન્હો પર પડી. આપને જોઈને હઝરત બેહલોલ બોલ્યા, અય સાહબઝાદા તમે કેમ નથી રમતા ? શું આપને રમવા માટે રમકડાંની જરૂર છે ? તો જવાબમાં અગિયારમા ઇમામ હસન અસ્કરી એ કહ્યું કે અય બેહલોલ અમે રમવા માટે પૈદા થયા નથી. આપના આ જવાબથી જાણવા મળે છે કે એહલેબૈતના બાળકોના જવાબમાં પણ ઇલ્મનો ખજાનો છે.

◈ ઘણી કિતાબોમાં જોવા મળે છે કે બગદાદના ખલીફા હારૂન રશીદથી લઇને તમામ સત્તાધિશો, એહલેબૈતના ઇમામોને વઝીફો (સાલિયાણું) આપતા હતાં. પણ આ વાત વિચાર માંગી લે છે કે જે ઇમામોએ ઇસ્લામ માટે તન, મન અને ધન તેમજ સર્વસ્વ કુરબાન કરી દીધું હોય. દીન માટે જેમણે બધુંજ લુટાવી દીધું હોય, તેવા એહલેબૈત, અબ્બાસી ખલીફાઓ થી શું વઝીફો (ખર્ચો) લેતા હશે ? અબ્બાસીઓએ એહલેબૈત પર ઝુલ્મ કરવા શું બાકી રાખ્યું. ૧૨ ઇમામોથી ૯ (નવ)ને તો ઝેર આપીને શહીદ કર્યા. અલ્લાહ તઆલાજ ઇન્સાફ કરવાવાળો છે. જરૂર ઈન્સાફ કરશે. ૨૮ વર્ષની ભરયુવાનીમાં મોઅતમીદના ઝેરથી આપે જામે શહાદત પી લીધો. આપનો મઝાર સામરા (ઇરાક) માં આવેલ છે.

*યે ઝિંદગી ગુઝાર દો સૈયદકે સાથ સાથ*
*જન્નતમેં તુમ રહોગે 'મુહમ્મદ' કે સાથ સાથ*




| | | |
|---|---|---|
| **નામ** | : | **મુહમ્મદ** |
| **લકબ** | : | **મહદી, હુજ્જત, કાઇમુલ મુન્તઝિર, સાહિબે ઝમાં, ખાતિમ, ખત્મે ઇમામત, ખત્મુલ અઇમ્મા** |
| **કુન્નિયત (અટક)** | : | **અબૂલ કાસિમ** |
| **પૈદાઈશગાહ** | : | **મદીનાશરીફ** |
| **વાલિદ** | : | **હઝરત અબ્દુલ્લાહ** |
| **વાલિદા** | : | **બીબી આમિના** |

**હઝરત ઇમામ મુહમ્મદ મહદીકા દૌર અમ્નો સલામતી વ ખૈરો બરકતકા બેહતરીન દૌર હોગા. હઝરત ઈસા અલયહિસ્સલામ ભી ચૌથે આસ્માનસે ઇસ ધરતી પર ફિર નાઝિલ હોંગે. લેકિન વો નબી બનકર નહીં, બલ્કિ અપની મકબૂલ દુઆકે મુતાબિક, ઉમ્મતી બનકર તશરીફ લાએંગે. યહાં તક નમાઝ હોગી તો આપ મુક્તદી બનેંગે ઔર હઝરત મહદીકો ઇમામ બનાએંગે. હઝરત ઈસા દજ્જાલકો ખત્મ કરેંગે ઔર બાદમેં ઇન્તિકાલ ફરમાકર મદીનાશરીફમેં રૌઝ-એ રસૂલે આઝમમેં હી દફ્ન હોંગે. ઉસ દૌરમેં પૂરી દુનિયામેં ઇસ્લામકી હકૂમત હોગી. શેર ઔર બકરી એક સાથ નદીકા પાની પીએંગે. કમસીન બચ્ચે સાંપ વ બિચ્છૂસે ખેલેંગે. જાનવરકા દૂધ, એક બાર ધોનેસે ઇતના મિલેગા કે પૂરે ખાનદાનકો કાફી હોગા. એક મુદ્દતકે બાદ, તમામ મુસલમાન મર જાએંગે ઔર સિર્ફ કુફ્ફાર પર કયામત નાઝિલ હોગી.**



## શાને ઇમામ મહદી રદિયલ્લાહો અન્હો

મહદી ઇમામે આખરી તશરીફ લાએંગે
તબ જાકે ઇસ જહાંનમેં અચ્છે દિન આએંગે

આખરી વોહ દૌર હોગા, આપ જબ આ જાએંગે
ગુલ-ફસાં હોગા ઝમાના, આપ જબ આ જાએંગે
ફાતિમા કે ગુલ ! યે આલમ મુન્તઝિર હૈ આપકા
શાદ હો જાએગી દુનિયા, આપ જબ આ જાએંગે
ઝૂમ ઉઠેગા આસ્માં ભી, નૂર કી બરસાતમેં
જશ્ન ઐસા હોગા મૌલા, આપ જબ આ જાએંગે
કશ્તિએ ઇન્સાં અગર યે ગર્દિશે તૂફાંમેં હૈ
આ હી જાએગા કિનારા, આપ જબ આ જાએંગે
ડર નહીં તારિકીયોંસે, દિલકો યે ઉમ્મીદ હૈ
દૌર હોગા રૌશનીકા, આપ જબ આ જાએંગે
"જઅફરે" બે-ઇલ્મકો ભી દેખના હૈ જિસ ઘડી
જી ઉઠેગા ઇક ઝમાના, આપ જબ આ જાએંગે

**✧ જઅફર અસ્કરી**

મહદી ઇમામ આખિરી તશરીફ લાએંગે
તબ જાકે ઇસ જહાનમેં અચ્છે દિન આએંગે
ઉસ દૌરમેં હી પાઓગે અમ્નો સલામતી
જબ ઉમ્મતીકી શક્લમેં ઇસા ભી આએંગે
વો દૌર હોગા ખૈરકા, બરક્ત કા ફૈઝકા
પરચમ નબીકા સારે જહાંમેં લગાએંગે
ઝુલ્મો સિતમ વ કેહરકા કર દેંગે ખાતિમા
દજ્જાલકો, મસીહ મિટાકર દિખાએંગે
ઇસા નબી બનેંગે નમાઝોમેં મુક્તદી
હઝરત ઇમામ મહદી નમાઝેં પઢાએંગે

**✧ નિઝામ કુરૈશી "અશરફ" અહમદાબાદી**

## બારમા ઇમામ હઝરત ઇમામ મોહમ્મદ મહદી રદિયલ્લાહો અન્હોની આમદ (પધરામણી) બાબતે હદીસેપાકમાં થયેલ રિવાયત

◈ ક્યામત નજીક અલ્લાહ તઆલા એક શખ્સ (વ્યક્તિ)ને દુનિયા પર પૈદા ફરમાવશે જેનું નામ મારા નામ પ્રમાણે મોહમ્મદ હશે. જેના બાપનું નામ મારા બાપના નામ પ્રમાણે અબ્દુલ્લાહ હશે. જેની માં નું નામ મારી માં ના નામની જેમ આમેના હશે.

(મિશ્કાતશરીફ, ભાગ-૩, પેજ ૧૨૮)

◈ હઝરત સૈયદના ઇમામ મોહમ્મદ મહદી રદિયલ્લાહો અન્હો બારમા ઇમામ છે. આપ ઇમામે આખરૂઝ ઝમાન છે. હઝરત ઇમામ મહદીને હુઝૂર સરવરે કાઇનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી ઘણીજ મહોબ્બત હશે. આપ હુઝૂરના નાયબ તરીકેની જવાબદારી બરાબર અદા કરશે. એટલે જ આપની આમદ (તશરીફ આવરી)ની હુઝૂર ખબર આપી રહ્યા છે.

રસૂલે આઝમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હાદી હિદાયત આપનાર છે. ઇમામ મહદી પણ હિદાયત આપનારા હશે.

જેમ આગલા પયગમ્બરોએ આપણા આકા હઝરત અહમદે મુજતબા મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની આમદ (પધરામણી) ની ખબર આપી હતી તેમ રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ઇમામ મહદીની આમદની ખબર આપી છે.

◈ હઝરત મૌલાએ કાઇનાત અલી શેરેખુદા કર્રમલ્લાહો વજહહુ થી રિવાયત છે કે ફરમાવ્યું રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કે મહદી અમારામાંથી થશે એટલે કે એહલેબૈતમાંથી



હશે. અલ્લાહ તઆલા એક રાતમાં જ ઇમામત અને ખિલાફતની લાયકાત અર્પણ કરી દેશે.

(ઇબ્ને માજા, ઇમામ અહમદ, ઇબ્ને અલી શયબા)

◈ હઝરત અનસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે ફરમાવ્યું રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કે અમો અબ્દુલ મુત્તલિબની ઔલાદ જન્નતવાળાઓની સરદારી કરીશું જેમાં હું, હમ્ઝા, અલી, જઅફર, હસન, હુસૈન અને મહદી હશે.

(ઇમામ ઇબ્ને માજા)

◈ હઝરત અબુ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે નજીકમાં હઝરત ઈસા ઇબ્ને મરિયમ અલૈહિસ્સલામ હઝરત ઇમામ મહદી રદિયલ્લાહો અન્હોથી મુલાકાત કરશે અને હઝરત ઈસા અલૈહિસ્સલામ સલીબ (ફાંસીનો માંચડો) તોડશે. ખિન્જીરને કત્લ કરશે અને જઝીયા વેરો બંધ કરશે અને યુદ્ધના હથિયાર મુકાવી દેશે. (ઇમામ અહમદ)

◈ હઝરત અબૂ સઇદ ખુદરી રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલે આઝમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે જ્યારે દુનિયામાં જુલ્મો સિતમ વધી જશે, અશાંતિ ફેલાઈ જશે તો મારી ઔલાદમાંથી એક શખ્સ પૈદા થશે, જે સાત વર્ષ કે નવ વર્ષ હુકૂમત (રાજ) કરશે. એ પોતાના સમયમાં આ દુનિયાને ન્યાય-ઇન્સાફથી ભરી દેશે (એ શખ્સ ઇમામ મહદી હશે)

(ઇમામ અહમદ, હાકિમ)

◈ હઝરત અબૂ હુરૈરાહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે મારી ઉમ્મતમાં

એક મહદી થશે. જેનો ખિલાફત કાળ સાત, આઠ કે નવ વર્ષ હશે. તેના ઝમાનામાં મારી ઉમ્મત ઘણીજ સુખી અને ખુશહાલ હશે. કોઈ દુ:ખી નહીં હોય. અલ્લાહ તઆલા ખૂબ વરસાદ વરસાવશે. જમીન ખૂબ અનાજ ઉગાડશે. એક વ્યક્તિ માંગવા આવશે તો ઇમામ મહદી ક્હેશે આ ખજાનામાંથી તારે જેટલુ જોઇતું હોય એટલું લઇ જા. આપ પોતાના બન્ને હાથોથી ભરી ભરીને સાઇલોને આપશે. (ઇમામ તિબરાની)

◈ હઝરત ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હાથી રિવાયત છે કે રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે મારી ઉમ્મતના એક શખ્સ (મહદી)થી મક્કામાં હજરે અસ્વદ અને મકામે ઇબ્રાહીમની વચ્ચે બદરવાળા સહાબાની બરાબર એટલે ૩૧૩ વ્યક્તિઓ (માણસો) તેમનાથી બૈઅત કરશે (મુરીદ બનશે) પછી તે ઇમામ (મહદી) પાસે ઇરાક અને મુલ્કે શામના ઔલિયા અને અબ્દાલો પણ હાજર થશે. અને તે પણ બૈઅત કરશે. (ઇમામ હાકિમ, ઇબ્ને અલી શયબા)

◈ હઝરત જાબિર બિન સમરા રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ફરમાવતા મેં સાંભળ્યા છે કે આ દીન (ઇસ્લામ) બાર (૧૨) ખલીફા (ઇમામો)ના આવવા સુધી સલામત છે. લોકોએ "અલ્લાહુ અકબર"નો નારો લગાવ્યો અને શૌર (અવાજ) વધી ગયો. આપે કહ્યું પણ હું ના સમજ્યો તો મારા બાપ જે હાજર હતા મેં તેમને પૂછ્યું, હુઝૂરે શું કહ્યું ? તો જવાબમાં મારા બાપે કહ્યું કે હુઝૂરે એમ કહ્યું કે એ બાર (૧૨) ખુલ્ફા મારા કુરેશ ખાનદાનમાંથી હશે અર્થાત ૧૨ (બાર) હિદાયતના ઇમામ, તમામ એહલેબૈતમાંથી જ હશે. (ઇમામ અબુ દાઊદ)



◈ હઝરત સૌબાન રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે ફરમાવ્યું નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કે નજીક્માં તમારા તરફ ખુરાસાનની બાજુએથી કાળા ઝંડા આવતા દેખાશે તમે તેમની પાસે જજો. તેઓમાં અલ્લાહના ખલીફા હઝરત ઇમામ મહદી રદિયલ્લાહો અન્હો હશે. (ઇમામ દેલમી)

◈ હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ ઝૈદી રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂર નબીએ અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે પૂર્વ તરફથી લોકો આવશે, જે હઝરત ઇમામ મહદીની હુકૂમત સામે ઝુકી જશે. (ઇબ્ને માજા, તિબરાની)

◈ હઝરત હુઝૈફા રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે મહદી મારી ઔલાદમાંથી હશે. તેમનો રંગ અરબી હશે અને શરીરનો બાંધો ઇસરાઈલી હશે. તેમના જમણા ગાલ પર તલ નું નિશાન હશે જે તારા ની જેમ ચમકતો હશે. તે આ દુનિયામાં ન્યાય-ઇન્સાફ કાયમ કરશે. બધાજ લોકો ખુશહાલ હશે. આપની ખિલાફતથી જમીનવાળા અને આકાશવાળા બધાજ રાજી હશે. આકાશમાં ઉડતા પક્ષીઓ પણ આપથી ખુશ થશે. (ઇમામ દેલમી)

◈ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી રદિયલ્લાહો અન્હોએ એક દિવસ રસૂલે આઝમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી સવાલ ક્ર્યો કે, યા રસૂલલ્લાહ ! અલ્લાહપાકે કુર્આને પાકમાં સૂરે નિશા આયત નં. ૫૯માં ફરમાવ્યું કે, "હે ઇમાનવાળાઓ ! તમે અલ્લાહની અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની ઇતાઅત કરો અને ઉલીલ અમ્રની પણ ઇતાઅત કરો જે તમારામાંથી છે." તો મારી સમજમાં અલ્લાહ અને તેના રસૂલ તો આવી ગયા પણ આ ઉલીલ અમ્ર કોણ છે.

કે જેમની ઇતાઅત અલ્લાહ અને તેના રસૂલની ઇતાઅત સાથે જોડી દીધી છે ?

આ સવાલ સાંભળી રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે, હે જાબીર ! તેઓ મારા પછી મારા ખલીફા અને મુસલમાનોના ઇમામ છે. જેમની સંખ્યા બાર (૧૨) છે. જેમાં સૌથી પહેલા હઝરત અલી (રદિયલ્લાહો અન્હો) છે. પછી હઝરત ઇમામ હસન (રદિયલ્લાહો અન્હો) પછી હઝરત ઇમામ હુસૈન (રદિયલ્લાહો અન્હો) પછી હઝરત અલી ઇબ્ને હુસૈન ઉર્ફ ઝૈનુલઆબેદીન (રદિયલ્લાહો અન્હો) પછી ઇમામ મોહમ્મદ બાકિર બિન ઝૈનુલઆબેદીન (રદિયલ્લાહો અન્હો) પછી ઇમામ જાઅફર સાદિક (રદિયલ્લાહો અન્હો) પછી હઝરત ઇમામ અલી મૂસા કાઝિમ (રદિયલ્લાહો અન્હો) પછી હઝરત ઇમામ મોહમ્મદ અલી રઝા (રદિયલ્લાહો અન્હો) પછી હઝરત ઇમામ મોહમ્મદ તકી જવ્વાદ (રદિયલ્લાહો અન્હો) પછી હઝરત ઇમામ અલી નકી (રદિયલ્લાહો અન્હો) પછી ઇમામ હસન અસ્કરી (રદિયલ્લાહો અન્હો) અને તેમના પછી મારા નામની જેમ તેમનું નામ હશે અને તે છે બારમા હઝરત ઇમામ મહદી (રદિયલ્લાહો અન્હો).

(યનાબેઉલ મવદ્દત, રૌઝતુલ અહબાબ, શવાહેદુન્નબુવત)

◈ હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હો કહે છે કે એક દિવસ નાઅસલ યહૂદી આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને મળવા આવ્યો અને અરજ કરી કે હું આપને કેટલાક સવાલ પૂછવા આવ્યો છું જો આપ સાચા જવાબ આપશો તો હું ઈમાન લઇ આવીશ (મુસલમાન બની જઇશ) આપે જવાબ આપ્યો કે જે કાંઇ પૂછવું હોય તે પૂછી શકો છો. યહૂદીએ પહેલો સવાલ અલ્લાહપાકની વહદાનિયત બાબતે પૂછ્યો. હુઝૂરે તેને જવાબ



આપી દીધો. યહૂદીને જવાબથી સંતોષ થઇ ગયો. પછી યહૂદીએ આપના વસી (ખલીફા, ઇમામો) બાબતે સવાલ કર્યો. તો હુઝૂર સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જવાબમાં જણાવ્યું કે મારા પહેલા વસી હઝરત અલી ઇબ્ને અબીતાલિબ રદિયલ્લાહો અન્હો છે. પછી તેમના ફરઝંદો હઝરત ઇમામ હસન (રદિયલ્લાહો અન્હો) અને હઝરત ઇમામ હુસૈન (રદિયલ્લાહો અન્હો) છે અને તે પછી આઠ (૮) ઇમામો હઝરત ઇમામ હુસૈન રદિયલ્લાહો અન્હોની નસલ (વંશ) થી થશે.

(ફરાએદુલ સમતૈન, યનાબેઉલ મુવદ્દત, તફસીર અન્વારૂલ કુર્આન)

અંતિમ એક ઇમામ હઝરત ઇમામ મહદી, હઝરત ઇમામ હસન રદિયલ્લાહો અન્હોના વંશજ હશે.

◈ ઉમ્મુલ મોમેનીન હઝરત ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હા ફરમાવે છે કે મે રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ફરમાવતા સાંભળ્યા છે કે આપે કહ્યું ઇમામ મહદી મારી નસલ અને ફાતિમા રદિયલ્લાહો અન્હાની ઔલાદમાંથી હશે.

(અબૂ દાઊદ, ઇબ્ને માજા)

◈ હઝરત અબૂ ઇસ્હાક રદિયલ્લાહો અન્હો બયાન કરે છે કે હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ પોતાના દિકરા હઝરત ઇમામ હસન રદિયલ્લાહો અન્હોને જોયા અને ફરમાવ્યું કે મારો આ દિકરો સરદાર બનશે અને નજીકમાં તેની ઔલાદમાં એક એવી શખ્સિયત પૈદા થશે જેનું નામ આપણા નબીના નામ જેવું હશે અને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સંપૂર્ણ પૈરવી કરશે અને તે શખ્સ દુનિયામાં ઇન્સાફ કાયમ કરશે.

(અબૂ દાઊદ)

◈ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે દુનિયા ત્યાં સુધી ખતમ નહીં થાય જ્યાં સુધી મારા અહલેબૈતમાંથી એક શખ્સ અરબનો બાદશાહ ન બની જાય જેનું નામ મારા નામ પ્રમાણે હશે (એટલે મોહમ્મદ) આ સંકેત ઇમામ મહદી માટે છે. (તિરમીઝી, ઇમામ અહમદ)

◈ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે ઇમામ મહદી તશરીફ લાવશે. તેમના માથા પર અમામા (પાઘડી) હશે. એક મુનાદી (એલાન કરનાર) એવું એલાન કરશે કે "આ મહદી છે. જે અલ્લાહ તઆલાના ખલીફા છે માટે તમો તેમના પૈરવી (અનુસરણ) કરો." (ઇમામ દેલમી)

◈ હઝરત અબુ સઇદ ખુદરી (રદિયલ્લાહો અન્હો) બયાન કરે છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી પૂછવામાં આવ્યું કે આપના પછી શું થશે તો જ્વાબમાં આકાએ ફરમાવ્યું કે મારી ઉમ્મતમાં ઇમામ મહદી થશે. જે પાંચ કે સાત વર્ષ સુધી હુકૂમત (બાદશાહત) કરશે તેના સમયમાં બધાજ લોકો સુખી અને ખુશહાલ હશે. શાંતી અને સમૃદ્ધિનો જમાનો હશે. (ઇમામ દેલમી)



## હદીસનું માર્ગદર્શન

આપણે હદીસશરીફની રૌશનીમાં જોયું કે બારમા ઇમામ હઝરત મોહમ્મદ મહદી રદિયલ્લાહો અન્હો વિષે આપણા આકા હુઝૂર તાજદારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જે ફરમાવ્યું તે ફરમાને રસૂલથી આટલી વાતો સ્પષ્ટ સત્ય પુરવાર થાય છે કે હઝરત ઇમામ મહદી હવે તશરીફ લાવશે ઇન્શાઅલ્લાહ.

(૧) ઇમામ મહદી આલે નબી, ઔલાદે અલી એટલે કે એહલેબૈતમાંથી હશે.

(૨) ઇમામ મહદી હઝરત ઇમામ હસન મુજતબાની ઔલાદમાંથી હશે એટલે હસની સૈયદ હશે.

(૩) ઇમામ મહદીના માતા-પિતાનું નામ રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના માતા-પિતાના નામની જેમ આમેના અને અબ્દુલ્લાહ હશે.

(૪) ઇમામ મહદી ક્યામત નજીક હશે ત્યારે પૈદા થશે.

(૫) ઇમામ મહદીના ઝમાનામાં આસ્માનથી પયગમ્બર હઝરત ઇસા ઇબ્ને મરિયમ (અલૈહિસ્સલામ) જમીન પર ઉતરશે. એ વખતે તેઓ નબી બનીને નહીં, પણ ઉમ્મતે મોહમ્મદી બનીને આવશે.

(૬) હિદાયતના ૧૨ (બાર) ઇમામ આલે નબી, ઔલાદે અલી એટલે કે એહલેબૈતમાંથી છે.

(૭) આલે નબી, ઔલાદે અલી સિવાય બીજા કોઈપણ ખાનદાનવાળા ઇમામ મહદી બની શકશે નહીં.

(૮) હઝરત ઈસા ઇબ્ને મરિયમ (અલૈહિસ્સલામ) હઝરત ઇમામ મહદી રદિયલ્લાહો અન્હોની પાછળ નમાઝ પઢશે. એટલે હઝરત ઈસા (અલૈહિસ્સલામ) મુક્તદી બનશે અને હઝરત ઇમામ

મહદી રદિયલ્લાહો અન્હો ઇમામ બનશે.

(૯) હઝરત ઇમામ મહદી (રદિયલ્લાહો અન્હો) પુરી દુનિયાના બાદશાહ બનશે આપની હુકૂમત પાંચ, સાત કે ચાલીસ વર્ષ સુધી રહેશે. આપ જગતમાં અદલ (ન્યાય) કાયમ કરશે.

(૧૦) ઇમામ મહદીની હુકૂમત (સલ્તનત)માં બધે જ શાંતી, સુખ અને ખુશહાલીની પુરબહાર હશે. પુષ્કળ જોઈતો વરસાદ પડશે. ખેતીની ઉપજ અઢળક થશે. ફળ ફળાદી પણ ખૂબ પાકશે. દરેક બંદો સુખી નજર આવશે.

(૧૧) હરમશરીફમાં મકામે ઇબ્રાહીમ અને હજરે અસ્વદ વચ્ચે હઝરત ઇમામ મહદી રદિયલ્લાહો અન્હો મૌજૂદ હશે ત્યારે તે સમયના ઔલિયા, અબ્દાલો, ઉલ્મા, ઈમાનવાળા લોકો આપના હાથ પર બૈઅત કરશે (મુરીદ બનશે) અને એ વખતે એક ગેબી અવાજ સંભળાશે કે આ ઇમામ મહદી છે. તેમની પૈરવી ઇતાઅત કરો. તેમાંજ માણસની ભલાઇ છે.

(૧૨) હિદાયતના બાર (૧૨) ઇમામો પૈકી અગિયાર (૧૧) ઇમામ થઇ ગયા છે. દરેક ઇમામની અલ્પ માહિતી આપે વાંચી લીધી છે. બાર (૧૨) માં અને છેલ્લા ઇમામ મહદી રદિયલ્લાહો અન્હો છે. જેમના આવવા બાબતે આપણા પ્યારા નબીએ કરીમ હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જે નિશાનીઓ બતાવી છે તે જોતા હઝરત ઇમામ મહદીને આવવાની વાર છે. આ અકીદો, માન્યતા, એહલે સુન્નત વ જમાતનો છે. જે હક છે.

**ફરમાને નબી, ફરમાને ખુદા હૈ**
**નબી કી ઇતાઅત, ઇતાઅત ખુદા કી**



## સહાબા અને એહલેબૈત

અલ્લાહ તઆલાના આખરી પયગમ્બર હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ઈમાનની હાલતમાં માથાની આંખોથી જોનાર અને ઈમાન સાથે જેની વફાત થાય તે ખુશનસીબને સહાબી કહેવામાં આવે છે. સહાબીનું બહુવચન સહાબા કે અસ્હાબ થાય છે. ઉમ્મતે મોહમ્મદિયામાં નબી પછી સહાબાનો મર્તબો સૌથી મોટો ગણાય છે. કોઈ આબિદ, ઝાહિદ, મુત્તકી, આલિમ બલ્કે વલીઅલ્લાહ પણ એક અદના સહાબીની બરાબરી કરી શકતા નથી. સહાબીએ રસૂલની શાન અને ઓળખ આપતી કુર્આને મજીદની આ આયતને જુઓ. અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

**"મોહમ્મદુર રસૂલુલ્લાહ. વલ્લઝી-ન મ-અ-હુ અશિદ્દા-ઉ અલલ કુફ્ફારિ રુ-હમા-ઉ બૈનહુમ."** (સૂરે ફત્હ, આયત-૨૯)

અર્થ : મોહમ્મદ અલ્લાહના રસૂલ છે. અને તેમના સાથીદારો, કાફિરો પર સખત છે અને પરસ્પર કોમળ હૃદયના છે. (કન્ઝુલ ઈમાન)

અલ્લાહ તઆલાના મહેબૂબ, અમારા આકા હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સહાબા વિશે કુર્આનની રૌશનીમાં એક નાની ઝલક જોઇ હવે આવો આપણે એહલેબૈત વિશે પણ જાણકારી મેળવીએ.

એહલેબૈત એટલે નબીના ઘરવાળાઓ એવો અર્થ સ્પષ્ટ થાય છે. અલ્લાહ તઆલા તેના પ્યારા, વ્હાલા નબીના ઘરવાળાઓની શાન પણ કુર્આનમાં આ રીતે બયાન કરે છે.

**"ઇન્નમા યુરીદુલ્લાહુ લિયુઝ-હિ-બ અન્કુમુર રિજ-સ અહલલ બૈતિ વયુ-તહ-હિ-રકુમ તત્હીરા."** (સૂરે અહઝાબ, આયત-૩૩)

અર્થ : અલ્લાહ તો એજ ઇચ્છે છે. અય નબીના ઘરવાળાઓ કે તમારાથી પ્રત્યેક નાપાકી દૂર કરી નાખે અને તમને પાક કરીને ખૂબ સ્વચ્છ કરી આપે. (કન્ઝુલ ઈમાન)

**ઉનકી પાકીકા ખુદાએ પાક કરતા હૈ બયાં**
**આયતે તતહીરસે ઝાહિર હૈ શાને એહલેબૈત**

અલ્લાહ તઆલાએ કુર્આનેપાક્માં એહલેબૈત એટલે નબીના ઘરવાળા, નબીની બીબીઓ, નબીની ઔલાદની મહોબ્બત ઉમ્મત માટે વાજીબ ઠેરવી છે. તે બાબતે ફરમાને ઇલાહી છે કે,

**"કુલ લા અસ-અલુકુમ અલૈહિ અજરન ઇલ્લલ મુવદ્દ-ત ફિલ કુરબા."**

(સૂરે શૂરા, આયત-૨૩)

અર્થ : અય મહેબૂબ આપ ફરમાવીદો કે હું તમારાથી કોઈ વળતર, અજર કે બદલો લેવા માંગતો નથી. મેં જે દીન ની તબ્લીગ કરી, રિસાલતની ફરજ અદા કરી, તમારા સુધી દીને ઇસ્લામ પહોંચાડ્યો તેના એવજ માં મારા ઘરવાળા-કરાબતવાળાઓથી મવદ્દ-ત (ખૂબ મોહબ્બત) કરો.

આ આયતની તફસીરથી જાણવા મળે છે કે અલ્લાહપાકે તેના હબીબના નજીક્ના સગા (કરાબતદારો)ની મોહબ્બત કરવા આ ફરમાન જારી કર્યું.

મહાન ઇમામ હઝરત નૌમાન બિન સાબિત એટલે ઇમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોએ ઉમ્મતે મોહમ્મદિયા પર એહલેબૈતની મહોબ્બત વાજીબ કરાર આપી છે.

હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે જ્યારે સહાબાઓએ અરજ કરી કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ આપના તે કરાબતદારો એટલે નજીક્ના સગાઓ કોણ છે જેમની મહોબ્બત અમારા પર વાજીબ થઈ ગઈ છે.

જ્વાબમાં હુઝૂર તાજદારે અંબિયા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે હઝરત અલી, બીબી ફાતિમા, હસન અને હુસૈન રિદવાનુલ્લાહે તઆલા અજમઇન મારા ઘરવાળા (એહલેબૈત) છે. મારા નજીક્ના (કરાબતદારો) છે.

જ્યારે આયતે તતહીર (સૂરે અહઝાબ) નાઝિલ થઈ ત્યાર પછી રસૂલેપાક ઘરમાં તશરીફ લઈ ગયા અને પોતાની કમ્લી ઓઢીને બહાર તશરીફ લાવ્યા તો આપની કમ્લીની અંદર એક તરફ હઝરત



અલી અને હઝરત બીબી ફાતિમા અને બીજી તરફ ઇમામે હસન અને ઇમામે હુસૈનને પોતાની કમ્લીમાં છુપાવીને લાવ્યા. અને બારગાહે ઇલાહીમાં દુઆ કરી, "યા અલ્લાહ ! આ મારા એહલેબૈત છે. મારા ખાસ ચહીતા છે. તુ એમનાથી પલીદી દૂર કર અને તેમને સાફ-સુથરા, ચોખ્ખા બનાવી દે." (અહિંયા પલીદીથી અર્થ ગુનાહોથી પાક કરવું થાય છે.)

આથી સાબિત થઇ ગયું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના એહલેબૈત (ઘરવાળાઓ)માં કોનો સમાવેશ થાય છે તે જાહેર થઇ ગયું કે હઝરત મૌલા અલી, બીબી ફાતિમા ઝહરા, હઝરત હસન અને હઝરત હુસૈન છે. તેમાં કોઇ શંકા નથી. આપની ઔલાદ (વંશજો) સૈયદ-સાદાત ગણાય છે.

**અલ્લાહ તઆલાના પ્યારા પયગમ્બર હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું ફરમાન છે કે, "મસલુ એહલેબૈતી મસલુ સફીનતી નૂહ"** અર્થાત મારા એહલેબૈતની મિસાલ (ઉપમા) હઝરત નૂહ અલૈહિસ્સલામની કશ્તી (હોડી)ની જેમ છે. જે લોકો કશ્તીએ નૂહમાં બેસી ગયા તે સહી-સલામત મંઝિલ પર પહોંચી ગયા બસ એજ રીતે હુઝૂરના એહલેબૈત પણ છે. જે એહલેબૈતનો દામન પકડશે તે સહી-સલામત પોતાની મંઝિલે મકસૂદ પર પહોંચશે. દરિયાઈ સફર હોડી (નાવ) વિના થઈ શક્તો નથી તેમ ઈમાનના સાગર ને પાર કરવો એહલેબૈત વિના અશક્ય છે. એહલે સુન્નત વ જમાઅત એહલેબૈત ની નાવમાં બેસીને (દામન થામીને) પોતાની મંઝિલ પર પહોંચી ગયા પણ જેમણે એહલેબૈતથી બગાવત કરી, દુશ્મની કરી, એ હજુ સુધી ભટકી રહ્યા છે. ગુમરાહ થઈ ગયા છે. તેમને મંઝિલ ક્યાંથી મળે ?

રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે ખુદાની કસમ કોઈ **મુસલમાનના દિલમાં ઈમાન દાખલ નહીં થાય જ્યાં સુધી તે મારા એહલેબૈતને અલ્લાહ વાસ્તે અને મારી નિસ્બત (સગાઈ)ના કારણે મોહબ્બત ના કરે.** (તિરમીઝી શરીફ, ઇમામ અહમદ)

## ★ શાને સહાબા ★

અલ્લાહ તઆલાના આખરી નબી હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સાથીઓ (સહાબાઓ, દોસ્તો)ની પૈરવી કરો, તેમનું અનુસરણ કરો. કારણ કે ઉમ્મતે મોહમ્મદીમાં સૌથી વધુ નેક, દીનદાર, સૌથી વધારે ઊંડુ જ્ઞાન (ઇલ્મ) ધરાવનાર, લોકોને તકલીફ નહીં આપનાર, હિદાયતમાં મજબૂત, એવા સહાબાઓને અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સોહબત અને દીને ઇસ્લામની તબ્લીગ માટે પસંદ કરી લીધા છે. બસ તેમની ફઝીલત-મહાનતાને ઓળખો અને તેમના બતાવેલા માર્ગ પર ચાલો કારણ કે તેમનો માર્ગજ સીધો (સીરાતે મુસ્તકીમ) છે. બેશક સહાબાની શાન સૌથી અનોખી છે તેમની બરાબરી કોઈ ના કરી શકે.

ફરમાને નબવી છે કે, **"મસલો અસ્હાબી મસલુન નુજૂમ"** હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમરથી રિવાયત છે કે ફરમાવ્યું રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કે મારા સહાબાની મિસાલ આકાશના તારાની જેમ છે. જેનાથી લોકો રસ્તો શોધે છે. અને મંઝિલ પર પહોંચે છે. જે મારા સહાબાનું અનુસરણ કરશે તેમની ઇતાઅત કરશે તે હિદાયત પ્રાપ્ત કરશે. (તિબરાની, બયહકી)

હઝરત જાબિર રદિયલ્લાહો અન્હો બયાન કરે છે કે હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે એ મુસલમાનને જહન્નમની આગ હરગિઝ અડી પણ નહીં શકે જેણે મને જોયો હોય અથવા મને જોનાર (સહાબી)ને જોયો હોય. (મુસ્લિમ, અહમદ)

હઝરત આયશા સિદ્દીકા રદિયલ્લાહો અન્હા ફરમાવે છે કે એક માણસે આકા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી સવાલ કર્યો કે, યા રસૂલલ્લાહ ! ક્યા લોકો બહેતરીન (બહુજ સારા) છે. તો જવાબમાં આપે ફરમાવ્યું આ ઝમાનાના જેમાં હું પણ છું અને પછી નો ઝમાનો (સહાબાનો ઝમાનો) તે પછી નો ઝમાનો એટલે તાબેઇન નો ઝમાનો અને તે ઝમાનાના લોકો ઘણાજ સારા છે. (મુસ્લિમ, અહમદ, ઇબ્ને શૈબા)



હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ તમામ બંદાઓના દિલોની તરફ નજર નાખી તો હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના દિલને સૌથી બહેતર (સારૂ) જોયું. તે દિલને પોતાના માટે ખાસ પસંદ કરી લીધું ત્યાર પછી અલ્લાહ તઆલાએ બાકીના જે બંદા હતા તેમના દિલ પર નજર નાખી તો સહાબાઓના દિલ સૌથી શ્રેષ્ઠ નજર આવ્યા તો એ સહાબાઓને તેના પ્યારા નબીના વજીર બનાવી દીધા. જે દીને ઇસ્લામ માટે જેહાદ પણ કરે છે. જે વસ્તુને બધા મુસલમાન સારી સમજે તો અલ્લાહ તઆલાના નજદીક પણ સારી જ છે. જેણે તે બુરી સમજે તેને અલ્લાહ તઆલા પણ બુરા જ સમજે છે. (ઇમામ અહમદ, તીબરાની, બયહકી)

**ખાસ નોંધ :-** હુઝૂરના એહલેબૈતને સહાબાનો દરજ્જો પણ હાંસિલ છે. અર્થાત મૌલાએ કાઈનાત અલી, ઔરતોની સરદાર બીબી ફાતિમા ઝહરા, ઇમામ હસન મુજતબા, ઇમામ હુસૈન શહીદે કરબલા રિદવાનુલ્લાહે તઆલા અજમઇનની શાન તો જુઓ કે એહલેબૈત હોવાની સાથે સાથે સહાબિયતની ફઝીલત પણ હાંસિલ છે.

**ઈમાનનો સિક્કો :-** સિક્કાની બે બાજુ હોય છે. જે સિક્કાની બન્ને બાજુ સારી હોય તો જ સિક્કો ચાલે છે. જો કોઇ એક બાજુ સારી હોય અને બીજી બાજુ ખરાબ હોય તો સિક્કો ચાલતો જ નથી. ખોટો સાબિત થાય છે તેમ ઈમાનના સિક્કાની પણ એક બાજુ સહાબાની મહોબ્બત છે અને બીજી બાજુ એહલેબૈતની મહોબ્બત છે. સાચો મુસલમાન એજ છે જે બન્નેથી મહોબ્બત કરે છે અને મહોબ્બતના કારણે બન્નેની ઇતાઅત, અનુસરણ પણ કરે છે.

**એહલે સુન્નતકા હૈ બેડા પાર અસ્હાબે હુઝૂર...**
**...નજમ હૈ ઔર નાવ હૈ ઇતરત રસૂલુલ્લાહ કી**

◊ વર્તમાન કાળમાં અમલ માટે ઘણીજ મહેનત થતી હોય તેવું દેખાય છે. પણ એ અમલ કાબિલે કબૂલ તો ત્યારે જ થાય છે. જ્યારે અમલથી પહેલા ઈમાનનું હોવું જરૂરી છે. બેશક નમાઝ, રોઝા, હજ, ઝકાત ઈમાનવાળા પર ફર્ઝ ઠેરવવામાં આવ્યા છે. જો ઈમાન જ ના હોય તો આ સારા અમલ નો કોઈ અર્થ રેહતો નથી.

ઈમાનની સલામતી જોઇતી હોય તો ઇશ્કે રસૂલ, ઇશ્કે એહલેબૈત, ઇશ્કે સહાબા, ઇશ્કે ઔલિયા અલ્લાહ નો ખજાનો ભેગો કરે અને પછી અમલની શરૂઆત કરો. આપના અમલને કોઈ નુકશાન નહીં પહોંચે. મોમિન માટે ઈમાન અને અમલ બન્નેની જરૂરત છે.

અલ્લાહ તઆલા અમો સૌને ઈમાનની સાથે નેક આમાલ કરવાની તૌફીક અતા કરે. આમીન.

**કૌન કેહતા હૈ કે નુકશાન ઉઠાકર લે જા**
**જિસસે બખ્શિસ હો વો સામાન બચા કર લે જા**
**રાહમેં ખૌફ હૈ ચોરોંકા, લુટેરોંકા બહોત**
**દિલ કી સંદૂકમેં ઈમાન છુપાકર લે જા**
**✧ 'શૈદા' કુરૈશી**

◊ **કબરમાં પૂછાતા સવાલ :-**

કબરમાં ત્રણ સવાલ પૂછવામાં આવે છે. જેનો ઇન્કાર કોઇ કરી શક્તો નથી. પહેલો સવાલ હશે તારો રબ (પાલનહાર) કોણ છે ? બીજો સવાલ એ હશે કે તારો દીન (ધર્મ) ક્યો છે ? અને ત્રીજો સવાલ એ પૂછાશે કે એક નૂરાની ચેહરાવાળા બુઝુર્ગ હશે તેમની તરફ ઇશારો કરીને પૂછવામાં આવશે કે બતાવ આ મર્દ વિશે તું શું ક્હેતો હતો.

કબ્ર પેહલી મંઝિલ છે. પહેલી પરીક્ષાનું સ્થળ (મકામ) છે. તેમાં પૂછાતા ત્રણે સવાલ ઈમાન બાબતના હશે, અમલ ના નહીં. અમલના સવાલ તો મૈદાને હશ્રમાં થશે. મુસલમાનો આપણી પહેલી પરીક્ષા ઈમાન વિશે છે. માટે જવાબની તૈયારી કરવી પડશે.



## ★ મશહૂર અરબી મનકબત દર શાને બારહ ઇમામ ★

**લી ખમ-સતુન ઉત-ફી બિહા હર-રલ વબાઇલ હાતિમહ**
**અલ મુસ્તફા વલ મુર્તુઝા વબ-નાહુમા વલ ફાતિમહ**
ઇન નુફૂસે કુદસિયાસે હૈ વબાકા ખાતિમા
મુસ્તફા, મૌલા અલી, હસનો હુસૈન ઔર ફાતિમા

**મા-બઅ-દહુમ મિન-નસ-લિહિમ કદ-જા-અની મિન-કબ-લિહિમ**
**અલ આબિ-દુ વલ બાકિ-રુ વસ-સાદિ-કુ વલ કાઝિમહ**
જિનકી જાનિબસે, મિલી ઔલાદ ઉનકી, બાદમેં
આબિદો બાકિર વ જઅફર, મૂસા કાઝિમ પેશવા

**ષુમ-મર-રિઝા, ષુમમત-તકી, ષુમ-મન-નકી, ષુમ-અસ્કરી**
**ષુમ-મ'મ હદી' હાદી-અ-ન હદ-રત ઇમામિલ ખાતિમહ**
ફિર રિઝા, હઝરત તકી, હઝરત નકી ઔર અસ્કરી
હોંગે ઝાહિર, સબસે આખિર, મહદી : ખત્મુલ અત્કિયા

**✧ તર્જુમા : નિઝામ કુરૈશી "અશરફ" અહમદાબાદી**

ન હર ઇમામકી ચાહત બનાતી હૈ શીઆ
ન અહલે બૈતકી ઉલ્ફત બનાતી હૈ શીઆ
સહાબિયોંકી મુહબ્બત, સભીપે વાજિબ હૈ
સહાબિયોંકી અદાવત, બનાતી હૈ શીઆ
**✧ અશરફ અહમદાબાદી**

જાનતે 'ફખ્ર'કો સબ, સુન્ની હૈ કાદરી હૈ
શીઆ નહીં હૈ લેકિન, હૈ મદ્હખ્વાં અલીકા
**✧ ફખ્ર કાદરી**

હુસ્નોં જમાલ દેખિયે બારહ ઇમામકા
હર એકમેં હૈ જલ્વા રસૂલે અનામકા
હકદાર હો મુનાફિકો ! દોઝખ કી આગકે
હક કુછ અદા કિયા નહીં બારહ ઇમામકા
**✧ એહસાન કાદરી**

## જુઓ કુર્આનની અંદર

- કુર્આન મજીદમાં ત્રીસ પારા છે.
- કુર્આન મજીદમાં સાત મંઝિલ છે.
- કુર્આન મજીદમાં ૧૧૪ (એક સો ચૌદ) સૂરા છે.
- કુર્આન મજીદમાં ૬,૬૬૬ (છ હજાર, છ સો, છાસઠ) આયત છે.
- કુર્આન મજીદમાં કુલ ૧૦,૧૫,૦૩૦ નુકતા છે.
- કુર્આન મજીદમાં કુલ ૯૩,૨૪૩ ઝબર છે.
- કુર્આન મજીદમાં કુલ ૩૯,૫૮૬ ઝેર છે.
- કુર્આન મજીદમાં કુલ ૪,૮૦૮ પેશ છે.
- કુર્આન મજીદમાં કુલ ૧૯,૨૫૩ તશદીદ છે.
- કુર્આન મજીદમાં કુલ ૩,૨૩,૬૭૧ અક્ષર ઉપયોગમાં લેવાયા છે.
- કુર્આન મજીદમાં કુલ ૧,૭૭૧ મદ છે.
- કુર્આન મજીદમાં કુલ ૭,૭૭૦ કલમા છે.
- કુર્આન મજીદમાં કુલ ૧,૦૦૦ રુકૂઅ છે.
- કુર્આન મજીદમાં ૧૧૫ વખત બિસ્મિલ્લાહ શબ્દ આવ્યો છે.
- કુર્આન મજીદમાં ૧૧૪ વખત બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ આવે છે.
- કુર્આન મજીદમાં કુલ ૫,૦૯૮ વક્ફ છે.
- કુર્આન મજીદમાં કુર્આન શબ્દ ૭૦ વખત આવે છે.
- કુર્આન મજીદમાં સૌથી મોટી સૂરા "બકરહ" છે.
- કુર્આન મજીદમાં સૌથી નાની સૂરા "કૌસર" છે.
- કુર્આન મજીદમાં સૌથી મોટી આયત સૂરે બકરહની ૨૮૨ મી આયત છે.
- કુર્આન મજીદની સૌથી નાની આયત સૂરે રહમાનની "મુદહામ્મતાન" છે.
- કુર્આન મજીદમાં સૌથી મોટો કલમો "ફઅસ્કયનાકુમૂહ" છે.

## મન્કબત દર શાને હઝરત મુહિબ્બે મિલ્લત સૈયદ દાદામિયાં બાપુ 'મુહિબ' કાદરી હૂદી હુસૈની (રૂપાલ)

રૌશન ખયાલવાલે, દાદામિયાં હુસૈની
નૂરો જમાલવાલે, દાદામિયાં હુસૈની
આલે અલી, મુસન્નિફ, આરિફ, ખતીબ, શાઇર
ઈબ્ને વલી, મુજાહિદ, હાદી, સખી, મુદબ્બિર

ઇલ્મી મશાલવાલે, દાદામિયાં હુસૈની
રૌશન ખયાલવાલે, દાદામિયાં હુસૈની
ફૈઝે ઇમામ બાકિર ઔર ફાતિમાકે ફરઝંદ
સુલતાન ઇબ્ને સુલતાન, આલે શહે સમરકંદ

જાહો જલાલવાલે દાદામિયાં હુસૈની
રૌશન ખયાલવાલે દાદામિયાં હુસૈની
મહમાં-નવાઝી કરના, હૈ ખાનદાની આદત
હોટોંપે હૈ તબસ્સુમ, અખ્લાકવાલી સીરત

જૂદો નવાલવાલે દાદામિયાં હુસૈની
રૌશન ખયાલવાલે દાદામિયાં હુસૈની
તૌહીદકા જો ઘર-ઘર, પૈગામ હૈ તુમ્હારા
એહસાન હૈ તુમ્હારા, ઇન્આમ હૈ તુમ્હારા

'ફખ્રે અયાલ' વાલે દાદામિયાં હુસૈની
રૌશન ખયાલવાલે દાદામિયાં હુસૈની
ઇશ્કે નબીકે હામિલ, હુબ્બે અલીમેં કામિલ
નૂન-ઐન-તે (نعت) કે કાસિદ, સે-નૂન-અલિફ (ثنا) કે આમિલ

હે-મીમ-દાલ (حمد) વાલે, દાદામિયાં હુસૈની
નૂરો જમાલવાલે, દાદામિયાં હુસૈની

*નિઝામ કુરૈશી અશરફ અહમદાબાદી*